# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 117 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 May 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૧૯ મે ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# હૈદરાબાદમાં ઈમારતમાં આગ: ૧૭નાં મોત




હૈદરાબાદ: હૈદરાબાદમાં ઐતિહાસિક ચાર મિનારની પાસે આવેલા ગુલઝાર હાઉસસ્થિત એક ઈમારતમાં રવિવારે લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૭ જણનાં મોત થયાં હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ કહ્યું હતું.

મૃત્યુ પામનારાંઓમાં ચાર બાળકો હતા. તમામ ૧૭ જણને નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના કર્મચારીઓએ તમામને મૃત જાહેર કર્યા હતા.

પોલીસના જણાવ્યાનુસાર શૉર્ટ સરકિટને કારણે આ આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ઈમારતના રહેવાસીઓ માટે બચવા માટે સાંકડો દાદર જ એક માત્ર વિકલ્પ હતો. જોકે તેઓ ત્યાંથી પણ બચીને નહોતા નીકળી શક્યા.



**જીવલેણ આગ:** તેલંગણાના જૂના હૈદરાબાદ શહેરમાં આવેલા ગુલઝાર હાઉસ નજીકની ઈમારતમાં લાગેલી આગને બુઝાવવાની કામગીરી કરી રહેલા અગ્નિશમન દળના કર્મચારીઓ અને એ જોવા હાજર રહેલી મેદની. (એજન્સી)

ઈમારતના ગ્રાઉન્ડ ફ્લૉર પર સોનારની દુકાનો હતી અને તેની ઉપરના બે માળ પર લોકો રહેતા હતા એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે આગ લાગ્યા બાદ ધુમાડાને કારણે લોકોને ગૂંગળામણ થવા લાગી હતી.

ઘટનાસ્થળની મુલાકાત લેનાર તેલંગણા સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ અને ફાયર સર્વિસિસ ડિરેક્ટર જનરલ વાય. નાગી રેડ્ડીએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે વહેલી સવારે ૬:૦૦થી ૬:૧૫ દરમિયાન લાગ લાગી હતી.

અગ્નિશમન દળને ૬:૧૬ વાગ્યે ઘટનાની જાણ કરતો ફોન આવ્યો હતો અને ૬:૧૭ વાગ્યે અગ્નિશમન દળના બંબા ઘટનાસ્થળે જવા રવાના થઈ ગયા હતા.

દુકાન વિસ્તારમાં આવેલી મેઈન લાઈનમાં શૉર્ટ સરકિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક (જુઓ પાનું ૨) ▶▶

## કાન ફિલ્મ ફેસ્ટિવલના પાંચમા દિવસે 'મુંબઈ સમાચાર ૨૦૦ નોટ આઉટ'નું સ્ક્રીનિંગ કરાયું

પૅરિસ: અહીં યોજાયેલા 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'ના પાંચમા દિવસે એશિયાના સૌથી જૂનાં અને વિશ્વસનીય અખબાર 'મુંબઈ સમાચાર' પર બનાવાયેલી ડોક્યુમેન્ટરી 'મુંબઈ સમાચાર ૨૦૦ નોટ આઉટ'નું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું.

અહીંનાં બે મેગેઝિનમાં પણ મુંબઈ સમાચારની ડોક્યુમેન્ટરીનું 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં સ્ક્રીનિંગ કરાયું હોવાની નોંધ લેવામાં આવી હતી.

'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં એ જ દિવસે અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી'નું પણ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. બોમન ઈરાની પણ એ સમયે કાન ફેસ્ટિવલમાં હાજર હતા અને તેમણે મુંબઈ સમાચારને શુભેચ્છા આપી હતી.

બોમન ઈરાની માટે આ દિવસ એટલે પણ મહત્ત્વનો હતો કેમ કે તેમણે મુંબઈ સમાચારની ડોક્યુમેન્ટરીને વોઈસ ઑવર આપ્યો હોવા ઉપરાંત અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી'માં અભિનય પણ કર્યો છે. બોમન ઈરાની કદાચ એવા પહેલા કલાકાર હશે જેમની બે ફિલ્મનું એક જ દિવસે 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં સ્ક્રીનિંગ થયું હોય.



May 17, 2025

VARIETY

SALES: Intercinema
VENUE: Palais I
RUN TIME: 110 mins.

Next From Spain
COUNTRY: Spain
DIRECTOR: N/A
SALES: Icex — España Exportación E Inversiones / Trade Commission of Spain
VENUE: Riviera I
RUN TIME: 110 mins.

Mumbai Na Samachar, Chuhe Ka Postmortem, Ansuni Cheekhe, Rishta, Singh & Sinha
COUNTRY: India
DIRECTOR: Ajet Mahato Rajni Acharya, Mohan Das Partha Sarathi Mahanta, Asad Khan
SALES: Wings o Bollywood Entertainment
VENUE: Online #3
RUN TIME: 145 mins.
(ON INVITE OR REQUEST)

Pastoris
COUNTRY: Spain
DIRECTOR: Pablo Moreno
SALES: House of Film
VENUE: Palais #C Online
RUN TIME: 107 mins.
(ALL BADGES AND PRESS)

And Ship Sales on
COUNTRY: Russia
DIRECTOR: Belov Valery

12:30
Eddington
COUNTRY: U.S.
DIRECTOR: Ari Aster
SALES: A24 Films
VENUE: Agnès Varda
RUN TIME: 127 mins.

ઘણા બધા દેશના પેવેલિયન અહીં ઊભા કરવામાં આવ્યા છે. કાનમાં વિવિધ દેશની અનેક ફિલ્મો આવતી હોય છે.

અહીંની પ્રણાલી પ્રમાણે દરેકે પોતપોતાની ફિલ્મને જાતે પ્રમોટ કરવાની હોય છે. સ્ક્રીનિંગ જ્યારે ચાલતું હોય ત્યારે ફોટો લઈને તમારે જાતે જ પેવેલિયનની બહાર ઊભા રહેવાનું હોય છે જેથી લોકો ડોક્યુમેન્ટરી જોવા પેવેલિયનમાં આવે કે જઈ શકે.

તમારી ફિલ્મ-ડોક્યુમેન્ટરીને પ્રમોટ કરવા માટેનું આ એક સ્થળ-પ્લેટફૉર્મ છે. અહીં તમારે પોસ્ટર પણ જાતે જ લગાડવાના હોય છે, તમારી ફિલ્મ માટે લોકોને બોલાવીને જાતે જ સમજાવવાનું હોય છે. અહીં બધું તમારે જાતે જ કરવાનું હોય છે. કાન તમને માત્ર એક પ્લેટફૉર્મ પૂરું પાડે છે. ■

## પાકમાં લશ્કર-એ-તૈયબાના આતંકી રઝાઉલ્લાહ નિઝામનીની હત્યા

નવી દિલ્હી: લશ્કર-એ-તૈયબાના આતંકવાદી રઝાઉલ્લાહ નિઝામની ઉર્ફે અબુ સૈઉલ્લાહની રવિવારે પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં અજાણ્યા બંદૂકધારીઓએ હત્યા કરી દીધી હતી. રઝાઉલ્લાહ ૨૦૦૬માં આરએસએસ મુખ્યાલય પર થયેલા હુમલા પાછળનો મુખ્ય કાવતરાખોર હતો. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર નિઝામનીને પાકિસ્તાન સરકાર દ્વારા સુરક્ષા પ્રદાન કરવામાં આવી હતી. તે રવિવારે બપોરે સિંધના માતલી સ્થિત પોતાના નિવાસસ્થાનેથી નીકળ્યો હતો અને એક ક્રોસિંગ નજીક હુમલાખોરોએ તેને ગોળી ધરબી દીધી હતી. અત્રે નોંધનીય છે કે નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (જુઓ પાનું ૨) ▶▶

### ઑપરેશન સિંદૂર

## ભારતને પગલે પાકિસ્તાન પણ વિશ્વના વિવિધ દેશમાં પ્રતિનિધિમંડળ મોકલશે

ઈસ્લામાબાદ: પહલગામ આતંકવાદી હુમલાને પગલે હાથ ધરવામાં આવેલા 'ઑપરેશન સિંદૂર' બાદ આતંકવાદ વિરુદ્ધની લડતને વધુ દૃઢ બનાવવા અને પોતાનું વલણ સ્પષ્ટ કરવા ભારતે વિશ્વના વિવિધ દેશમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાનો નિર્ણય લીધાના ગણતરીના કલાકો બાદ પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે પણ આ મામલે પાકિસ્તાનનું વલણ સ્પષ્ટ કરવા વિશ્વના વિવિધ દેશમાં પ્રતિનિધિમંડળ મોકલવાની જાહેરાત કરી હતી.

વડા પ્રધાનના કાર્યાલયના જણાવ્યાનુસાર ભૂતપૂર્વ વિદેશ પ્રધાન અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના વડા બિલાવલ ભુત્તો ઝરદારી સાથે ટેલિફોન પર ચર્ચા કર્યા બાદ શેહબાઝ શરીફે શનિવારે આ નિર્ણય લીધો હતો.

ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિના સભ્યો સહિત ચાવીરૂપ ભાગીદાર દેશમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાની જાહેરાત કર્યાના ગણતરીના કલાકમાં જ પાકિસ્તાને આ નિર્ણય લીધો હતો. પહલગામ આતંકવાદી હુમલા અને ઑપરેશન સિંદૂર બાદ ભારતે આતંકવાદ પરત્વે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી હોવાનો સંદેશો વિશ્વભરના દેશોનો પહોંચાડવાનો નિર્ણય લીધો છે.

ભારતના પ્રચારને ઉઘાડો પાડવા વડા (જુઓ પાનું ૨) ▶▶




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસે થરૂર સામેનો અણગમો છોડી દેવો જોઈએ

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે ‘ઓપરેશન સિંદૂર’ અને પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામે ભારતના વલણને દુનિયાના દેશો સામે મૂકવા માટે સર્વપક્ષીય સાંસદોનાં સાત ડેલિગેશનની રચના કરી છે. સંસદીય બાબતોના મંત્રાલયે ૭ ડેલિગેશનનું નેતૃત્વ કરનારા સાત સાંસદોનાં નામ જાહેર કર્યાં છે. કૉંગ્રેસ તરફથી શશી થરૂર, ભાજપ તરફથી રવિશંકર પ્રસાદ અને બૈજયંત પાંડા, જેડીયુ તરફથી સંજય કુમાર ઝા, ડીએમકેમાંથી કનિમોઝી કરુણાનિધિ, શરદ પવારની એનસીપીમાંથી સુપ્રિયા સુળે અને શિવસેના (શિંદે જૂથ)ના શ્રીકાંત એકનાથ શિંદે એમ સાત સાંસદોને ડેલિગેશનનું નેતૃત્વ સોંપાયું છે.

આ ડેલિગેશનમાંથી એક ડેલિગેશનનું નેતૃત્વ કેરળના કૉંગ્રેસના સાંસદ શશી થરૂરને સોંપાયું તેમાં કૉંગ્રેસે નારાજગી વ્યક્ત કરી છે. કૉંગ્રેસનું કહેવું છે કે, કૉંગ્રેસ શશી થરૂરનું નામ આપ્યું જ નહોતું છતાં મોદી સરકારે કૉંગ્રેસમાંથી બીજા બધાંને કોરાણે મૂકીને થરૂરની પસંદગી કરી છે. કૉંગ્રેસનું એવું પણ કહેવું છે કે, સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે વાત કરી ત્યારે વિદેશ મોકલવા માટેના ડેલિગેશનનું નેતૃત્વ કરવા માટે ચાર સાંસદનાં નામ માગ્યાં હતાં. કૉંગ્રેસે આનંદ શર્મા, ગૌરવ ગોગોઈ, ડો. સૈયદ નસીર હુસૈન અને રાજા બરારનાં નામ આપ્યાં હતાં પણ સરકારે તેના બદલે થરૂરની પસંદગી કરી નાંખી છે.

કૉંગ્રેસની લાગણી સમજી શકાય એવી છે કેમ કે ખડગે અને રાહુલ ગાંધી સાથે વાત કરીને નામ માગ્યા પછી કૉંગ્રેસે આપેલાં ચાર નામમાંથી કોઈ એક નામની પસંદગી કરાઈ હોત તો કૉંગ્રેસના નેતાઓનું ગૌરવ પણ જળવાયું હોત. સરકાર એ ગૌરવ જાળવવાનું ચૂકી ગઈ એ સ્વીકારવું પડે પણ સામે શશી થરૂરની પસંદગી અયોગ્ય છે એવું કોઈ કહી શકે તેમ નથી. શશી થરૂર કૉંગ્રેસના જ નહીં પણ દેશના સૌથી અભ્યાસુ સાંસદોમાંથી એક છે. વિદેશ સેવામાં કામ કરી ચૂકેલા થરૂર યુનાઈટેડ નેશન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે કામ કરી ચૂક્યા છે અને એક વાર તો ભારતે યુનાઈટેડ નેશન્સના સેક્રેટરી જનરલની ચૂંટણીમાં ભારતના સત્તાવાર ઉમેદવાર તરીકે થરૂરને ઉતારવાનો નિર્ણય લીધો હતો. થરૂર એ રીતે શ્રેષ્ઠ પસંદગી છે તેમાં બેમત નથી.

થરૂરની પસંદગી સામે કૉંગ્રેસને કેમ વાંધો છે એ પણ જગજાહેર છે. સોનિયા ગાંધીને પત્ર લખીને તેમના નેતૃત્વ સામે સવાલ ઉઠાવનારા નેતાઓમાંથી એક થરૂર હતા. થરૂર ત્યારથી કૉંગ્રેસ હાઈકમાન્ડ એટલે કે નહેરૂ-ગાંધી ખાનદાનની ગુડ બુકમાંથી નિકળી ગયા છે. બાકી હતું તે થરૂરે કૉંગ્રેસના પ્રમુખપદની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. નહેરુ-ગાંધી ખાનદાન મલ્લિકાર્જુન ખડગેને સર્વસંમતિથી પ્રમુખ બનાવવા માગતો હતો પણ થરૂરે લોકશાહીને ખાતર ચૂંટણી લડી તેમાં એ સાવ અપ્રિય બની ગયા.

ખડગેએ પ્રમુખ બન્યા પછી નવી સ્ટિયરિંગ કમિટીમાં શશી થરૂર અને તેમના પ્રચારમાં સક્રિય ભાગ લેનારા નેતાઓને કોરાણે મૂકી દીધા હતા. ખડગેની નવી સ્ટિયરિંગ કમિટીમાં સંખ્યાબંધ એવા નામ હતાં કે જે પહેલાં કૉંગ્રેસ વર્કિંગ કમિટીમાં નહોતા. તેમના બદલે શશી થરૂર અને તેમની નજીકના કેટલાક નેતાઓને સ્થાન આપી શકાયું હોત. થરૂર ત્રણ ટર્મથી લોકસભાના સાંસદ હોવાથી સ્ટિયરિંગ કમિટીમાં સ્થાન મેળવવા માટે લાયક હતા પણ તેમને ગણકારાયા નહોતા. થરૂર આ અવગણનાને અવગણીને કૉંગ્રેસ માટે કામ કરતા રહ્યા છે પણ વચ્ચે વચ્ચે મોદીનાં વખાણ પણ કરી નાંખે છે તેથી વધારે ને વધારે અપ્રિય બનતા જાય છે. ઓપરેશન સિંદૂર વખતે પણ થરૂરે મોદીનાં ભરપૂર વખાણ કર્યાં એ કૉંગ્રેસના ઘણા નેતાઓને હજમ નહોતું થયું. થરૂર પાર્ટીની સત્તાવાર લાઈનથી અલગ વાજું વગાડે છે એવી ટીકા કરાઈ હતી. હવે ડેલિગેશનના નેતૃત્વના મુદ્દે કૉંગ્રેસે એ જ વલણ અપનાવ્યું છે. આ મુદ્દો દેશની એકતા અને સુરક્ષાને લગતો છે ત્યારે કૉંગ્રેસે મોટું મન રાખવું જોઈએ. આખો દેશ એક થઈને પાકિસ્તાનના આતંકવાદ સામે લડવાની વાતો કરી રહ્યો છે ત્યારે કૉંગ્રેસ આંતરિક જૂથબંધીથી ઉપર ઊઠીને એક નથી થઈ શકતી એ ખરાબ કહેવાય. કૉંગ્રેસની નેતાગીરીએ વધારે પરિપક્વતા બતાવવાની જરૂર છે.

તમામ પક્ષોએ સરકારની પહેલને આવકારી છે પણ મોદી સરકાર ડેલિગેશનના નેતા તરીકે વધારે સક્ષમ સાંસદોને પસંદ કરી શકી હોત. શશી થરૂર, સંજય કુમાર ઝા અને રવિશંકર પ્રસાદ મજબૂત રીતે ભારતની વાત દુનિયા સામે મૂકી શકે એવા સાંસદો છે તેમાં બેમત નથી પણ બૈજ્યંત પાંડા, સુપ્રિયા સુળે, શ્રીકાંત એકનાથ શિંદે, કનિમોઝી કરુણાનિધીને આ વાત લાગુ પડતી નથી. તેમના બદલે વિપક્ષોમાંથી જ બીજા કોઈ મજબૂત સાંસદોને ડેલિગેશનનું નેતૃત્વ સોંપવાની જરૂર હતી. તૃણમૂલ કૉંગ્રેસમાંથી ડેરેક ઓબ્રાયન, ભાજપમાંથી જ તેજસ્વી સૂર્યા, એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસી જેવા સાંસદોની પસંદગી કરાઈ હોત તો ડેલિગેશન્સ મજબૂત બન્યાં હોત. વિપક્ષમાં અને ભાજપમાં પણ બીજા ઘણા સારા અને અભ્યાસુ લોકો છે તેમને પસંદ કરી શકાયા હોત.

ઓવૈસીએ પહલગામ હુમલા પછી પાકિસ્તાન સામે લીધેલા આક્રમક વલણને જોતાં ઓવૈસી સારો વિકલ્પ ચોક્કસ છે. ઓવૈસીની પસંદગીથી એક પંથ બે કાજ સર્યાં હોત. ઓવૈસી પોતે બંધારણની સમજ ધરાવતા જાણકાર વકીલ છે અને મુસ્લિમ પણ છે. એક મુસ્લિમ સાંસદ વૈશ્વિક સ્તરે ભારતનો પક્ષ રજૂ કરનારા ડેલિગેશનનું નેતૃત્વ કરે અને પાકિસ્તાનની અસલિયત લોકો સામે છતી કરે તેના કારણે ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ થાય છે એવો કુપ્રચાર થાય છે તેનો પણ જડબાતોડ જવાબ મળી જાય.

ઓવૈસીને ડેલિગેશનમાં વિદેશ મોકલાશે એવા અહેવાલ છે પણ સરકારે સત્તાવાર રીતે આ વાતને સમર્થન નથી આપ્યું. અલગ અલગ ડેલિગેશનમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, ઓડિશાનાં ભાજપ સાંસદ અપરાજિતા સારંગીનાં નામ નક્કી છે જ્યારે અન્ય પક્ષોના જે સાંસદોનાં નામો પર વિચારણા ચાલી રહી છે તેમાં ટીએમસીના સુદીપ બંદોપાધ્યાય, બીજેડીના સસ્મિત પાત્રા, સીપીઆઈ-એમના જોન બ્રિટાસ અને અસદુદ્દીન ઓવૈસીનાં નામ પણ સામેલ છે એવા મીડિયા રિપોર્ટ છે. ઓવૈસીની ડેલિગેશનના સભ્ય તરીકે પસંદગી થાય એ પણ ચાલે પણ ઓવૈસીને ડેલિગેશનના નેતા તરીકે પસંદ કરાયા હોત તો સારું હતું.

ખેર, આ બહુ મોટો મુદ્દો નથી. મોટી વાત એ છે કે, ભારત સરકારે એક નવી પહેલ કરી છે અને સાંસદોના નેતૃત્વમાં ડેલિગેશન્સને ભારતનો પક્ષ રજૂ કરવા અને પાકિસ્તાનની પોલ ખોલવા માટે વિદેશ મોકલાઈ રહ્યાં છે. તેના કારણે પાકિસ્તાન સુધરી જશે કે દુનિયાના દેશો પર તેનો કોઈ પ્રભાવ પડશે એવી બહુ આશા રાખવા જેવી નથી પણ ભારતમાં પાકિસ્તાન સામેની લડાઈના મુદ્દે આખો દેશ એક છે એવો મજબૂત મેસેજ ચોક્કસ જશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, સોમવાર, તા. ૧૯-૫-૨૦૨૫,
- વસુમડા પંચક, ઘનિષ્ઠા નવકારંભ
- ભારતીય દિનાંક ૨૯, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૧૯-૨૯ સુધી, પછી ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ ● ભરતીઃ સાંજે ક. ૧૬-૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૯. (તા. ૨૦) ● ઓટઃ સવારે ક. ૦૯-૨૨, રાત્રે ક. ૨૩-૦૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - ષષ્ઠી. સપ્તમી ક્ષય તિથિ છે, ભદ્રા સાંજે ક. ૦૬-૧૧ થી સાંજે ક. ૧૮-૦૫. વસુમડા પંચક, ઘનિષ્ઠા નવકારંભ રાત્રે ક. ૧૯-૨૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પરિવાર પૂજા, ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, વિશેષરૂપે, ભગવાન સૂર્યનારાયણનું પૂજન વિશેષરૂપે, પંચતત્ત્વનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, આંકડાના વૃક્ષનું પૂજન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, નિત્ય થતાં દુકાન, વેપારના કામકાજ, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, વિઠ્ઠલ-રુક્મિણી મંદિર દર્શન. આજથી પ્રારંભ થઈ ઘનિષ્ઠા નવકારંભ તા. ૨૭મેએ સમાપ્ત થાય છે. આ સમયમાં નવા ફર્નિચર બનાવવાનો, જિર્ણોદ્ધાર, પેઈન્ટિંગનો પ્રારંભ કરવો નહિ. બળતણનો સંગ્રહ કરવો નહિ.
- આચમનઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ ખટપટ કરવાનો સ્વભાવ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## અમેરિકાના ન્યૂ યોર્કના બ્રુકલિન બ્રિજ સાથે ટકરાયું મેક્સિકન નેવીનું જહાજઃ બેનાં મોત

ન્યૂ યોર્કઃ અમેરિકાના ન્યૂયોર્ક શહેરના ઐતિહાસિક બ્રુકલિન બ્રિજ સાથે મેક્સિકન નેવીનું જહાજ ટકરાયું હતું. જેમાં બે લોકોના મોત થયા હતા. અમેરિકાના ન્યૂ યોર્ક શહેરના મેયર એરિક એડમ્સે જણાવ્યું હતું કે અકસ્માતમાં ૧૪૨ વર્ષ જૂના પુલને મોટું નુકસાન થયું નથી, પરંતુ જહાજમાં સવાર ઓછામાં ઓછા ૧૯ મુસાફરોને તબીબી સહાયની જરૂર હતી. એડમ્સે જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ થયેલા ચાર લોકોમાંથી બે લોકોના બાદમાં મોત થયા હતા. તેમણે કહ્યું કે અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

ઘણા પ્રત્યક્ષદર્શીઓ દ્વારા બનાવેલા વીડિયોમાં ‘ક્વાઉટેમોક’ નામનું જહાજ ‘ઇસ્ટ રિવર’માં બ્રુકલિન બ્રિજ તરફ ઝડપથી આગળ વધતું જોઈ શકાય છે. વીડિયોમાં પુલના મુખ્ય ભાગ સાથે અથડાયા બાદ જહાજના ત્રણ માસ્ટ (સ્તંભ) એક પછી એક તૂટતા જોવા મળે છે. રાત્રે ૮:૨૦ વાગ્યે જહાજ પુલ સાથે અથડાયું હોવાનું વીડિયોમાં જોઇ શકાય છે. આ જહાજ પર લીલો, સફેદ અને લાલ રંગનો વિશાળ મેક્સિકન ધ્વજ લહેરાતો હતો અને તેમાં ૨૭૭ લોકો સવાર હતા.

મેક્સિકન નૌકાદળે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે બ્રુકલિન બ્રિજ સાથે ટકરાયા બાદ એકેડેમી તાલીમ જહાજ ’ક્વાઉટેમોક’ને નુકસાન થયું હતું અને તે તેની સફર ચાલુ રાખી શક્યું નહીં. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે નૌકાદળ અને સ્થાનિક અધિકારીઓ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે.

બ્રુકલિન બ્રિજનું ઉદ્ઘાટન ૧૮૮૩માં થયું હતું. તેનો મુખ્ય ભાગ આશરે ૧૬૦૦ ફૂટ (૪૯૦ મીટર) લાંબો છે. શહેરના પરિવહન વિભાગના જણાવ્યા અનુસાર, દરરોજ ૧૦૦,૦૦૦થી વધુ વાહનો અને અંદાજે ૩૨,૦૦૦ રાહદારીઓ પુલ પરથી પસાર થાય છે.

મેક્સિકન નૌકાદળના જણાવ્યા અનુસાર, આશરે ૨૯૭ ફૂટ લાંબુ અને ૪૦ ફૂટ પહોળું ‘ક્વાઉટેમોક’ જહાજ ૧૯૮૨માં પહેલી વાર દરિયામાં ઊતર્યું હતું. દર વર્ષે ‘ક્વાઉટેમોક’ નેવી મિલિટરી સ્કૂલમાં વર્ગોના અંતે કેડેટ્સની તાલીમ પૂર્ણ કરવા માટે સફર કરે છે.

## ગાઝામાં ઈઝરાયલી હવાઈ હુમલામાં ૧૦૩નાં મોત

દેર-અલ-બલાહઃ ગાઝા પટ્ટીમાં ઇઝરાયલે ભારે તબાહી મચાવી છે. ગાઝામાં શનિવાર રાતથી રવિવાર સુધીમાં ઇઝરાયલી હવાઇ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૩ લોકોનાં મોત થયાં હતાં. આ માહિતી હૉસ્પિટલો અને તબીબોએ આપી હતી.

નાસેર હૉસ્પિટલના જણાવ્યા અનુસાર દક્ષિણ શહેર ખાન યુનિસ અને તેની આસપાસના વિસ્તારોમાં હવાઇ હુમલામાં ૪૮થી વધુ લોકોના મોત થયા હતા. મૃતકોમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો હતા. ગાઝા આરોગ્ય મંત્રાલયની ઇમરજન્સી સેવાઓ અનુસાર ઉત્તર ગાઝામાં જબાલિયા શરણાર્થી શિબિરમાં એક ઘર પર થયેલા હુમલામાં એક પરિવારના નવ સભ્યોનાં મોત થયા હતા. હમાસ સંચાલિત સરકાર હેઠળ કામ કરતાં સિવિલ ડિફેન્સના જણાવ્યા અનુસાર જબાલિયામાં એક પરિવારના ઘર પર થયેલા અન્ય એક હુમલામાં સાત બાળક અને એક મહિલા સહિત ૧૦ લોકોનાં મૃત્યુ થયા હતા. ઇઝરાયલી સેનાએ રાતભર થયેલા હુમલાઓ અંગે તાત્કાલિક કોઇ ટિપ્પણી કરી નથી. આ હત્યાકાંડ એવા સમયે થયો છે જ્યારે ઇઝરાયલે ગાઝામાં ‘ગિડીઓનના રથો’ નામના એક નવા હુમલા સાથે યુદ્ધ વધુ તીવ્ર બનાવ્યું છે જે અંતર્ગત ઇઝરાયલનું કહેવું છે કે તે આ પ્રદેશ પર કબજો કરવા, ગાઝાની દક્ષિણમાં લાખો પેલેસ્ટિનિયનોને વિસ્થાપિત કરવા અને સહાયના વિતરણ પર વધુ નિયંત્રણ મેળવવા માગે છે. ઇઝરાયલ તેના ઓપરેશનમાં નાગરિકોના મૃત્યુ માટે હમાસને દોષી ઠેરવી રહ્યું છે, કારણ કે આ આતંકવાદી જૂથ નાગરિક વિસ્તારોમાંથી કાર્ય કરે છે.

## બાંગ્લાદેશમાંથી આયાત પર પ્રતિબંધની બંગાળ પર થશે અસર, પરંતુ રાષ્ટ્રહિત સર્વોપરીઃ અધિકારી

કોલકાતાઃ કેન્દ્ર સરકાર તરફથી બાંગ્લાદેશમાંથી જમીન-બંદરો મારફતે કેટલીક વસ્તુઓ આયાત કરવા પર પ્રતિબંધ લગાવવાથી પશ્ચિમ બંગાળમાં રોજગાર અને પરિવહન આવકમાં અસર થશે, અધિકારીઓએ આ જાણકારી આપી હતી. અધિકારીઓએ છતાં સંભવિત આર્થિક પરિણામો કરતાં રાષ્ટ્રીય હિત વધુ મહત્ત્વપૂર્ણ છે.

ગયા મહિને બાંગ્લાદેશ દ્વારા અમુક ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવેલા સમાન નિયંત્રણોના જવાબમાં કેન્દ્ર સરકારે શનિવારે તૈયાર વસ્ત્રો અને પ્રોસેસ્ડ ફૂડ વસ્તુઓ જેવી કેટલીક બાંગ્લાદેશી ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધો લાદ્યા હતા.

પેટ્રાપોલ ક્લિયરિંગ એજન્ટ્સ સ્ટાફ વેલ્ફેર એસોસિએશનના સભ્ય કાર્તિક ચક્રવર્તીએ જણાવ્યું હતું કે ‘‘ભારતે ત્રીજા દેશમાંથી માલસામાન મોકલવા પર પ્રતિબંધ મૂક્યો તે પછી પણ દરરોજ લગભગ ૨૦-૩૦ ટ્રકો તૈયાર કપડાં લઇને આવે છે. તાજેતરના આદેશથી જમીન બંદરો દ્વારા આવી અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ જશે. જ્યારે ટ્રાન્સશિપમેન્ટને મંજૂરી આપવામાં આવી હતી ત્યારે ૬૦-૮૦ ટ્રક ભરેલા કપડાં ભારતમાં પ્રવેશી રહ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે, બંદર પ્રતિબંધના આદેશથી સરહદી લોજિસ્ટિક્સ હબ પર ટ્રકચાલકો અને કામદારો પ્રભાવિત થશે.

નામ ન આપવાની શરતે એક બિઝનેસ નિષ્ણાતે જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાંથી તૈયાર વસ્ત્રો ઘણીવાર ઓછી કિંમતે આધુનિક ભારતીય રિટેલ ચેઇનમાં પ્રવેશ કરે છે અને આ ઉત્પાદનો અસરકારક રીતે ‘‘બાંગ્લાદેશી નિકાસકારો દ્વારા બજારમાં ડમ્પ કરવામાં આવે છે‘‘ તેમણે કહ્યું હતું કે કેન્દ્રનું પગલું વ્યૂહાત્મક હોઈ શકે છે, સંભવતઃ રાષ્ટ્રીય હિત અને તાજેતરના ભૂ-રાજકીય વિકાસ સાથે જોડાયેલું હોઈ શકે છે, જેમાં ઢાકાના ઇસ્લામાબાદ સાથેના સંબંધોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય હિત સંભવિત આર્થિક પરિણામો કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.

કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, આ નોટિફિકેશનમાં ‘‘બાંગ્લાદેશથી ભારતમાં રેડિમેડ ગારમેન્ટ્સ, પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો વગેરે જેવી ચોક્કસ ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.’’ આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશથી રેડિમેડ્સ ગારમેન્ટ્સની આયાત કોઈપણ જમીન બંદરથી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો કે, તે ફક્ત ન્હાવા શેવા અને કોલકાતા દરિયાઈ બંદરો દ્વારા જ મંજૂરી આપવામાં આવશે. જેના પર પ્રતિબંધ લગાવાયો છે તેમાં રેડિમેડ ગાર્મેન્ટ્સ, વૂડન ફર્નિચર, પ્લાસ્ટિક અને પીવીસી ફિનિશ્ડ ગુડ્ઝ, ફ્રૂટ અને કાર્બોનેટેડ ડ્રિંક્સ, બેકડ ગુડ્ઝ, સ્નેક્સ, ચિપ્સ અને કન્ફેક્શનરી આઇટમ્સ અને સુતરાઉ યાર્ન વગેરેનો સમાવેશ થાય છે.

## અમેરિકાના કેલિફોર્નિયામાં ફર્ટિલિટી ક્લિનિક બહાર વિસ્ફોટઃ એકનું મોત

પામ સ્પ્રિંગ્સ (અમેરિકા): અમેરિકાના કેલિફોર્નિયામાં એક ફર્ટિલિટી ક્લિનિકની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયું છે. ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (એફબીઆઇ) એ તેને આતંકવાદી હુમલો ગણાવ્યો હતો. પામ સ્પ્રિંગ્સના ડાઉનટાઉનમાં વિસ્ફોટ થયો હતો, જેનાથી ક્લિનિકને ભારે નુકસાન થયું હતું અને આસપાસની ઇમારતોની બારીઓ અને દરવાજા ઉડી ગયા હતા. શહેરના પોલીસ વડાએ કહ્યું કે આ એક જાણી જોઈને કરાયેલું કૃત્ય હોય તેવું લાગે છે. એફબીઆઈના લોસ એન્જલસ ઓફિસના વડા અકિલ ડેવિસે જણાવ્યું હતું કે ક્લિનિકને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યું હતું. જોકે, તેમણે એ સમજાવવાનો ઇનકાર કર્યો હતો કે અધિકારીઓએ આ આતંકવાદી હુમલો હોવાનું તારણ કેવી રીતે કાઢ્યું હતું. વિસ્ફોટમાં જીવ ગુમાવનાર વ્યક્તિની ઓળખ હજુ સુધી પુષ્ટિ થઈ નથી. વિસ્ફોટમાં ચાર લોકો ઘાયલ થયા હતા.

ડેવિસે એ જાણકારી આપી નહોતી કે મૃતક જ શંકાસ્પદ વ્યક્તિ છે કે નહીં. પરંતુ તેમણે કહ્યું કે અન્ય કોઈ શંકાસ્પદ લોકોની શોધ ચાલી રહી નથી. ડેવિસે જણાવ્યું હતું કે વિસ્ફોટમાં ચાર લોકો ઘાયલ થયા છે. આ ઘટનાથી પરિચિત બે કાયદા અમલીકરણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનાની તપાસ સંભવિત કાર વિસ્ફોટના રૂપમાં કરવામાં આવી રહી છે.

એક અધિકારીએ ધ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે તપાસકર્તાઓનું માનવું છે કે મૃતક વ્યક્તિએ જ વિસ્ફોટ કર્યો હતો, પરંતુ ઉમેર્યું હતું કે તપાસ હજુ તેના પ્રારંભિક તબક્કામાં છે. પામ સ્પ્રિંગ્સ પોલીસ વડા એન્ડી મિલ્સે તેને ‘‘જાણી જોઇને કરવામાં આવેલી હિંસા’’ ગણાવી હતી. પામ સ્પ્રિંગ્સ શહેર અનુસાર, વિસ્ફોટ સવારે ૧૧ વાગ્યાની આસપાસ નોર્થ ઇન્ડિયન કેનિયન ડ્રાઇવ નજીક થયો હતો અને લોકોને આ વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી. ‘અમેરિકન રિપ્રોડક્ટિવ સેન્ટર્સ’ ક્લિનિક ચલાવતા ડૉ. માહેર અબ્દુલ્લાહે પુષ્ટી કરી હતી કે તેમની ક્લિનિકને નુકસાન થયું છે. તેમણે કહ્યું કે બધા કર્મચારીઓ સુરક્ષિત છે અને આઇવીએફ લેબ અને ભ્રૂણ પણ સુરક્ષિત છે.

## ત્રીજા તબક્કાના દબાણની સમસ્યાને કારણે અર્થ ઓબ્ઝર્વેશન મિશન પૂર્ણ થઈ શક્યું નહીંઃ ઈસરો ચીફ

શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ): ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) રવિવારે ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (પીએસએલવી)-સી૬૧ રોકેટના ત્રીજા તબક્કામાં દબાણ સંબંધિત સમસ્યાને કારણે અર્થ ઓબ્ઝર્વેશન ઉપગ્રહનું પ્રક્ષેપણ કરી શક્યું નહીં. સ્પેસ એજન્સીના ચેરમેન વી નારાયણને આ માહિતી આપી હતી. આ અવકાશ એજન્સી ઇસરોનું ૧૦૧મું મિશન હતું.

પીએસએલવીએ સવારે ૫:૫૯ વાગ્યે નિર્ધારિત સમયે ઉડાન ભરી હતી, પરંતુ મિશનના ઉદ્દેશ્યો પ્રાપ્ત થઈ શક્યા ન હતા. નારાયણને કહ્યું હતું કે, ‘‘આજે અમે શ્રીહરિકોટાથી ‘પીએસએલવીસી ૬૧ ઇઓએસ-૦૯ મિશન’ હેઠળ ૧૦૧મા પ્રક્ષેપણને લક્ષ્ય બનાવી રહ્યા હતા. પીએસએલવી ચાર તબક્કા ધરાવતું વાહન છે અને બીજા તબક્કા સુધી તેનું પ્રદર્શન સામાન્ય હતું. ત્રીજા તબક્કાની મોટર યોગ્ય રીતે શરૂ થઈ ગઈ હતી, પરંતુ આ તબક્કાના સંચાલન દરમિયાન મિશન પૂર્ણ થઈ શક્યું નહીં.’’ ત્રીજો તબક્કો એક મજબૂત મોટર સિસ્ટમ છે. નારાયણને કહ્યું હતું કે, ‘‘...મોટર કેસમાં ચેમ્બર પ્રેશરમાં ઘટાડો થયો હતો અને મિશન પૂર્ણ થઈ શક્યું નહીં. અમે સમગ્ર કામગીરીની સમીક્ષા કરી રહ્યા છીએ અને ટૂંક સમયમાં વધુ માહિતી પ્રદાન કરીશું.’’

પીએસએલવી તેના ૬૩મા મિશનના ભાગ રૂપે અર્થ ઓબ્ઝર્વેશન ઉપગ્રહ (ઇઓએસ-૦૯) વહન કરવાનું હતું. અર્થ ઓબ્ઝર્વેશન ઉપગ્રહ-૦૯ એ વર્ષ ૨૦૨૨માં લોન્ચ કરાયેલ ઇઓએસ-૦૪ જેવો જ ઉપગ્રહ છે.

‘સી-બેન્ડ સિન્થેટિક અપર્ટચર રડાર’થી સજજ ઇઓએસ-૦૯ દરેક સમયે અને કોઈપણ હવામાન પરિસ્થિતિઓમાં પૃથ્વીની સપાટીની ‘હાઇ-રીઝોલ્યુશન’ તસવીરો ક્લિક કરવામાં સક્ષમ છે. આ ઉપગ્રહ કૃષિ અને વનીકરણ દેખરેખથી લઈને આપત્તિ વ્યવસ્થાપન, શહેરી આયોજન અને રાષ્ટ્રીય સુરક્ષા સુધીના કાર્યક્રમો માટે મહત્ત્વપૂર્ણ છે.

## હરિયાણામાં યુવકની ધરપકડ

ગુરુગ્રામઃ હરિયાણાના નૂહ જિલ્લામાં પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર એક ૨૬ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી પોલીસ અધિકારીએ આપી હતી.

નૂહ પોલીસના જણાવ્યા અનુસાર આરોપી અરમાનની દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઇ કમિશનમાં તૈનાત એક કર્મચારીના માધ્યમથી ભારતીય સેના અને અન્ય લશ્કરી પ્રવૃત્તિઓ સાથે સંબંધિત માહિતી પાકિસ્તાનને આપવાના આરોપમાં શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. સ્થાનિક કોર્ટે અરમાનને છ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધો છે. પોલીસે જણાવ્યું કે કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસેથી માહિતી મળ્યા બાદ અરમાનની ધરપકડ કરવામાં આવી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### હૈદરાબાદમાં

તપાસમાં જણાઈ આવ્યું હતું.

આગ લાગી તે સમયે ઈમારતમાં કુલ ૨૧ જણ હતા જેમાંથી ૧૭ જણને બેભાન અવસ્થામાં અગ્નિશમન દળે નજીકની હૉસ્પિટલમાં ખસેડ્યા હતા.

ઈમારતમાંથી બહાર નીકળવાનો એક જ માર્ગ હતો. એક સાંકડો દાદર હતો જ્યાંથી રહેવાસીઓ માટે સુરક્ષિત રીતે બહાર નીકળવાનું મુશ્કેલ બન્યું હતું. તેલંગણા ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યાનુસાર ગ્રાઉન્ડ ફ્લૉરમાં આગ ફાટી નીકળી હતી અને તે ખૂબ જ ઝડપથી પહેલા અને બીજા માળે પ્રસરી ગઈ હતી.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી અને ઈજાગ્રસ્તો વહેલા સાજા થઈ જાય તેવી પ્રાર્થના કરી પ્રત્યેક મૃતકના પરિવારને બે લાખ રૂપિયાની અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાયની જાહેરાત કરી હતી.

મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાન એ રેવન્ત રેડ્ડીએ પણ ઘટના અંગે ખેદ વ્યક્ત કર્યો હતો અને ઈમારતમાં ફસાયેલા લોકોને બચાવી લેવા શક્ય તમામ પગલાં લેવાનો વરિષ્ઠ અધિકારીઓને આદેશ આપ્યો હતો.

ઘટનાસ્થળની મુલાકાત લેનાર ટ્રાન્સપોર્ટ ઍન્ડ હૈદરાબાદ ડિસ્ટ્રીક્ટ ઈન્ચાર્જ મિનિસ્ટર પુનમ પ્રભાકરે કહ્યું હતું કે શૉર્ટ સરકિટને કારણે આગ લાગી હતી. ઘટનાને મામલે તપાસનો આદેશ આપવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઘટના પાછળ કોઈ કાવતરું હોવાનું નથી જણાઈ રહ્યું.

ઘટનાને મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

પારિવારિક સંબંધ ધરાવતા ચાર પરિવાર ઈમારતમાં રહેતા હતા અને તેમાંનાં અનેક વેકેશન માટે જ અહીં આવ્યા હતા.

કેન્દ્રીય પ્રધાન જી. કિસન રેડ્ડીએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે અગ્નિશમન દળના બંબા ઘટનાસ્થળે મોડેથી પહોંચ્યા હતા.

જોકે નાગી રેડ્ડીએ આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડી જરૂરી સારવાર આપવાના આદેશ આપી દેવામાં આવ્યા હોવાનું મુખ્ય પ્રધાનના કાર્યાલય દ્વારા સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

### લશ્કર-એ-તૈયબાના

(આરએસએસ)ના મુખ્યાલય પર હુમલાનું કાવતરું ઘડવા ઉપરાંત લશ્કરનો આ આતંકવાદી ૨૦૦૫માં બેંગલૂરુમાં ભારતીય વિજ્ઞાન સંસ્થાન પરના હુમલા અને ૨૦૦૧માં રામપુરમાં સીઆરપીએફ કેમ્પ પરના આતંકવાદી હુમલામાં પણ સામેલ હતો.

### ઑપરેશન સિંદૂર

પ્રધાન શેહબાઝ શરીફે વિશ્વના મહત્ત્વના દેશોમાં પ્રતિનિધિમંડળ મોકલવાનો નિર્ણય લીધો છે. બિલાવલ ભુત્તોને આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ તેમણે સોંપ્યું છે.

આ પ્રતિનિધિમંડળમાં બિલાવલ ઉપરાંત ઊર્જા પ્રધાન મૂસાડિક મલિક, પીએમએલ-એનના નેતા કુર્રમ દસ્તગીર ખાન, સાંસદ શેરી રહેમાન, ભૂતપૂર્વ વિદેશ પ્રધાન હિના રબ્બાની ખાર, મટાહિડા ક્વામી મુવમેન્ટ લૉમેકર ફૈઝલ સબ્ઝવારી, ભૂતપૂર્વ વિદેશ સચિવ તહેમિના જાન્જુઆ અને જલિલ અબ્બાસ જિલાનીનો સમાવેશ થાય છે.

પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા માટે પાકિસ્તાન નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરી રહ્યું હોવાની પણ પ્રતિનિધિમંડળ રજૂઆત કરશે.

નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડારે કહ્યું હતું કે પ્રતિનિધિમંડળ જલદી જ અમેરિકા, બ્રિટન, રશિયાની મુલાકાત લેશે અને ભારત સાથેના તાજેતરના સંઘર્ષને મામલે પાકિસ્તાનના વલણ પર પ્રકાશ પાડશે. (એજન્સી)

# મુંબઈથી ઓપ્થલ્મોલોજીના ઓસ્કાર સુધીઃ ચમક્યું ડૉક્ટર આઈ ઈન્સ્ટિટ્યૂટ

જેવી રીતે ફિલ્મફેર એવોર્ડ્સની ચમક ભારતીય સિનેમાને રોશન કરે છે અને ઓસ્કાર વિશ્વભરના હોલીવુડના ચાહકોને મોહિત કરે છે, તેમ સ્ટાર્સનો એક નવો સમૂહ ઉજવવામાં આવ્યો હતો – આ વખતે, શાબ્દિક અર્થમાં તેમના અસાધારણ દ્રષ્ટિકોણ માટે. સફેદ કોટ અને સર્જિકલ ચોકસાઇ વચ્ચે, **૪૦મી એશિયા-પેસિફિક એકેડેમી ઓફ ઓપ્થલ્મોલોજી (APAO) કોંગ્રેસમાં તેજસ્વિતાની વાર્તા પ્રગટ થઈ, જે નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઓપ્થલ્મોલોજીકલ સોસાયટી (AIOS)ના ૮૩મી વાર્ષિક પરિષદ સાથે સહ-આયોજિત હતી.** આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં ૩૮ દેશોના ૫૦૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સાથે ૧૨ હજારથી વધુ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. જ્યારે કલાકારોએ તેમના પ્રદર્શન માટે ગોલ્ડન ટ્રોફી જીતી હતી, ત્યારે મુંબઈની ડૉક્ટર આઈ ઇન્સ્ટિટ્યૂટ પ્રાઇવેટ લિમિટેડ ઓપ્થલ્મોલોજીની દુનિયામાં સૌથી પ્રતિષ્ઠિત સન્માન ઘરે લાવ્યું હતું.

કોન્ફરન્સનો મુખ્ય વિષય **"Oops Moments in Cataract Surgery: Handling Intraoperative Surprises"** નામનો એક શાનદાર રીતે રચાયેલ સર્જિકલ વીડિયો હતો જે પ્રખ્યાત એન્ટિરિયર સેગમેન્ટ આઈ (eye) સ્પેશિયાલિસ્ટ **ડૉ. કુમાર ડૉક્ટર** દ્વારા બનાવવામાં આવ્યો હતો અને ઇન્સ્ટિટ્યૂટ પ્રતિભાશાળી **ડૉ. શિવાની પટનાયક** દ્વારા સહ-લેખિત કરવામાં આવ્યો હતો. આ વીડિયો, જેમાં વાસ્તવિક જીવનના સર્જિકલ પડકારો અને મોતિયાની સર્જરીમાં અણધારી પરિસ્થિતિઓનું સંચાલન કેવી રીતે કરવું તે વિગતવાર વર્ણવવામાં આવ્યું હતું, તે ફક્ત શૈક્ષણિક જ નહોતું – તે રસપ્રદ, સમજદાર અને પોતાની ક્લિનિકલ રીતે નાટકીય પણ હતું.




એમણે એન્ટિરિયર સેગમેન્ટ કેટેગરીમાં શ્રેષ્ઠ વીડિયોનો એવોર્ડ જીત્યો, પરંતુ તાળીઓનો ગડગડાટ ત્યાં અટક્યો નહીં. આ વીડિયોએ AIOC-APAO 2025માં વીડિયો પ્રસ્તુતિઓ માટેનો સર્વોચ્ચ સન્માન, પ્રતિષ્ઠિત **C S રેશમી એવોર્ડ** જીત્યો. અજાણ્યા લોકો માટે, આ એવોર્ડ ફક્ત ઓસ્કારમાં "શ્રેષ્ઠ પિક્ચર" જીતવા સમાન છે, ટિકિટ વેચવાને બદલે દૃષ્ટિ બચાવે છે.

ડૉ. કુમાર ડૉક્ટરનો આ પુરસ્કાર ફક્ત વીડિઓ સુધી જ સમાપ્ત થયો નહીં. તેમને ક્ષેત્રમાં દાયકાઓથી ચાલતા તેમના યોગદાન, તેમના પ્રખર સંશોધન અને વૈજ્ઞાનિક પ્રગતિ પ્રત્યેના તેમના સમર્પણ માટે એચિવમેન્ટ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. AIOC APAO 2025 દરમિયાન રજૂ કરાયેલ આ પુરસ્કાર, ભારત અને વિદેશમાં આંખની સંભાળ સુધારવા માટેની તેમની અથાક પ્રતિબદ્ધતાને પ્રશંસા તરીકે સેવા આપે છે.

ડૉ. કુમાર, ડોકટરોની આંતરરાષ્ટ્રીય નેત્ર ચિકિત્સાના સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવાની પ્રતિબદ્ધતાને માન્યતા આપવામાં આવી જ્યારે તેમને **AIOC APAO 2025માં આંતરરાષ્ટ્રીય નેત્ર ચિકિત્સાના હીરો**થી સન્માનિત કરવામાં આવ્યા, જે સર્જિકલ નવીનતામાં શક્ય તેટલી સીમાઓને આગળ ધપાવનારા સ્વપ્નદ્રષ્ટાઓનું એક ઉચ્ચ જૂથ છે. તેમના પુરસ્કાર વિજેતા પેપર, **"The Third Hand: Modified Irrigation Tip for Bi-manual IA,"**ને બોસ્ટનમાં અમેરિકન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રીફ્રેક્ટિવ સર્જન્સ (ASCRS) 2024 ખાતે **સત્રના શ્રેષ્ઠ પેપર** તરીકે બિરદાવવામાં આવ્યું હતું, જેણે વૈશ્વિક મંચ પર તેમનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું હતું.




અમેરિકન સોસાયટી કોન્ફરન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ ઓલ ઈન્ડિયા ઓપ્થેલમિક સોસાયટી દ્વારા ૨૦૨૪માં સત્રનો બેસ્ટ પેપર જીતીને આંતરરાષ્ટ્રીય ઓપ્થેલમિક હીરો એવોર્ડ મેળવતા ડૉ. કુમાર ડૉક્ટર.







આ સફળતાની વાર્તાના કેન્દ્રમાં ડોક્ટર આઇ ઇન્સ્ટિટ્યૂટ પ્રાઇવેટ લિમિટેડ, મુંબઈ છે – એક એવું નામ જે 1964માં તેની સ્થાપના પછીથી વિશ્વાસ, નવીનતા અને શ્રેષ્ઠતા માટે ઊભું રહ્યું છે. ૬૦ વર્ષથી વધુ સેવા સાથે, સંસ્થા ભારતીય નેત્ર ચિકિત્સા ક્ષેત્રે એક માપદંડ બની ગઈ છે. નવીનતમ અને નવીન ટેકનોલોજી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતામાં રોબોટિક, બ્લેડલેસ મોતિયાની સર્જરીનો સમાવેશ થાય છે જે **ફેમ્ટો લેસર Z8 અને વેરિટાસ મશીન (મહારાષ્ટ્રમાં પ્રથમ), અદ્યતન LASIK સર્જરીઓ, અને વ્યાપક રેટિના, ગ્લુકોમા અને કોર્નિયલ સારવાર**નો ઉપયોગ કરીને ઓપરેશન કરે છે.

આ સંસ્થા NABH માન્યતા પ્રાપ્ત અને ISO 9001-2008 પ્રમાણિત છે, જે બાળરોગ આંખની સંભાળ, ઓક્યુલોપ્લાસ્ટી, ગ્લુકોમા અને રેટિના ડિસઓર્ડર જેવા ક્ષેત્રોમાં નિષ્ણાત ટોચના સ્તરના નેત્ર ચિકિત્સકોની બહુ-શાખાકીય ટીમ ઓફર કરે છે. ડૉક્ટર આઈ ખાતે, દરેક દર્દીને અત્યાધુનિક ટેક્નોલોજી અને વ્યક્તિગત સંભાળના સુમેળનો લાભ મળે છે.

**"અમે હંમેશાં આગળ રહેવામાં માનતા આવ્યા છીએ," ડૉ. કુમારે કહ્યું. "પરંતુ તે પુરસ્કારો વિશે નથી. તે કોઈને તેમની દૃષ્ટિ પાછી આપવાના, ઝાંખી આશાઓને સ્પષ્ટ સપનામાં ફેરવવાના આનંદ વિશે છે."**

"ઓપ્થલ્મોલોજીમાં સીમાઓ પાર" થીમ હેઠળ APAO 2025 શરૂ હતું ત્યારે "ડોક્ટર આઈ ઇન્સ્ટિટ્યૂટ ખરેખર તે ભાવના-ઓળંગતી સીમાઓ, જમીન તોડીને અને ભારતીય આંખની સંભાળમાં વૈશ્વિક ગૌરવ લાવે છે.

જ્યારે વૈશ્વિક ધ્યાન સિલ્વર સ્ક્રીન અને રેડ કાર્પેટના ગ્લેમર તરફ ખેંચાયું હતું, ત્યારે ઓપરેટિંગ રૂમમાં એક અલગ પ્રકારની શ્રેષ્ઠતા પ્રગટ થઈ રહી હતી – જ્યાં વર્ષોની તાલીમ અને તબીબી સૂઝ દ્વારા માર્ગદર્શન આપવામાં આવતા, સૂક્ષ્મદર્શક હાથોએ દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરવા અને જીવનને બદલવા માટે માઇક્રોસ્કોપ હેઠળ કામ કર્યું હતું.

**તમે લેસર કેટરેક્ટ સર્જરી માટે યોગ્ય છો કે નહીં તે જાણવા માટે, વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરો.**

**ડૉક્ટર આઈ ઈન્સ્ટિટ્યૂટ**
ઈ-મેઈલઃ drkumardrgmail.com
વેબસાઈટઃ www.dreyeins.com

કેન્દ્ર ૧: લેન્ડમાર્ક ૩૦૩, ૩જો માળ, ન્યૂ લિંક રોડ, સિટી મોલ સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૩.
કોલ કરોઃ 9930 309434 / 022 6170 6000

કેન્દ્ર ૨: સ્પેન્ટા મેન્શન, ૧લો માળ, અંધેરી સ્ટેશન સામે, એસ. વી. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮.
કોલ કરોઃ 9930 309457 / 9930 309458

## વધુ સ્પીડમાં બસ ચલાવવા બદલ એસટીને છ કરોડ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર આરટીઓ દ્વારા નિર્ધારિત ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિ મર્યાદા અને ઘાટ સેક્શનમાં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિ મર્યાદા કરતાં વધુ ગતિ ધરાવતી એસટી બસો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ નિયમ લાગુ થયા પછી, આરટીઓએ એસટી પાસેથી ૬ કરોડ રૂપિયાથી વધુનો દંડ વસૂલ્યો છે, જેમાંથી સૌથી વધુ ૮૦ લાખ રૂપિયાનો દંડ એસટીના થાણે વિભાગ દ્વારા ચૂકવવામાં આવ્યો છે. આ કેસોમાં દંડની રકમ ડ્રાઇવરના પગારમાંથી વસૂલવામાં આવે છે. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે એસટી બસોને ૮૦ કિમી/કલાકની ગતિ મર્યાદા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ■

## ભારતનું બંધારણ સર્વોપરી, આધારસ્તંભોએ સાથે મળીને કામ કરવું જોઈએઃ ચીફ જસ્ટિસ

મુંબઈઃ ભારતના નવા નિમાયેલા ચીફ જસ્ટિસ બી આર ગવઈએ રવિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યાયતંત્ર કે કારોબારી નહીં, પરંતુ ભારતનું બંધારણ સર્વોપરી છે અને તેના આધારસ્તંભોએ સાથે મળીને કામ કરવું જોઈએ.

આ અઠવાડિયાની શરૂઆતમાં ૫૨મા ચીફ જસ્ટિસ તરીકે શપથ લેનારા ન્યાયમૂર્તિ ગવઈએ મુંબઈમાં બાર કાઉન્સિલ મહારાષ્ટ્ર અને ગોવા દ્વારા આયોજિત તેમના સન્માન સમારોહ અને રાજ્યના વકીલોના સંમેલનમાં આ વાત કરી હતી.



**પુષ્પાંજલિઃ** ભારતના મુખ્ય ન્યાયાધિશ બી. આર. ગવઈએ મુંબઈ મુલાકાત દરમિયાન ચૈતન્યભૂમિ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. (અમય ખરાડે)

ચીફ જસ્ટિસે વધુમાં જણાવ્યું હતું કે 'દેશ માત્ર મજબૂત જ નથી થયો, પરંતુ સામાજિક અને આર્થિક મોરચા પર પણ આપણે વિકાસ કર્યો છે અને સતત કરી રહ્યો છે એનો મને આનંદ છે. ન તો ન્યાયતંત્ર કે ન તો કારોબારી અને સંસદ સર્વોપરી છે, પરંતુ તે ભારતનું બંધારણ જ સર્વોચ્ચ છે, અને ત્રણેય પાંખોએ બંધારણ મુજબ કામ કરવાનું રહેશે.'

કાર્યક્રમ દરમિયાન ન્યાયમૂર્તિ ગવઈ દ્વારા આપવામાં આવેલા ૫૦ નોંધપાત્ર ચુકાદાઓનું વર્ણન કરતા એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

## મુંબઈ એરપોર્ટ પર ૫.૧૦ કરોડ રૂપિયાનું સોનું પકડાયુંઃ બે જણની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટ (એઆઇયુ)ના અધિકારીઓએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ૫.૧૦ કરોડ રૂપિયાની કિંમતનું સોનું પકડી પાડીને બે જણની ધરપકડ કરી હતી. બંને જણે સોનું આંતરવસ્ત્ર અને જેકેટમાં છુપાવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પકડાયેલા બંને આરોપીની ઓળખ નીતિન દશરથ ઇંગળે અને હર્ષલ અનિલ ખરાત તરીકે થઇ હતી. ધરપકડ બાદ બંનેને સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેમને જ્યુડિશિયલ કસ્ટડી ફટકારાઇ હતી.

એઆઇયુના અધિકારીઓએ શનિવારે એરપોર્ટના ડિપાર્ચર એરિયામાં હર્ષલ ખરાતને શંકાને આધારે આંતર્યો હતો. લાઉન્જમાં કામ કરતા ખરાતની તલાશી લેવામાં આવતાં છ પાઉચ મળી આવ્યાં હતાં, જેમાં મીણમાં છુપાવેલું ૨.૪૮ કરોડનું હતું. તેને ટ્રાન્ઝિટના પ્રવાસી દ્વારા આ સોનું સોંપાયું હતું અને એરપોર્ટ બહાર અન્ય વ્યક્તિને પહોંચાડવાનું કહેવામાં આવ્યું હતું.

દરમિયાન એરપોર્ટ પર કોન્ટ્રાક્ટના ધોરણે કામ કરનારા નીતિન ઇંગળેને પણ શનિવારે ડિપાર્ચર એરિયા ખાતે સ્ટાફ એક્ઝિટ પોઇન્ટ નજીક આંતરવામાં આવ્યો હતો. તેની પાસેથી પણ પાઉચમાં છુપાવેલું ૨.૬૨ કરોડનું સોનું મળી આવ્યું હતું.

ઇંગળેને આ સોનું કોણે આપ્યું હતું અને તે કઇ વ્યક્તિ સુધી સોનું પહોંચાડવાનો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

## થાણેમાં ઝાડ તૂટી પડતાં બે જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વરસાદ તથા ભારે પવન ફૂંકાવાને કારણે ઠેર-ઠેર ઝાડ તૂટી પડવાની ફરિયાદો આવી રહી છે, તેમાં રવિવારે બપોરના થાણે (પશ્ચિમ)માં થાણે સ્ટેશન રોડ પર મરાઠી ગ્રંથ સંગ્રહાલય પાસે આવેલી પી.ડબ્લૂ.ડી. ઓફિસના પરિસરમાં એક મોટું ઝાડ તૂટી પડ્યું હતું, તેમાં બે લોકો જખમી થયા હતા.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ પી.ડબ્લૂ.ડી. ઓફિસની બાજુમાં જ મરાઠી ગંથ્ર સંગ્રહાલય આવેલું છે. રવિવારે બપોરના ૧૨.૩૫ વાગે ઝાડ બાજુમાં આવેલા સંગ્રહાલયની દિવાલ પર તૂટી પડયું હતું, તેને કારણે ત્યાં સંરક્ષણ દિવાલનું કામ કરી રહેલા બે મજૂરો જખમી થયા હતા. જખમીઓમાં ૪૮ વર્ષના સુનીલ ગૌડ અને ૩૫ વર્ષના દિલીપ ગુપ્તાનો સમાવેશ થાય છે. બંનેને સારવાર માટે કલવામાં આવેલી છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

## તેજસ્વી તારલાઓને અભિનંદન

### દસમા ધોરણના વિદ્યાર્થીઓ



સંઘવી દિયાન કેતન
૯૫.૪ ટકા



સાવલા યશસ્વી અતુલ
૮૫.૨૦ ટકા




શાહ મેહા બિજલ
૯૫ ટકા



શાહા યેશા દિપક
૭૬.૨૦ ટકા



શ્રુત અપૂર્વા શાહ
૯૨ ટકા



સિદ્ધ નિલેશ ફુરિયા
૯૧.૨૦ ટકા



સોગતી ભૂમિ ભાવિક
૯૦.૮૩ ટકા



સ્વરા પ્રતીક પટેલ
૮૧.૬૦ ટકા



યશ ચેતન મારૂ
૮૭ ટકા



સુમ્બદ પ્રિયાંશી મુકેશ
૯૦ ટકા

મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના ૮૦%થી વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ પોતાનો ફોટો અને માર્કશીટ 'મુંબઈ સમાચાર'ને મોકલી આપે.

વોટ્સએપ : 7045430579

ઈ-મેઈલ એડ્રેસ : resultonms@gmail.com

## ભિવંડીની રેસ્ટોરાંમાં સેક્સ રેકેટઃ ત્રણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં આવેલી રેસ્ટોરાંમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કરીને પોલીસે બે મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ સેલની ટીમે શુક્રવારે રાજનોલી ગામમાં આવેલી રેસ્ટોરાંમાં રેઇડ પાડી હતી અને બે મહિલા સહિત ત્રણને પકડી પાડ્યાં હતાં. રેઇડ દરમિયાન ત્યાંથી સગીરા સહિત ચારનો છુટકારો કરાવવામાં આવ્યો હતો, જેમને ત્યાર બાદ ઉલ્હાસનગર ખાતેના શાંતિવન મહિલા સુધારગૃહમાં મોકલી અપાયા હતા, એમ સિનિયર ઇન્સ્પેક્ટર ચેતના ચૌધરીએ જણાવ્યું હતું.■

## શિપિંગ કંપનીમાં નોકરીને બહાને લાખો રૂપિયાની ઠગાઇ

થાણેઃ શિપિંગ કંપનીઓમાં નોકરી અપાવવાને બહાને યુવાનો સાથે ૧૬.૮ લાખ રૂપિયાની ઠગાઇ આચરવા બદલ નવી મુંબઈની પ્લેસમેન્ટ એજન્સી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર એજન્સીએ યુવાનોને બનાવટી એમ્પ્લોયમેન્ટ એગ્રીમેન્ટ અને બોન્ડ પધરાવ્યા હતા. આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે પોલીસે ગુરુવારે ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. આરોપીઓએ છ જણને શિપિંગ કંપનીઓમાં નોકરી અપાવવાનું આશ્વાસન આપીને તેમની પાસેથી રૂપિયા લીધા હતા. (પીટીઆઇ) ■

## સરખી સગવડ ધરાવતી 'ઈ-બસમાં ભાડું કેમ ઓછુંવત્તુ'


### એસટીના મુસાફરો રોષે ભરાયા

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી) દ્વારા એકસમાન ઇલેક્ટ્રિક બસો માટે સરખી સુવિધા આપીને વધુ ભાડું વસુલ કરવામાં આવતા મુસાફરો રોષે ભરાયા છે. નિષ્ણાતો અને મુસાફરોએ ઇલેક્ટ્રિક શિવનેરી અને શિવાઇ બ્રાન્ડની બસના ભાડા ઓછા વત્તા રાખવા માટે રાજ્ય સંચાલિત કોર્પોરેશનની ટીકા કરી છે.

એમએસઆરટીસી, દેશની સૌથી મોટી સરકારી પરિવહન સંસ્થા છે. સંસ્થા અંદાજે ૧૫ હજાર બસના કાફલાનું સંચાલન કરે છે જેમાં નોન-એસી સર્વિસથી માંડીને પ્રીમિયમ એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક કોચનો સમાવેશ થાય છે.

આ વર્ષે જાન્યુઆરીમાં મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એસટીએ)એ એમએસઆરટીસી બસ ભાડામાં ૧૪.૯૫ ટકા વધારાને મંજૂરી આપી હતી. કોર્પોરેશન બ્લુ રંગની 'ઇ-શિવનેરી' બસો પર ૨૧.૨૫ રૂપિયા પ્રતિ ૬ કિમી અને સફેદ-લીલા 'ઇ-શિવાઇ' માટે ૧૫.૧૫ રૂપિયા ચાર્જ કરે છે. એમએસઆરટીસીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઇ-શિવનેરી કાફલો મુખ્યત્વે મુંબઇ-પુણે રૂટ પર કામ કરે છે, અને ઇ-શિવાઇ બસો થાણે-અલીબાગ, બીડ-પુણે અને નાસિક-છત્રપતિ સંભાજીનગર રૂટ પર દોડે છે. બંને ૧૨ મીટર લાંબી એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસો છે, જેમાં પુશ-બેક સીટ, ચાર્જિંગ પોઇન્ટ્સ અને રીડિંગ લેમ્પ્સ જેવી સુવિધા સરખી છે. (પીટીઆઈ)■

**૨૭મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. મોતીબેન છોટાલાલ પારેખ**
સ્વર્ગવાસઃ તા. ૧૯.૫.૧૯૯૮

મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ...
એથી મીઠી તે મોરી માત રે...
જનનીની જોડ બીજે નહિ જડે રે લોલ...

**પૂજ્ય બા,**

આપની વિદાયને આજે સત્તાવીસ વર્ષ પૂરા થાય છે, અમો સર્વે આપને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. જેમ ચંદન જાતે ઘસાઇને અન્યને સુગંધ અને શીતળતા બક્ષે છે તેમ આપે નાનપણથી છેક જીવનના અંત સુધી મહેનત કરી અમને સુખનાં સાગરમાં તરતા મૂકી ગયા. આપનો પ્રેમાળ સ્વભાવ, કુટુંબવાત્સલ્ય, સહનશીલતા અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે તેમજ આપના આર્શીવાદ હંમેશાં અમારી સાથે રહે એજ પ્રાર્થના.

લિ.
આપના પુત્રો, પુત્ર-વધૂઓ, પુત્રીઓ, જમાઇઓ, પૌત્રો, પૌત્રવધૂઓ, પૌત્રીઓ, પ્રપૌત્ર, પ્રપૌત્રી, સમસ્ત પારેખ પરીવાર
તેમજ
**સી. બી. પારેખ એન્ડ કં.**
મુંબઇ - ૪૦૦ ૦૦૨
ના સ્ટાફ સભ્યો

# તો નવી મુંબઇ ચૂંટણી એકલે હાથે લડીશું: શિવસેના

થાણે: થાણે શિવસેનાના સંસદસભ્ય નરેશ મ્હસ્કેએ કહ્યું છે કે જો સાથી પક્ષો અલગ થવાનું પસંદ કરશે તો તેમનો પક્ષ નવી મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી એકલા હાથે લડશે.

નવી મુંબઈ ભાજપનો ગઢ છે અને ભાજપ મહાયુતિ ગઠબંધનનો હિસ્સો છે. આ ગઠબંધનમાં શિવ સેના તેમજ અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનો પણ સમાવેશ થાય છે.

મુંબઈ અને થાણા સહિત મહારાષ્ટ્રના અનેક શહેરમાં પાલિકાની ચૂંટણીઓ ૨૦૨૨ના પ્રારંભથી યોજાવાની બાકી છે. જોકે, હજી સુધી મતદાનની કોઈ તારીખો જાહેર નથી કરવામાં આવી.

શનિવારે રાત્રે શિવ સેનાની એક સભાને સંબોધિત કરતા મ્હસ્કેએ કહ્યું હતું કે આ ચૂંટણી મહાયુતિના નેજા હેઠળ લડવામાં આવશે અને શિવસેનાનો ભગવો ધ્વજ નવી મુંબઈ મહાનગરપાલિકા પર ફરકશે. જો કોઈ પણ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેના-ભગવા ગઠબંધનમાં જોડાવા તૈયાર નહીં થાય, તો અમે બધા સ્વતંત્ર રીતે ધ્વજ ફરકાવવા તૈયાર છીએ.

ભાજપનું નામ લીધા વિના શિવસેના નેતાએ કહ્યું હતું કે સેના જોડાણમાં ચૂંટણી લડવા માટે પ્રતિબદ્ધ છે, પણ જો તમે સ્વતંત્ર ચૂંટણી લડવાનું પસંદ કરશો તો મારા નગરસેવકો તમારું કહ્યું માનશે એવું ધારી નહીં લેતા.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૧૫ મેએ કહ્યું હતું કે મહાયુતિ જોડાણ સાથે મળીને પાલિકાની ચૂંટણી લડશે. શાસક ભાજપ, એનસીપી અને શિવસેના જ્યાં પણ શક્ય હોય ત્યાં સાથે મળીને લડશે. જોકે, જ્યાં બેઠકોની વહેંચણીની વ્યવસ્થા શક્ય નહીં હોય ત્યાં ગઠબંધનના પક્ષ સ્વતંત્ર રીતે ચૂંટણી લડી શકે છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે મહા યુતિના પક્ષકારો પ્રચાર દરમિયાન એક બીજાની ટીકા કરવાનું ટાળશે. (પીટીઆઈ)

# ૧૩.૩૭ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ પકડાયું: પાંચની ધરપકડ

મુંબઈ: પોલીસે મુંબઈ અને નવી મુંબઈથી પાંચ લોકોને પકડી પાડી ૧૩.૩૭ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું. ચેમ્બુરના આરસીએફ પોલીસ સ્ટેશનની હદમાં ૧૯ માર્ચ, ૨૦૨૫ના રોજ પેટ્રોલિંગ દરમિયાન એક વ્યક્તિને ૪.૫ લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે પકડી પાડવામાં આવી હતી. આ પ્રકરણે ગુનો દાખલ કરાયા બાદ એ વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં ડ્રગ્સ વેચનારા અન્ય આરોપીઓ વિશે માહિતી મળી હતી. દરમિયાન એન્ટિ નાર્કોટિક્સ સેલ (ઝોન-૬), આરપીએફ પોલીસ અને એન્ટિ ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) દ્વારા તાજેતરમાં દક્ષિણ મુંબઈમાંથી ૧૩ કરોડ રૂપિયાનું ૬.૬ કિલો મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું અને ચાર જણની ધરપકડ કરી હતી. પાંચ આરોપીમાંથી ચાર જણ મુંબઈના, જ્યારે એક નવી મુંબઈનો હોવાનું તપાસમાં જણાયું હતું.

## ક્લાસિફાઈડ


### ૬. પરચુરણ

**પ્રિન્સ આર્ટ**
જુની ઝરીની સાડી બોડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બનડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૭૪)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૫૯૪૫)

### ૧૪. નોકરી ખાલી છે

**REQUIRE URGENT**
5 Years Exp. Male Account Assistant having Knowledge of Tally Prime & MS Office at 234 Panchratna, Opera House Charni Road. (B-15962)

### ૧૭. જગ્યા આપવી છે

**NAPEANSEA ROAD**
3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)

**KHAR/SANTACRUZ**
3+3 Bedrooms (Jodi) Near Madhupark (18,00,00,000) - Avenues 4 Bedrooms (11,11,11,000) - 2 Bedroom (3,35,00,000) / (2,31,00,000) Juhu Beach (3,99,81,000) Many More. Lalwanis - 66914849 - 9820120036 - 9619232424. (B-15971)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

### ૨૦. ધંધાદારી જગ્યા

**REQUIRED**
For Elder Care Centre Approx. 7000 to 12000 sq. ft. Carpet area (Independent Residential / Commercial Building) Mumbai, Suburbs and Navi Mumbai. Gujarat (Vadodara and Ahmedabad) Contact: +918169400588. Email: property@aajicare.in (B-15967)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ નોકરી, ધંધો, અભ્યાસ કે લગ્ન, કાયદેસર પાસપોર્ટ, વિઝા સાથે દુનિયાભરમાં જવા સોનેરીતક 9377992110, 9867510027. (બી-૧૫૯૯૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**
ઉધઈ, વાંદા, માકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી ક્લીનીંગ, ફ્લેટ, ઓફિસ ડિપક્લિનિંગ, હાઉસકીપિંગ, લેબર સપ્લાય - 9892747758 / 9702875877. (જેપી-૪૯૯૦-બી)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૯૬૮)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

### તારાપુરમાં કેમિકલ

તારાપુર એમઆઈડીસી યુનિટમાં સવારે લગભગ ૩ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી એવી માહિતી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે આપી હતી.

ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિયામકના એસ. જી. બબ્બનના નેતૃત્વમાં તપાસ ચાલી રહી છે, જેમાં કેમિકલ ટ્રાન્સફર દરમિયાન અનુસરવામાં આવતા સલામતી પ્રોટોકોલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઘટનાની ગંભીરતા હોવા છતાં, સ્થાનિક ફાયર બ્રિગેડને જાણકારી આપવામાં આવી ન હતી કારણ કે કંપનીએ સ્વતંત્ર રીતે પરિસ્થિતિનું સંચાલન કર્યું હતું, એમ ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે એવી માહિતી આપી હતી કે અમારી જાણકારી મુજબ કેમિકલનું ગળતર થયું હતું અને તેના પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો, જેને કારણે ધુમાડા થયા હતા અને જેને કારણે કામગારોને બળતરા થઈ હતી.

### બે કંપની વચ્ચે

લગાવી રાખ્યું હોવાથી આ પ્રકરણે ૧૩ એપ્રિલે આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફાર્માસ્યુટિકલ કંપનીને સમજૂતી માટે નોટિસ મોકલાઇ હતી, પણ તેમણે કોઇ પ્રતિસાદ આપ્યો નહોતો. દરમિયાન સ્મોલ કોઝીસ કોર્ટે ફાર્માસ્યુટિકલ કંપની વિરુદ્ધ આદેશ આપતાં તેણે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. હાઇ કોર્ટે ૮ મેના રોજ કંપનીની ઇમારતની જગ્યાના વિવાદ સંબંધે સ્ટેટસ કો સ્થિતિ રાખવા આદેશ આપ્યો છે. ફાર્માસ્યુટિકલ કંપનીએ અમુક ગેટ બંધ કરી દીધા હોવાને કારણે બીજી કંપનીમાં જવા માટે અવરોધ પેદા થતો હોવાથી કંપનીએ આઠ મહિલા સહિત ૧૪ સુરક્ષારક્ષકો તહેનાત કર્યા છે. આ સુરક્ષારક્ષકો શનિવારે બપોરે ગેટ નંબર-૨ની અંદરની બાજુ બેઠા હતા ત્યારે કોઇક અવાજ તથા ધુમાડો આવતાં તેમણે ગેટ પર ચઢીને અંદર ડોકિયું કરતાં ફાર્માસ્યુટિકલ કંપનીના સુરક્ષારક્ષકોએ ગાળાગાળી કરી હતી, જેને પગલે પોલીસને બોલાવાઇ હતી. મોડી રાતે સુરક્ષારક્ષકો પર સ્પ્રે મારવામાં આવ્યો હતો, જેને કારણે તેમને ત્રાસ થવા લાગ્યો હતો. એક સુરક્ષારક્ષકે તો તેમના પર બંદૂકમાંથી એક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

### ઇડીએ મારી ધરપકડ

હાથ મિલાવ્યા પછી, ભાજપને વિપક્ષમાં બેસવું પડ્યું. ભાજપ ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં સરકાર ન બનાવી શક્યું તેનું કારણ રાઉતને માનતી હતી. ભાજપને હંમેશા આ બાબતનો અફસોસ રહ્યો છે,' એવો દાવો તેમણે કર્યો હતો. ભાજપ અને શિવસેનાએ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી સાથે લડી હતી, પરંતુ મુખ્ય પ્રધાનપદ માટે શિવસેના ભાજપથી અલગ થઈ ગઈ હતી. બાદમાં તે કોંગ્રેસ અને (અવિભાજિત) એનસીપીના બનેલા મહા વિકાસ આઘાડી (એમવીએ)નો ભાગ બની. એમવીએ સરકારનું નેતૃત્વ ઉદ્ધવ ઠાકરે દ્વારા કરવામાં આવ્યું હતું. ભાજપના ઉગ્ર ટીકાકાર તરીકે જાણીતા રાજ્યસભા સાંસદે કહ્યું હતું કે ભૂતપૂર્વ સાથી પક્ષ ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેને મુખ્ય પ્રધાન તરીકે જોઈ શક્યો નહીં તેથી તેના નેતાઓએ તેમની સરકાર તોડી પાડવાનું કાવતરું ઘડ્યું હતું. સરકાર પાસે ૧૭૦ વિધાનસભ્યોની બહુમતી હોવાથી, તેમનું 'ઓપરેશન લોટસ' સફળ થાય તે શક્ય નહોતું, એમ તેમણે કહ્યું હતું.

'તેથી જ કેન્દ્રીય એજન્સીઓ યુદ્ધના મેદાનમાં આવી ગઈ. 'અનિલ દેશમુખ, નવાબ મલિક અને સંજય રાઉતને નિશાન બનાવવામાં આવ્યા હતા,' એમ તેમણે કહ્યું હતું. કેન્દ્રીય એજન્સીએ રાજકીય એજન્ડા નક્કી કર્યો હતો અને મહારાષ્ટ્રમાં ધરપકડ કરવા માટે એમવીએ નેતાઓની યાદી બનાવી હતી. પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો છે કે આ યાદીમાં દેશમુખ, મલિક અને રાઉતનો સમાવેશ થાય છે. દેશમુખ અને મલિક, બંને નેતા એનસીપીના હતા અને ઠાકરે સરકારમાં પ્રધાન હતા.

ઈડીએ અવિભાજિત શિવસેનાના ૪૦ વિધાનસભ્યો (શિંદે સહિત)માંથી ૧૧ વિધાનસભ્યો પર પોતાનો સકંજો કડક કરી દીધો હતો, જેમણે ઠાકરે વિરુદ્ધ બળવો કર્યો હતો. ઈડી અવિભાજિત શિવસેનાના કેટલાક સાંસદોની પણ ધરપકડ કરવા જઈ રહી હતી, એવો દાવો સંજય રાઉતે કર્યો હતો.

### ભારતની શ્રેષ્ઠ

સાધનોની વૈશ્વિક માંગ દેશના વધતા કદનો પુરાવો છે.

'વિશ્વ હવે સમજી ગયું છે કે ભારત પાસે શ્રેષ્ઠ સંરક્ષણ ટેકનોલોજી છે. તેથી જ અન્ય દેશો આપણને ઓર્ડર આપી રહ્યા છે,' એવો દાવો તેમણે કર્યો હતો.

તુર્કીએ પાકિસ્તાનને આપેલા સમર્થનનો કડક વિરોધ કરતા, તેમણે કહ્યું હતું કે, 'હું ભારતીયોને આતંકવાદ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ સાથે ઉભા રહેલા દેશનો મૌન બહિષ્કાર કરવા બદલ અભિનંદન આપું છું. તેમને હવે ભારતીય નાગરિકોની શક્તિનો અહેસાસ થયો છે.'

'ઓપરેશન સિંદૂર' પછી રાજદ્વારી સંપર્ક પ્રતિનિધિમંડળો માટે સાંસદોની પસંદગીની ટીકા કરનારાઓની પણ ફડણવીસે ટીકા કરી.

'કેટલાક વ્યક્તિઓ હંમેશા દરેક વસ્તુનું રાજકારણ કરે છે. તેમને દેશ કે સમાજની કોઈ વાસ્તવિક ચિંતા નથી. તેમની સતત નકારાત્મકતા આખરે તેમની રાજકીય યાત્રાનો અંત લાવશે,' એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કોંગ્રેસ પર તેની 'જય હિંદ' રેલી માટે દંભનો આરોપ લગાવ્યો.

'એક તરફ રાહુલ ગાંધી ભારતીય સેના પર સવાલ ઉઠાવે છે અને બીજી તરફ કોંગ્રેસ દેશભક્તિની રેલીઓનું આયોજન કરે છે. તેમણે આપણા રાષ્ટ્રીય હિતોનું રાજકારણ ન કરવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

### ભાડાનું ઘર

કરી શકશે. મ્હાડા હવે ભાડાથી આપવા માટે અલાયદા ઘર બાંધવાની છે. એક બિલ્ડિંગમાં મ્હાડા ૫૦૦ ઘર બાંધ્યા હશે તો તેમાથી ૪૫૦ ઘર લોટરીમાં કાઢવામાં આવશે અને બાકીના ઘર ભાડા પર આપશે. મ્હાડાના ઘરનું ભાડું અને ડિપોઝિટ કેટલું રાખવા તે બાબતે અભ્યાસ ચાલી રહ્યો છે.

મ્હાડાના આ ઘર સાથે જ એસઆરએ, સિડકો જેવી સરકારની જુદી જુદી સંસ્થા મારફત ઉપલબ્ધ થનારા ઘર ભાડાથી આપવા હશે તો તેવી વ્યકિત પણ આ પોર્ટલ પર પોતાના ઘરની માહિતી અપલોડ કરી શકશે.

### એક જ દિવસે

સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી, જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેંક, યુનિયન બેંક, એલઆઈસી, જીઆઈસી અને નાબાર્ડનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે બેંકિંગ સંસ્કૃતિ પર સંયુક્ત ચૂંટણીઓની અસરને સમજવા માટે ભારતીય બેંક્સ એસોસિએશન દ્વારા એક વ્યાપક અભ્યાસ હાથ ધરવામાં આવશે અને તેના તારણો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે.

'કેન્દ્રના હાથમાં અમર્યાદિત સત્તાઓ આવશે'

જો દોઢ વર્ષ બાકી હોય ત્યારે લોકસભા ભંગ થાય, તો દેશના તમામ રાજ્યોની ચૂંટણીઓ લોકસભાની ચૂંટણીઓ સાથે જ યોજવી પડશે. આ વિધાનસભાઓ સાથે અન્યાય હશે. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' બિલ લોકસભામાં કેન્દ્રસ્થાને છે. રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે સમિતિ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો કે આ બિલ કેન્દ્રના હાથમાં સત્તાનું અમર્યાદિત કેન્દ્રીકરણ તરફ દોરી જશે.

### ૨૦૦થી વધુ

સંસાધન, વીજળી અને સાધનો માટે વિનંતીઓથી ભરાઈ ગયો છે.

રાજ્યના જાહેર આરોગ્ય પ્રધાન પ્રકાશ અબિતકરે કહ્યું હતું કે પહેલાં, ફર્નિચરની ખરીદી અને સ્ટાફની નિમણૂક ફક્ત બાંધકામ ૭૫ ટકા પૂર્ણ થયા પછી જ શરૂ થતી હતી. હવે, અમે કામ ૫૦ ટકા પૂર્ણ થયા પછી તૈયારીઓ શરૂ કરવાનું નક્કી કર્યું છે. એક ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીએ વિભાગના વિશાળ માળખાગત નેટવર્કને એક પડકાર તરીકે ગણાવ્યું.

જાહેર આરોગ્ય વિભાગ પીએચસી, પેટા-કેન્દ્રો, સિવિલ અને ગ્રામીણ હૉસ્પિટલોની એક વ્યાપક વ્યવસ્થા ચલાવે છે. આટલી વ્યાપક પહોંચ સાથે, કોઈપણ એક સુવિધા પર સંસાધનો કેન્દ્રિત કરવાનું શક્ય નથી. પરિણામે, પ્રોજેક્ટ્સ પૂર્ણ થવામાં વધુ સમય લાગે છે, એમ તેમણે સમજાવ્યું હતું. (પીટીઆઈ)

### 'એક દેશ, એક ચૂંટણી'થી

૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજાઈ હતી, પરંતુ ૧૯૬૮ અને ૧૯૬૯માં ઘણી વિધાનસભાઓ સમય પહેલા વિસર્જન કરવામાં આવી હતી. પછી ડિસેમ્બર ૧૯૭૦માં, લોકસભા પણ ભંગ કરવામાં આવી. તેથી એક દેશ, એક ચૂંટણીની પરંપરા તૂટી ગઈ હતી. આજે આપણે 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' અંગે નાણાકીય સંસ્થાઓ સાથે ચર્ચા કરી. આ સંસ્થાઓએ લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓની આચારસંહિતા લોન મંજૂરી, વિતરણ અને નાણાકીય વ્યવહારોને કેવી રીતે અસર કરે છે તેની માહિતી પૂરી પાડી હતી. ચૌધરીએ માહિતી આપી હતી કે બેંકોએ અંદાજ લગાવ્યો છે કે જો બધી ચૂંટણીઓ એકસાથે યોજવામાં આવે તો દેશનું કુલ રાષ્ટ્રીય ઉત્પાદન ૧.૬ ટકા વધશે.

### વેકેશન છતાં

વેકેશનમાં પર્યટકોની સંખ્યા વધી જતી હોય છે, સામાન્ય રીતે દરરોજ ૧૦થી ૧૫ હજાર પર્યટકો અહીં મુલાકાત લેતા હોય છે. શનિવાર-રવિવારની રજાના દિવસે આ સંખ્યા ૨૦,૦૦૦ની આગળ પહોંચી જતી હતી. પર્યટકોનો વાર્ષિક આંકડો ૨૫ લાખથી પણ ઉપર જતો હોય છે. જોકે છેલ્લા બે વર્ષમાં આ સંખ્યા ઘટી ગઈ છે. પ્રાણીબાગમાં પૅંગ્વિનના આવવા પહેલા દર વર્ષે લગભગ ૧૨ લાખ સુધી પર્યટકો આવતા હતા અને વાર્ષિક લગભગ એક કરોડની વાર્ષિક આવક થતી હતી.

જોકે પૅંગ્વિન આવ્યા બાદ પર્યટકોની સંખ્યા વધી ગઈ છે. તો ૨૦૧૭માં પાલિકાએ એન્ટ્રી ફી વધાર્યા બાદ વાર્ષિક આવકમાં વધારો થયો હતો અને જે લગભગ પાંચથી સાત કરોડની આસપાસ પહોંચી ગઈ હતી.

પાલિકાએ આપેલા આંકડા મુજબ ૨૦૨૨-૨૩માં ૨૯,૫૬,૫૮૯ પર્યટકોએ રાણીબાગની મુલાકાત લીધી હતી અને પ્રશાસનને ૧૧ કરોડ ૫૯ લાખ ૪૭ હજારની આવક થઈ હતી. ૨૦૨૩-૨૪ની સાલમાં ૨૮,૯૭,૬૭૯ પર્યટકો આવ્યા હતા અને ૧૧ કરોડ ૪૬ લાખ ૨૯ હજાર રૂપિયાની આવક થઈ હતી. ૨૦૨૪-૨૫માં ૨૩,૫૭,૮૩૧ પર્યટકો આવ્યા હતા અને ૯ કરોડ ૧૮ લાખ ૭૫ હજાર રૂપિયાની આવક થઈ હતી.

### સોલાપુરની ફેક્ટરીમાં

શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું માનવામાં આવે છે.

આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે દોડી ગઈ હતી, જેમાં ફાયરબ્રિગેડ પહોંચી ત્યારે ત્રણ લોકોનાં આગમાં બળી જવાથી મૃત્યુ થયા હોવાનું જણાઈ આવ્યું હતું. તો આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન પાંચ લોકો અંદર ફસાઈ ગયા હોવાનું જણાયું હતું, ૧૩ કલાકથીવધુ સમય સુધી આગમાં અંદર ફસાઈ ગયેલા પાંચ લોકોને બેહોશીની હાલતમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે ફરજ પરના ડૉક્ટરે પાંચેયને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આગની દુર્ઘટનામાં કુલ પાંચના મોત થયા હતા, જેમાં ફેક્ટરીના માલિક હાજી ઉસ્લમાન હસનભાઈ મંસુરી સહિત તેમના પરિવારના ત્રણ સભ્ય જેમાં દોઢ વર્ષના તેમના પૌત્રનો સમાવેશ થાય છે. એ સિવાય ફેક્ટરીના ચાર વર્કરના મૃત્યુ થયા હતા. મૃતકોમાં ત્રણ મહિલાનો સમાવેશ થાય છે.

ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં રો મટિરિયલ સહિત કપડા હોવાથી આગ બુઝાવતા નાકે દમ આવી ગયો હતો. ભારે જહમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. મૃતકોમાં ૮૭ વર્ષના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીના માલિક ઉસ્માન મંસુરી સહિત ૨૪ વર્ષનો અનસ મંસુરી, ૨૪ વર્ષની શીફા મંસુરી, ૧.૬ વર્ષનો યુસુફ મંસુરી, ૩૮ વર્ષની આયેશા બાગબાન, ૫૧ વર્ષનો મેહતાબ બાગબાન, ૩૫ વર્ષની હિના બાગબાન અને ૩૮ વર્ષના સલમાન બાગબાનનો સમાવેશ થાય છે.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**
મુંબઇ નિવાસી હાલ મલાડ ગં. સ્વ. સંધ્યાબેન (ઉં. વ. ૬૯) તે સ્વ. અનિલભાઇ હંસરાજ સામાણીનાં ધર્મપત્ની. સ્વ. કલાબેન હંસરાજ સામાણીના પુત્રવધૂ. કિશોરભાઇ, સ્વ. જગદીશભાઇ, સ્વ. કુમુદબેનના ભાભી. સ્વ. હંસાબેન (મુક્તાબેન) હિંમતલાલ મર્ચન્ટના સુપુત્રી. કાજલના માતુશ્રી. પ્રતિભા (પાયલ) શૈલેશ ઠક્કર, સ્વ. યોગેશ, ભરતના મોટા બેન તા. ૧૬-૫-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**
સાવરકુંડલાવાળા હાલ કાંદીવલી રેખાબહેન અશોકકુમાર લક્ષ્મીદાસ કાણકીયાના પુત્રવધૂ પાયલ (ઉં. વ. ૪૪) તે જીગીશના ધર્મપત્ની. ક્રીષા, પ્રેક્ષાના માતુશ્રી. ધ્રુવના કાકી. અ. સૌ. વૈશાલી કેયુર કાણકિયાના દેરાણી. તે ગં. સ્વ. સંધ્યાબહેન સત્યનારાયણ અગ્રવાલના પુત્રી. તે નુપુર તથા સુરભી સૌરભ અગ્રવાલના બહેન તા. ૧૧-૫-૨૫ના લંડન મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**રાજપૂત ક્ષત્રિય**
ગામ ધોલેરા નિવાસી હાલ બોરીવલી ચુડાસમા વિક્રમસિંહ બાલુભા (ઉં. વ. ૭૬) તે ૧૭/૫/૨૫ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. સુરજપાલસિંહ, સ્વ. અર્જુનસિંહ, સ્વ. સુખદેવસિંહ, સ્વ. વનરાજસિંહ, મૂળરાજસિંહના ભાઈ. મેહુલસિંહ તથા ધીરેનસિંહના પિતા. તેમની પ્રાર્થનાસભા ૧૯/૫/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**લુહાર સુતાર**
જયશ્રીબેન પ્રભુદાસભાઈ પરમાર (ઉં. વ. ૭૫) તે શુક્રવારના તા. ૧૬/૦૫/૨૫ના સાવરકુંડલા મૂકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સાવરકુંડલાવાળા હાલ મલાડ દલસુખભાઈ કલ્યાણભાઈ પરમારના નાનાભાઈના પત્ની. પ્રભુદાસભાઈ કલ્યાણભાઈ પરમારના ધર્મપત્ની તથા બગસરાવાળા સ્વ.ખોડીદાસભાઈ કવાના દિકરી તેમજ સ્વ. કેશુભાઇ કવાના બહેન. સદ્દગતની પ્રાર્થનાસભા તા. ૧૯/૫/૨૫, સોમવાર, ૫ થી ૭. ઠે. શ્રી લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, બોરીવલી પૂર્વ.

**પરજીયા સોની**
વડતરા વાળા હાલ મલાડ સ્વ.ડાયાભાઇ મોરારજીભાઇ વાયાના પુત્ર ઉપેશભાઇ (ઉં. વ. ૫૨) તે ૧૬/૫/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે શાંતિભાઈ, અશોકભાઈ, સ્વ.અરવિંદભાઈ, પ્રીતિબેન, સ્વ.નીરુબેન, નયનાબેનના ભાઈ, ભાવિન, રાહુલ,મિથુન, વિકીના કાકા, હેમેશ તથા દર્શીના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**
દમણ નિવાસી (હાલ બોરીવલી) નવિનચંદ્ર છોટાલાલ પાઠક, (ઉં. વ. ૮૯) તે સ્વ. હર્ષા બેનના પતિ, આશિત તથા અમિતના પિતાશ્રી, સો. સંધ્યાના સસરા, મલ્હારના દાદાજી, તથા ઇન્દિરા, સરલા અને હેમલતાના ભાઈનું તા. ૧૬.૦૫.૨૫ ને શુક્રવારના અવસાન થયું છે. નિવાસ સ્થાન ૪૧, મહાવીર નગર સોસાયટી, અંતરા જવેલર્સની સામે, ફેક્ટરી લેન, એલ.ટી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.

**હાલાઈ લોહાણા**
ઊર્મિલાબેન કાન્તિલાલ બાટવિયા, (ઉં.વ.૮), સ્વ. કાંતિલાલ માધવજી બાટવિયાના ધર્મપત્ની શનિવાર તા.૧૭ મે ૨૦૨૫ ના રોજ કાંદિવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે હિમાંશુ કાન્તિલાલ બાટવિયાના માતુશ્રી, તે હેતલ હિમાંશુ બાટવિયાના સાસુજી, તે સાહીલ, ધ્રુવીના દાદી, તે સ્વ. નવલબેન ભગવાનજી કક્કડના દીકરી, સ્વ.ચંદુલાલ, રમેશભાઈ, ચંદ્રાબેન, લીલાવતીબેન બાટવિયાના ભાભી, તે સ્વ. પ્રવીણભાઈ કક્કડ, સ્વ. જશીબેન કક્કડ, સ્વ. હંસા બેન, સ્વ. ભારતી બેનના બેન. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા.૧૯ મે ૨૦૨૫ ના સાંજે ૫ થી ૭ રાખેલ છે. પ્રાર્થના સભા સ્થળ : ઠઠાઈ ભાટિયા હોલ નંબર ૫, શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**
શામજી વાલજી ગણાત્રા (ઉં. વ. ૮૯) કચ્છ ગોહેલાવાળા હાલે મુંબઇ, રંજન બેન (કૃષ્ણાબેન)ના પતિ. સ્વ. આશાબેન અને આનંદના પિતાશ્રી. અવની (જ્યોતિ)ના સસરાજી. દેવાંશી હર્ષ મેહતા અને કૃપાના દાદાજી. સ્વ. રતનશી ભાઈ વીરજીભાઈ સોમૈયાના જમાઈ. સ્વ. ગોપાલજીભાઈ, જાધવજી ભાઈ, રમેશભાઈ, સ્વ. લક્ષ્મીબેન, હીરુ બેન, ગોદાવરી બેન, સ્વ. લીલાવંતી બેન તથા દમયંતી બેનના ભાઇ. તા ૧૬.૫.૨૫ ના દિવસે શ્રી રામ શરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯.૫.૨૫ અને સોમવારે સાંજે ૬થી ૭. ઠે. વિરેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે વેસ્ટ મધ્યે રાખવામાં આવેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે

**કચ્છી લોહાણા**
ગામ માંડવી હાલે મુલુંડ નિવાસી, ગં. સ્વ. કૃષ્ણાબાઈ સુરેશ હરિરામ મહિધર (ઠક્કર ) ના પુત્ર રાજેશ (ઉં. વ. ૬૨) ૧૮/૦૫/૨૫ ના કૈલાસ નિવાસી થયા છે. તે રેખાબેનના પતિ. તે યશ તથા ચાર્મીના પિતા. કાજલ અને સ્વ. નિમેશ ભરતભાઇ ભીંડેના સસરા. તે કચ્છ ગામ ખોંભડી હાલે ઘાટકોપર નિવાસી સ્વ. જયાબેન જયંતિલાલ અને કિશનકુમાર ગોકલદાસ આઇયાના મોટા જમાઇ. તે તરુણ, અતુલ, પંકજ, સંધ્યા રાજેશ સચદે, તેજલ મહેશ સોમેશ્વરના મોટાભાઇ. તે દીપક, અનીલ અને રૂપા દીપક બારૂના બનેવી. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

## પારસી મરણ

એરચ ગુસ્તાદજી સબાવાલા તે મરહુમ નરગીશ ઇ. સબાવાલાના ખાવીંદ. તે મરહુમો ટેહમીના તથા ગુસ્તાદજી સબાવાલાના દીકરા. તે હોશંગ ને સાયરસના પપ્પા. તે શાહરા ને દીલનવાઝના સસરા. તે પરવેઝ તથા મરહુમો ધનજીશાહ, કેટી, અદી ને મનીના ભાઇ. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૩૦, સ્લેટર રોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૫-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૫માં.

ગુલચહેર ઇરાની તે રોહીન્ટન ઇરાનીના ધનીયાની. તે મરહુમો હોમાય તથા હોરમઝદ ઇરાનીના દીકરી. તે મોનાઝના મમ્મી. તે ડોલી, ઇરાની, અરદેશીર, શાપુર, શીરીન તથા મરહુમ ફિરોઝના બહેન. તે પર્લના મમયજી. (ઉં. વ. ૭૯) રે. ઠે. પ્લોટ નં.૩એ, ફ્લેટ નં.૧, સતનામ સોસાયટી, શ્રી વલ્લભદાસ માર્ગ, સાયન (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૨૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૫-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધ્યે નારીયેલવાળા અગિયારીમાં.

થ્રીટી ફરેદુન ઉમરીગર તે ફરેદુન મરઝબાન ઉમરીગરના ધનીયાની. તે મરહુમ મની તથા કાવસ હોરમસજી કાબીરના દીકરી. તે યશ્ના ને કુરૂશના મમ્મી. તે હવોવી દોરાબજી પટેલના બહેન. તે પોશીતાના કાકી. તે અરની તથા મરહુમ મરઝબાન જે. ઉમરીગરના વહુ. (ઉં. વ. ૯૦) રે. ઠે. ડી-૧/૩૪, શાપુરજી ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૫-૨૫ના બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર બેનેટ બંગલી નં.૬માં.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**
વઢવાણ નિવાસી હાલ અંધેરી સ્વ. વિજયાબેન કાંતિલાલ વોરા (શાંતિલાલ ત્રિકમલાલ વોરા)ના પુત્રવધૂ સુષ્માબેન (ઉં. વ. ૬૪) તા. ૧૮-૫-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે હરેશભાઇના ધર્મપત્ની. મિતેનભાઇ તથા સાહિલભાઇના માતુશ્રી. ધરાબેન તથા ઉશ્રાબેનના સાસુ. ધિયાનના દાદી. સ્વ. ભદ્રાબેન વિનયચંદ્ર પોપટલાલ શાહની સુપુત્રી.પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
કોડાયના વિકાસ નાનજી વેલજી માલદે (ઉં. વ. ૫૧) તા. ૧૭-૫-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હેમલતાબેન નાનજી વેલજી માલદેના સુપુત્ર. શિલ્પાના પતિ. મનન, ધ્રુવના પિતા. સ્વ. ગીરીશ, જયોતિના ભાઇ. મંજુલાબેન શાંતિલાલના જમાઇ. પ્રાર્થના મામણીયા નંદુ જૈન ભવન, જોગેશ્વરી (ઇ), ટા. ૨થી ૩.૩૦. ઠે. શિલ્પા માલદે, એ-૬૦૨, તેજલ રેસીડેન્સી, સ્ટેશન રોડ, ભારત બેન્ક પાસે, જોગેશ્વરી (ઇસ્ટ).

**ક.દ.ઓ. જૈન**
કચ્છ ગામ વારાપધરના શા. મેઘજી કાનજી ભેદાના પુત્રવધૂ કિશોરભાઈના ધર્મપત્ની અ.સૌ. પુષ્પાબેન (ઉં. વ. ૭૪) તા. ૧૬-૫-૨૫ના અવસાન પામ્યા છે. પ્રિયેશ, નમ્રેશ, ચંદ્રેશના મમ્મી. અનિતાના સાસુ. સ્વ. ભૂપેન્દ્રભાઈ, ગીતા દિલીપ જૈનના ભાભી. હંસાબેનના દેરાણી. નલિયાના જમકુબેન લાલજી ખોનાના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસસ્થાનઃ કિશોર મેઘજી ભેદા, વિજય પાર્ક, બિલ્ડીંગ નં. ૧૬/ ફ્લેટ ૭૦૩, ઓફ ઘોડબંદર રોડ, કાસર વડાવલી, થાણે વેસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**
ગામ દયાપર (નવાગામ) ભચાઉના નાંગલબેન પાલણ લખમણ ગડાના સુપુત્ર રવજી (ઉં. વ. ૬૨) શુક્રવાર તા. ૧૬-૫-૨૫ના અવસાન પામેલ છે. મનિષાબેનના પતિ. રિંકલ, ભારતી, નીધીના પિતાશ્રી. સામખીયારીના રાણીબેન નોંઘા ગાલાના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૫-૨૫ યોગીસભાગૃહ, દાદર (વેસ્ટ), સાંજે ૩થી ૪.૧૫, બરવિધિ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**
ગામ સુવઇના જેવીબેન રામજી ભીમશી સાવલાના સુપુત્ર નાગશી (ઉં.વ. ૫૬), શનિવાર, તા. ૧૭-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રભાબહેનના પતિ. દિશા, વિવેક, વિરતીના પિતાશ્રી. જીજ્ઞેશ, રાજેશ, સુનિતાના સસરા. ચહેકના દાદા. જયશ્રીબેન ગાંગજી મોતા, પ્રભાબેન શાહના વેવાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૬-૫-૨૫ના સવારના ૧૦.૩૦થી ૧૨. ઠે.શ્રી થાણા વર્ધમાન સ્થા. નૌકાવિહારની સામે, થાણા.

**વેરાવળ દશા શ્રીમાળી સ્થા જૈન**
વેરાવળ નિવાસી હાલ ગોરેગાંવ સ્વ. લાભુબેન નાથાલાલ દોશીના પુત્ર સ્વ. સુશીલાબેન ચીમનલાલ બેનાણીના જમાઈ, સ્વ. પ્રેમલત્તાબેન, સુમિત્રાબાઈ મહાસતીજી, અજિત, અશ્વિન તથા જોશનાબેનના ભાઈ, રાજેન્દ્ર દોશી (ઉં.વ.૬૮) તે ૧૭/૫/૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે લત્તાબેનના પતિ. ધવલ, પ્રિતી તથા ચાર્મીના પિતા. ભક્તિ, અમિત તથા અંકિતના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૯/૫/૨૫ ના રોજ ૪થી ૬ કલાકે ગોરેગામ સ્થા. જૈન સંઘ, પ્લોટ નં ૨૭૪,રોડ નં ૧૨ જવાહરનગર, ગોરેગામ વેસ્ટ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**
મોટા ખુટવડા બોરડી નિવાસી (હાલ ભાયંદર) સ્વ. ગાંધી રસીલાબેન ખીમચંદ હેમચંદના સુપુત્ર રમેશ (ઉં.વ.૫૬) શુક્રવાર તા. ૯/૫/૨૦૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ.શિલ્પાબેનના પતિ. તે પ્રથમ અને કેસરના પિતાશ્રી. તે સ્વ. ભરતભાઈ, સ્વ. હરેશભાઈ , મુકેશભાઈ, જયેશભાઈ , સરોજબેન તનસુખરાય, સુશીલાબેન પ્રમોદરાઈ, જયશ્રીબેન દિનેશભાઈ, ઈલાબેન શશીકાંત, પારૂલબેન જીજ્ઞેશના ભાઈ, સ્વ. જગજીવન હેમચંદ અને સ્વ. દલીચંદ હેમચંદના ભત્રીજા. તેઓ રતિલાલ હંસરાજ કોટિયાવાળાના ભાણેજ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
સ્વ. લાભુબેન નાથાલાલ દોશીના પુત્ર સ્વ. સુશીલાબેન ચીમનલાલ બેનાણીના જમાઈ. સ્વ. પ્રેમલત્તાબેન, સુમિત્રાબાઈ મહાસતીજી, અજિત, અશ્વિન તથા જોશનાબેનના ભાઈ, રાજેન્દ્ર દોશી (ઉં. વ. ૭૮) તા. ૧૭-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે લત્તા બેનના પતિ, ધવલ, પ્રિતી તથા ચાર્મીના પિતા. ભક્તિ, અમિત તથા અંકિતના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯/૫/૨૫ ના રોજ ૪થી ૬ કલાકે ગોરેગામ સ્થા જૈન સંઘ, પ્લોટ નં ૨૭૪,રોડ નં ૧૨ જવાહરનગર, ગોરેગામ વેસ્ટ રાખેલ છે.

# ધર્મતેજ

## કુસંગનો સદાય ત્યાગ કરવો

મનન

હેમંત વાળા
feedback@bombay



નારદ ભક્તિ-સૂત્રનું આ કથન છે. અહીં એક સહજ અને સ્વાભાવિક બાબત તરફ નિર્દેશ કરાયો છે. જીવનને યથાર્થ બનાવવા, જીવનમાં સાત્ત્વિકતાની સ્થાપના કરી તે સાત્ત્વિકતાને વધુ દ્રઢતા આપવા, જીવનને યોગ્ય માર્ગે લઈ જવા, જીવનમાં આધ્યાત્મિકતાનું પ્રભુત્વ કાયમ રાખવા અને જીવનમાં ઉત્તરદાયિત્વ કે ધર્મ પ્રત્યેની નિષ્ઠા જળવાઈ રહે તે માટે દુઃસંગ - કુસંગથી દૂર રહેવાની આ વાત છે. આમ તો આ સામાન્ય સર્વસ્વીકૃત બાબત છે, છતાં પણ તે પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. તેથી જ આ વાત શાસ્ત્રોમાં વારંવાર પુનરાવર્તિત કરવામાં આવી છે.

કહેવાય છે કે જેવો સંગ તેવો રંગ. મજાની વાત એ છે કે આ ઘટના એક તરફી છે. સારી કેરીની વચ્ચે એક બગડેલી કેરી હોય તો બધી જ કેરી બગડી જાય. તેનાથી વિપરીત નથી થતું. જો ખરાબ કેરી વચ્ચે એક સારી કેરી હોય તો બધી કેરી સારી નથી થઈ જતી. હકીકત એ છે કે ખરાબ રંગ લાગવાની સંભાવના વધુ હોય છે, તે રંગનો પ્રભાવ વધારે હોવાની સંભાવના પણ વધુ હોય છે, અને તેને કારણે અંતે ઉદ્‌ભવતી પરિસ્થિતિ પણ વધુ જોખમી હોય છે.

સારપ જાળવી રાખવી જરૂરી છે. સારપ જાળવી રાખવા માટે યોગ્ય પરિસ્થિતિ જળવાઈ રહે તે પણ જરૂરી છે. આજુબાજુની પરિસ્થિતિ જો નકારાત્મક હોય - જોખમી હોય તો તેનાથી સારપ અસરગ્રસ્ત થાય જ. બીજી રીતે જોઈએ તો, સદગુણની પ્રાપ્તિ અઘરી છે, દુર્ગુણ સરળતાથી ગ્રહણ થઈ જાય છે. ઊંચાઈ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે, પતન તો સહજમાં શક્ય છે. સદગુણ વિકસાવવા માટે ધીરજ રાખી સાતત્યતા પૂર્ણ પ્રયત્ન કરવા પડે, દુર્ગુણ તો રસ્તે ચાલતાં ચાલતાં ગ્રહણ થઈ જાય. કુસંગ એટલે દુર્ગુણો સાથેનું સાનિધ્ય. કુસંગ એટલે અસાત્ત્વિક પરિસ્થિતિ પ્રત્યેનો લગાવ. કુસંગ એટલે અંતે નુકસાનકારક સાબિત થઈ શકે તેવી બાબતોનું સામીપ્ય. આ બધાની અસર નકારાત્મક હશે, વધુ તીવ્ર હશે, વધુ કાયમી હશે, વધુ નીંદનીય અને વધુ જોખમી હશે.

તેથી જ દરેક જગ્યાએ, દરેક સમયે, દરેક સંજોગોમાં, દરેક પ્રકારના પ્રયત્ન કરીને કુસંગથી દૂર રહેવું જરૂરી છે. કુસંગથી અવિવેક, અપવિત્રતા, દુરાચાર, વ્યસન-નશો, અસહિષ્ણુતા, અપવિત્રતા, અભિમાન, માનસિક અશાંતિ, હિંસા, જુઠ્ઠાપણું, વ્યભિચાર, સ્વાર્થ તથા નિર્દયતા જેવાં દૂષણો પ્રાપ્ત થતાં હોય છે. મન ખોટા વિચારે ચડી જતું હોય છે. સંગ અયોગ્ય હોય તો ખોટી આદત પડે, અસામાજિક તેમજ અનૈતિક કાર્યમાં જોડાવાની સંભાવના ઊભી થાય. અનુકરણ કરવું એ મનનો સ્વભાવ છે. મનની દ્રષ્ટિએ જે બાબતનું પ્રભુત્વ હોય તેનું અનુકરણ કરવા તે વધુ પ્રેરાય. જીવનમાં જ્યારે કુસંગનું જોર વધુ હોય ત્યારે સ્વાભાવિક રીતે કુ-બાબતો પ્રત્યેનું આકર્ષણ વધતું જાય અને મનને તે મુજબની પ્રવૃત્તિમાં આસક્ત રહેવું ગમે. કુસંગને કારણે ઇન્દ્રિયોને જે પ્રિય છે તે પ્રત્યેનો લગાવ વધે અને જીવન માટે જે શ્રેય છે તે તરફની નિષ્ક્રિયતા વધતી જાય.

કુસંગથી કામના તથા ભોગ પ્રત્યે પ્રીતિ જાગ્રત થાય, વિષયોમાં મન લિપ્ત થવાના સંજોગો ઊભા થાય, અનિચ્છનીય ઈચ્છા તથા અપેક્ષા પૂર્ણ ન થતા ક્રોધ જાગ્રત થવાની સંભાવના વધે, ભક્તિ તથા સાધનાથી વિમુખ થવાય, ક્યાંક શ્રદ્ધા અને વિશ્વાસ ડગી જાય, ‘ઋણ કરીને પણ ઘી પીવું’ની ભાવના દ્રઢ થતી જાય, દુષ્ટ તથા અધર્મી પ્રત્યેનો લગાવ વધતો જાય, અને આ બધાને અંતે જીવનની હકારાત્મક સંભાવનાઓ નાશ પામે. કુસંગથી વ્યક્તિ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈ શકે. સત્સંગનો લોપ થતાં સારી પરિસ્થિતિથી દૂર થતાં જવાય. કુસંગને કારણે સત્ય અને ધર્મ દૂર થતાં જીવનમાંથી શિવ અને શુભ લુપ્ત થતાં જાય.

જીવન એ મર્યાદિત સમયગાળાનો તબક્કો છે. આ સમયનો ઉપયોગ કેવી રીતે કરવો તે વ્યક્તિ જાતે નક્કી કરે છે. આ સમયનો ઉપયોગ જીવનને તારવા માટે પણ થઈ શકે અને ડૂબાડવા માટે પણ થઈ શકે. જીવનનો સમય મુક્તિ માટેનું માધ્યમ પણ બની શકે અને આ સમય ભવસાગરનાં બંધનો વધુ દ્રઢ થાય તે રીતે તેનો વ્યય પણ કરી શકાય. કુસંગથી સમયનો વ્યય જ થતો હોય છે.

કોઈ એમ તર્ક કરી શકે કે ઈશ્વર તો દરેક જગ્યાએ, દરેક જીવમાં, દરેક પરિસ્થિતિમાં વ્યાપ્ત છે. તો પછી કુસંગ અને સત્સંગનો ભેદ કેવી રીતે ઉદ્‌ભવે. જ્યાં દરેક પ્રકારના દ્વન્દ્વથી મુક્ત થવાની વાત થતી હોય ત્યાં આ ભેદ શેની માટે. પ્રારંભિક અને બાળ સહજ તર્કથી જો વિચારવામાં આવે તો આ વાત સાચી પણ જણાય. સમજવાનું એ છે કે જીવનના પ્રાથમિક તબક્કામાં સાવચેતી જરૂરી છે. જીવનને ટકાવી રાખવા માટે અમુક પ્રકારનો ખોરાક યોગ્ય ગણાય જ્યારે અમુક પદાર્થ અભક્ષ્ય ગણાય. આ એક પ્રકારનો દ્વંદ્વ થયો જે સમજવો અને પાળવો જરૂરી છે. જો આમ કરવામાં ન આવે તો અસ્તિત્વ જોખમમાં આવી જાય. બની શકે કે વ્યક્તિનું શરીર એ પ્રકારનું સામર્થ્ય કેળવે, તે પછી તે સામાન્ય સંજોગોમાં અભક્ષ્ય કહેવાય તેવો પદાર્થ પણ ભોજન તરીકે સ્વીકારી શકે. પણ આ માટે વ્યક્તિએ તે પ્રકારનું સામર્થ્ય કેળવવું પડે. ત્યાં સુધી અભક્ષ્યથી દૂર રહેવું ઇચ્છનીય. સત્સંગ અને કુસંગ માટે પણ આમ જ કહી શકાય.

જ્યાં સુધી મન મજબૂત નથી, જ્યાં સુધી ઇન્દ્રિયો તેના વિષયો પ્રત્યે આકર્ષાયેલી રહે છે, જ્યાં સુધી ચિત્ત સ્થિરતાને પામ્યું નથી, જ્યાં સુધી કામ અને અર્થ આધારિત પુરુષાર્થ માટે પ્રયત્નો ચાલુ છે, જ્યાં સુધી સદગુરુની કૃપા સ્થાપિત નથી થઈ, જ્યાં સુધી મન ભક્તિમાં લીન નથી થયું, જ્યાં સુધી સાધના વિચલિત થતી રહે છે, જ્યાં સુધી યથાર્થ જ્ઞાનની પ્રતીતિ નથી થઈ ત્યાં સુધી સાવચેત રહેવું સારું. ત્યાં સુધી કુસંગથી દૂર રહેવું સારું. હકીકત તો એ છે કે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પણ કુસંગ પતન નોતરી શકે છે. તેથી જ કુસંગથી સર્વથા દૂર રહેવું ઇચ્છનીય છે. ■

## નિષ્કામ થવું આસાન છે - ભોગવવું આસાન છે, પરંતુ સમ્યક રહેવું બહુ મુશ્કેલ છે



માનસ મંથન

મોરારિબાપુ
feedback@
bombaysamachar.com

‘રામચરિતમાનસ’ને આધારે આપણે આ કથામાં ‘માનસ-કામદર્શન’ની સંવાદી ચર્ચા કરી રહ્યા છીએ. અહીં વિચાર નથી, અનુભવ પ્રસ્તુત થઈ રહ્યો છે; જીવનનું સત્ય પ્રસ્તુત થઈ રહ્યું છે. ઉપદેશમાં કહેવામાં આવે છે કે નિષ્કામ થઈ જાઓ; આજના ચિંતકોએ વધારે અતિરેક કરીને કહ્યું કે ખૂબ જ ભોગવી લો; એ બંને અસફળ છે. નિષ્કામ થવું આસાન છે, ખૂબ ભોગવવું આસાન છે પરંતુ સમ્યક રહેવું બહુ મુશ્કેલ છે. અને ‘માનસ’નું કામદર્શન એમ કહે છે કે વચ્ચે રહીને જીવો. તુલસીદાસજી કહે છે કે વિષયનો તમે જેટલો ભોગ કરશો એટલો કામ વધતો જ જાય છે. જેવી રીતે અગ્નિમાં ઘી નાખીએ તો અગ્નિ વધારે ભડકે છે. જીવનનું સત્ય સમજવું જોઈએ. સાચી કસોટી વચ્ચે રહેવામાં છે.

‘માનસ’ની એક પંક્તિ હું આ સંદર્ભમાં તમને કહેવા માગું છું અને એ જીવનનું સત્ય છે. ભગવાન રામ વનવાસ દરમ્યાન ચિત્રકૂટ જતા પહેલાં વાલ્મીકિ આશ્રમમાં ગયા ત્યારે વાલ્મીકિજીને પ્રશ્ન પૂછે છે કે ‘ભગવન! હવે હું ક્યાં રહું, મને એવી કોઈ જગ્યા બતાવો.’ વાલ્મીકિજી વિજ્ઞાન વિશારદ છે; પહોંચેલા મહાપુરુષ છે. એમણે ચૌદ સ્થાન બતાવ્યાં. એમાંનું એક સ્થાન આ છે-

काम कोह मद मान न मोहा । लोभ न छोभ न राग न दोहा ।

મારાં ભાઈ-બહેનો,‘ગીતાપ્રેસ’નું ભાષાંતર વાંચો; ‘વ્યંકટેશપ્રેસ’નું ભાષાંતર વાંચો; અને એ સાચું પણ છે; શું અર્થ થાય છે આનો ? ‘જેમના હૃદયમાં કામાદિ દોષ ન હોય, એમના વશમાં આપ કાયમ રહો.’ તો આ પંક્તિનો અર્થ એવો થઈ ગયો કે કામ હૃદયમાં ન હોય તો જ ભગવાન વશમાં આવે. એ સાચો અર્થ છે; હવે એનો વિશેષ અને ગુરુમુખી અર્થ સાંભળો. શું કહે છે ? કામાદિ દોષ ન હોય એવી વાત નથી; કામાદિ દોષ ભલે હોય પરંતુ એનો મદ અને દંભ જેનામાં ન હોય એમને આધીન તમે થાઓ.

હું તમને પૂછું, શું જીવનમાં કામ જરૂરી નથી ? મેં કાલે પણ કહ્યું, કૃષ્ણએ ધર્મસ્થાપના કરી, રામે સેતુસ્થાપના કરી અને મહાદેવે કામસ્થાપના કરી. જીવનમાં કામ જરૂરી છે. જીવનમાં ક્રોધ જરૂરી છે. ન હોય તો ઠીક છે, પરંતુ એવું તો માત્ર કહેવામાં આવે છે. સમુદ્ર સામે ઠાકુરે ક્રોધ નથી કર્યો? ક્રોધ જરૂરી નથી ? આપણા જેવા સંસારીઓ માટે આ ચર્ચા છે, મહાત્માઓ માટે નથી. ઘાસની માફક જે વિનમ્રતાથી ઝૂકી જશે એને કોઈ નદીના પૂરરૂપી કામાદિ આવેગ તાણી નહીં જઈ શકે. જીવનના સત્યને આટલી વિનમ્રતાથી સ્વીકારવું જોઈએ. કામરસ સુધી જ અટકી જવાનું નથી. તુલસીએ પોતાની યાત્રા સમ્યક કામથી શરૂ કરી છે. ‘માનસ’માં એક શબ્દ ત્રણ વાર આવ્યો છે, ‘દીપશિખા.’ એક વાર જાનકીજીના સંદર્ભમાં-

सुंदरता कहुँ सुंदर करई । छबिगृह दीपशिखा जनु बरई ।।


બીજી વાર-

दीप सिखा सम जुबति तन मन जनि होसि पतंग ।

અને ત્રીજી વાર ‘ઉત્તરકાંડ’ના ‘જ્ઞાનદીપ’માં. હવે,તમે એક દીવો લો, એમાં બે વસ્તુ છે; દાહકતા પણ છે અને પ્રકાશ પણ છે. કામ દીપશિખા જેવો છે; એમાં દાહકતા પણ છે અને પ્રકાશ પણ છે. આપણે કયા પક્ષને લઈએ છીએ એના પર આપણું પતન અને ઉત્થાન ડિપેન્ડ છે. દાહકતા લીધી તો ગયા! પ્રકાશ લીધો તો રામ સુધી ગયા. તુલસી કામથી રામ, રામથી આરામ, આરામથી વિશ્રામ, વિશ્રામથી પરમ વિશ્રામ અને પરમ વિશ્રામથી ફરી રામ સુધી ગયા; ‘राम समान प्रभु नाहीं कहूं ।’ એ સાઈકલ ચાલી. જીવનનું સત્ય આ છે. આપણા જેવાના જીવનમાં વાત, પિત્ત, કફ શરીર માટે જરૂરી છે; એનો અતિરેક માણસને બીમાર કરી દે છે. સમ્યક્તા બહુ જ આવશ્યક છે.

તો, જીવનનું સત્ય આ જ છે. કોઈ પૂર્ણ નિષ્કામ થઈ જાય તો એનો મહિમા તો વેદ પણ નહીં ગાઈ શકે. કોઈ પૂરેપૂરું ભોગવીને તૃપ્ત થઈ જાય; એમને મુબારક. પરંતુ આ તો આપણા જેવાની ચર્ચા છે. આપણા માટે સમ્યક થવું જરૂરી છે. એટલે હું પ્રાર્થના કરું, મનથી કથા સાંભળશો તો રસ મળશે, મનોરંજન પણ મળશે; પરંતુ માત્ર મનથી જ કથા ન સાંભળવી; બુદ્ધિથી સાંભળશો તો વિવેક પ્રાપ્ત થશે. કામ સાથે કેવો વિવેક? ક્રોધ સાથે કેવો વિવેક? આપણાં બાળકો ઉચ્છૃંખલ ન થઈ જાય એટલા માટે જીવનમાં ક્યારેક-ક્યારેક નકલી ક્રોધ પણ જરૂરી છે. થોડો ડર આશ્રિતને વિશેષ સ્વતંત્રતા આપે છે. આ સંસારને ચલાવવા માટે કામ આવશ્યક છે. તમારી પેઢીની સુરક્ષા માટે થોડો સંગ્રહ જરૂરી નથી ? ઈમાનદારીથી કહેજો. અલબત્ત,વધારે સંગ્રહ સારો નથી.

તુલસીદાસજી જીવનનું સત્ય બતાવે છે કે કામ આપણા શરીરનો વાત છે, ક્રોધ પિત્ત છે અને લોભ કફ છે; ત્રણેયની જરૂર છે. નિષ્કામપણું ઔષધિ હશે, કાયમી ઉપાય નથી; કાયમી ઉપાય છે સમ્યક્તા. એટલા માટે બુદ્ધિથી સાંભળો, વિવેક આવશે; મનથી સાંભળો, રસ આવશે; ચિત્તથી સાંભળો, અંદર યોગ સધાશે; અને અહંકારથી સાંભળો, પરંતુ પાકા અહંકારથી સાંભળવું. વિશ્વનો પાકો અહંકાર મહાદેવ છે; એટલે અહંકારથી સાંભળશો તો પણ તમે કૃતકૃત્ય થઈ જશો કે શંકરની ગોદમાં બેસીને સાંભળી રહ્યા છીએ.



જુવો બાપ, ભાગવતજીમાં બહુ સ્પષ્ટ લખ્યું છે કે કોઈ પણ ભાવ તમારા મનમાં જાગે એ તમારા પ્રભુમાં વાળો તો દોષ નથી. બીજી જગ્યાએ ન વાળો, કામભાવ જાગે; ઈષ્ટ તરફ વાળો, ક્રોધભવ જાગે; ઈષ્ટ તરફ વાળો, સ્નેહભાવ જાગે; ઈષ્ટ તરફ વાળો. અનિષ્ટ તત્ત્વમાં વૃત્તિઓ જાય છે એટલે બંધન છે.

યજ્ઞકર્મ કોઈપણ કરો કોઈ બંધન નથી. પણ એ સિવાયનાં કર્મ બંધનરૂપ છે. ઈશ્વરમાં કોઈપણ ભાવથી જવું તે ઈશ્વરરૂપી અગ્નિમાં આહુતિ છે. બાકીનાં બધાં જ કર્મ બંધનરૂપ છે. ‘लोकोड्यं कर्मबन्धनः’ યજ્ઞભાવથી એ કર્મ કરો તો કોઈ ચિંતા નથી. અર્જુનને એ જ કહ્યું છે કે આસક્તિ છોડીને સમાચર. તું કામ કરતો રહે તને કોઈ બંધન નથી બાકી લોકભાવથી કરીશ તો બંધન છે.

જટાયુ એટલા મહાન છે, એણે યજ્ઞભાવથી કાર્ય કર્યું છે. એને કોઈ આસક્તિ નથી. વચ્ચે પડ્યા પણ કંઈ લેવું નથી. યજ્ઞકર્મ કર્યું છે એટલે કોઈ બંધન નથી. ઈશ્વરમાં ભાવ લગાડો. શુકદેવજીને પ્રશ્ન કર્યો છે પરીક્ષિતે કે ‘મહારાજ, ગોપીઓ બધી જારભાવથી કૃષ્ણ પાસે ગઈ હતી. આ મગજમાં બેસતું નથી એ કેમ ? જવાબમાં શુકદેવજી બોલ્યા છે. कामम् क्रोधम् भयम् स्त्रेहम् एक्यम् सौहार्द मेवच । તમારામાં કામ છે તો તમે ભગવાનમાં ભળી જાવ. એનામાં શક્તિ છે કામને રામમાં મેળવી દેવાની. તમારો જે ભાવ હોય તે તમારા ઈષ્ટમાં વાળો. આપણી વૃત્તિઓ ત્યારે જ ખરાબ છે જ્યારે એ અનિષ્ટ તરફ વળે છે. જ્યાં જેને સ્થાન નથી મળવાનું એ તારો ઉપયોગ મળશે. તેથી જ શુકદેવજીએ ખુલ્લું કહ્યું કે તમારો કામ પ્રભુ તરફ વાળો, ક્રોધ પણ પ્રભુ તરફ કરો. પરિવારનાં લોકો તરફ નહિ કરો, ભગવાનમાં કરો. ત્યાં જાવ. કેટલી છૂટ છે !

કોઈપણ વૃત્તિને પ્રભુમાં વાળો, વૃત્તિ સંસ્કૃતિ બની જશે. ગોપીઓ કામથી જ ગઈ છે એ નિર્વિવાદ છે. પણ કૃષ્ણ તરફ ગઈ એટલે પરમ વંદનીય બની.

(સંકલન : જયદેવ માંકડ)■

## શિવતત્ત્વ ને મહિમા અનંત છે...

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@
bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

શિવનો વેશ પ્રથમ દૃષ્ટિએ અમંગલ જેવો લાગે છે, તેનું કારણ એ છે કે શિવજી નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મ ગુણરહિત છે, ગુણાતીત છે. જે સ્વરૂપ દ્વારા નિર્ગુણ બ્રહ્મ સૂચિત થાય છે, તે સ્વરૂપ પીતાંબર પહેરે તો તે શોભે? આવા અલંકારો સગુણ-સાકાર બ્રહ્મને શોભે, નિર્ગુણ બ્રહ્મને નહીં. આ દૃષ્ટિથી શિવના વેશને સમજવામાં આવે તો સ્પષ્ટ થશે કે શિવનો આ વૈરાગી જેવો વેશ તેમની અનાર્યતાનો નહીં, પરંતુ તેમના પરબ્રહ્મપણાનો દ્યોતક છે.

૨. શિવનો પ્રસાદ ગ્રહણ ન કરવાનું કારણ આપણે જોઈ ગયા તે પ્રમાણે શિવની પરબ્રહ્મતા જ છે, શિવની અનાર્યતા નહીં જ.

જો આર્ય પ્રજા શિવને અનાર્ય માનીને તેનો પ્રસાદ ગ્રહણ ન કરે તો તેની પૂજા શા માટે કરે? તેનાં મંદિરો શા માટે રચે? તેની પ્રાર્થના શા માટે કરે? તેના યજ્ઞો શા માટે કરે?

આમ પ્રસાદ ન ગ્રહણ કરવાની પરંપરા દ્વારા શિવને અનાર્ય દેવ ગણી શકાય નહીં.

૩. હડપ્પા અને મોહેં-જો-દડોના અવશેષોમાં શિવલિંગ મળી આવ્યાં તેટલા માત્રથી શિવ અનાર્ય દેવ છે તેમ સિદ્ધ થઈ શકે નહીં. કોઈ પણ અનુમાન પ્રક્રિયાને આટલી હદ સુધી લંબાવી શકાય નહીં. શિવલિંગ ત્યાં કેવી રીતે અને ક્યા સ્વરૂપે હતું તે આપણે કહી શકીએ તેમ નથી, તેથી આવા એકાદ અવશેષ દ્વારા શિવને અનાર્ય દેવ સાબિત કરવા તે અસંગત દલીલ છે.

૪. શિવલિંગને શિવશિશ્ન માનવું તે જ બરાબર નથી. શિવલિંગ શિવતત્ત્વનું ચિહ્ન છે. શિવલિંગ એટલે શિવનું ચિહ્ન, પરંતુ શિવનું શિશ્ન નહીં. આમ શિવલિંગ તે શિવશિશ્ન નથી જ. તેથી શિશ્નપૂજાના અનુમાન દ્વારા શિવને અનાર્ય દેવ માની શકાય તેમ નથી.

આમ શિવને અનાર્ય દેવ માનવા માટેની ચારે દલીલો વજૂદ વગરની છે.

શિવ વૈદિક દેવ છે તેવા પાર વિનાના પુરાવા વૈદિક સાહિત્યમાં મળી આવે તેમ છે. વેદમાં અનેક સ્થળે રુદ્રનાં સૂકતો છે. ‘અષ્ટાધ્યાયી રુદ્રી’ વૈદિક મંત્રોનો જ સમુચ્ચય છે. રુદ્રીનો પાંચમો અધ્યાય શતરુદ્રી ગણાય છે. તેમાં રુદ્રની જ વંદના કરેલી છે. વૈદિક ભાષામાં જે રુદ્ર છે, તે જ પૌરાણિક ભાષામાં શિવ છે. ‘યજુર્વેદ’ના નમનાનુવાકના આઠમા અનુવાકના ત્રણ મંત્રો અહીં જોઈએ:

**नमः शंभवे च मयोभवे च ।।९।।**

**नमः शंकराय च मयस्कराय च ।।१०।।**

**नमः शिवाय च शिवतराय च ।।११।।**

રુદ્રને નમન કરનારા આ ત્રણે મંત્રોમાં શિવનાં ત્રણ નામો છે: શંભુ, શંકર અને શિવ.

વેદમાં આવાં બીજાં પણ અનેક સૂક્તો અને મંત્રો છે, જેમના પરથી સ્પષ્ટતાઃ સિદ્ધ થાય છે કે રુદ્ર અર્થાત્ શિવ એક વૈદિક દેવ છે, જે દેવનાં વેદમાં આટલાં ગુણગાન ગવાયાં છે, આટલી પ્રાર્થના થયેલ છે તે દેવને અનાર્ય ગણવા તે સર્વથા અસત્ય છે.

આદિથી અંત સુધી શિવ આર્ય પ્રજાના ઈષ્ટદેવ છે. આર્ય પ્રજાના હૃદયમાં તેમનું સ્થાન અબાધિત છે. શિવને અનાર્ય દેવ ગણીને



પ્રજાની અસ્મિતાને તોડવાનો પ્રયત્ન કરવો તે રાષ્ટ્રીય અપરાધ તો છે જ, પણ તેથીયે વિશેષ તો તે એક શિવ-અપરાધ છે.

**૨. શિવલિંગ શિવશિશ્ન છે?**

આપણે જોઈ ગયા તે પ્રમાણે ‘લિંગ’ પદનો અર્થ અહીં શિશ્ન નહીં, પરંતુ ચિહ્‌ન છે, તેથી શિવલિંગ એટલે શિવનું શિશ્ન નહીં, પરંતુ શિવતત્ત્વનું અર્થાત્ બ્રહ્મતત્ત્વનું ચિહ્‌ન.

વેદમાન્ય ભારતીય પરંપરામાં શિશ્નપૂજા, યોનિપૂજાને કોઈ સ્થાન નથી. ભારતમાં વામતાંત્રિકો સિવાય કોઈએ આવી પૂજાને માન્ય પણ ગણી નથી અને સ્વીકારી પણ નથી. વામતાંત્રિકો પણ શિશ્નપૂજા કે યોનિપૂજા એકાંતમાં ગુપ્ત રીતે કરતા અને તેમને તથા તેમની આવી વિધિઓને સમાજ તરફથી ત્યાજ્ય અને બહિષ્કૃત ગણવામાં આવેલ છે, તેથી સ્પષ્ટ થાય છે કે ભારતીય સમાજે યોનિપૂજા કે શિશ્નપૂજાનો વ્યાપક રીતે અને ખુલ્લી રીતે ક્યારેય સ્વીકાર કર્યો નથી.

શિવપૂજા તો ભારતમાં વ્યાપક રીતે થાય છે, સમાજમાન્ય ગણાય છે. શિવલિંગ ભારતના સર્વ હિન્દુઓ માટે હંમેશાં વંદનીય અને પૂજનીય જ ગણાયાં છે. શિવપૂજા તો ભારતમાં સર્વમાન્ય. ગણમાન્ય અને સાર્વભૌમ ગણાય છે. આવી સાર્વભૌમ ધાર્મિક વિધિને શિશ્નપૂજાનું સ્વરૂપ ગણવામાં આવે તો તે માત્ર ભૂલ જ નહીં, પરંતુ અપરાધ પણ છે.

કેટલાક વામણા અને દૃષ્ટિહીન વિદ્વાનો (?)એ આવી વાત વહેતી મૂકી છે કે શિવલિંગ તે શિવશ્નિનું પ્રતીક છે, પરંતુ વાતાવરણમાં વહેતા મુકાયેલા આ વિચારનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

આપણા માટે સૂર્ય જેવું સ્પષ્ટ અને પહાડ જેવું નિશ્ચિત સત્ય એ છે કે શિવલિંગ એટલે બ્રહ્મતત્ત્વનું ચિહ્‌ન કે પ્રતીક.

વસ્તુતઃ તો આવા મોં-માથા વિનાના આક્ષેપનો ઉત્તર પણ ન આપવો જોઈએ. ઉત્તર આપવા જેટલી યોગ્યતા પણ આક્ષેપમાં નથી, પરંતુ આવા આક્ષેપોનો પ્રચાર થયો છે. પુસ્તકોમાં પણ આવા આક્ષેપોને સ્થાન આપવામાં આવે છે. સજ્જનો પણ છેતરાય છે. આવી પરિસ્થિતિ હોવાથી આવા તથ્યહીન આક્ષેપોનો ઉત્તર આપવાનું સંજોગોવશાત્ આપણા માથે આવી પડે છે.

ઉપસંહારઃ

**‘तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर ।**
**यादृशोऽसि महादेव तादृशाय नमो नमः ।।’**

‘હે મહેશ્વર (મહાદેવ)! તમે કેવા છો, તે તમારું તત્ત્વ હું જાણતો નથી. તમે જેવા હો તેવા, હે મહાદેવ! હું તમને નમસ્કાર કરું છું.’

શિવતત્ત્વ અનંત છે, તેનો મહિમા અનંત છે, તેનું સ્વરૂપ અમાપ અને અગમ્ય છે. તેને પૂરેપૂરું કોણ જાણી શકે?

શિવની કૃપાથી અમે શિવતત્ત્વને કંઈક જાણીએ છીએ અને જે કાંઈ જાણીએ છીએ તે શિવનાં ચરણોમાં સમર્પિત કરીએ છીએ.

**ॐ त्र्यंबकं यजामहे सुगंधि पुष्टिवर्धनम् ।**
**उर्वारूकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात्।।**

‘સુગંધ અને પુષ્ટિનું વર્ધન કરનાર ત્રિનેત્ર શિવનું અમે યજન કરીએ છીએ. કાકડી જેમ વેલાના બંધનથી મુક્ત થાય, તેમ તે (શિવ) અમને મૃત્યુ (રૂપી સંસાર)માંથી મુક્ત કરે, પણ (પરમતત્ત્વરૂપ) અમૃતથી નહીં.’

### હિન્દુત્વની હાંસી ન ઉડાવો

કેટલાક વિદેશીઓ અને કેટલાક વિધર્મીઓ હિન્દુ ધર્મની હાંસી ઉડાવે છે. તેમના અનુકરણરૂપે કેટલાક હિન્દુત્વવિરોધી હિન્દુઓ પણ હિન્દુ ધર્મની ટીકા કરે છે. આ ટીકા યુવાન પેઢી સમક્ષ પહોંચે છે અને તે ગેરમાર્ગે દોરાય છે અને ગેરસમજનો ભોગ થઈ પડે છે.

વિરોધનો પ્રત્યુત્તર વિરોધ નથી, ટીકાનો જવાબ ટીકા નથી, આક્રોશનું નિરાકરણ આક્રોશ નથી. નિરાકરણ સમજ દ્વારા મળે છે, સંઘર્ષ દ્વારા નહીં. જેમને ટીકા કરવી જ છે, તેમને રોકી શકાય તેમ નથી, પરંતુ ટીકાકારો હિન્દુ ધર્મનાં જે તત્ત્વોને અનુલક્ષીને ટીકા કરે છે, હાંસી ઉડાવે છે, તે તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ શું છે તે આપણે કહી શકીએ, તે તત્ત્વોને યથાર્થ સ્વરૂપે સમજી શકીએ અને જેઓ સમજવા ઈચ્છે તેમને સમજાવી શકીએ, પરંતુ જેમને સમજવું જ નથી તેમને બ્રહ્માજી પણ ન સમજાવી શકે.

હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ, હિન્દુ તત્ત્વજ્ઞાન અને હિન્દુ પરંપરાનાં જે તત્ત્વોને નિમિત્ત બનાવીને હિન્દુત્વની ટીકા કરવામાં આવે છે, તે તત્ત્વો તેમના યથાર્થ સ્વરૂપે શું છે તેની વિચારણા અહીં પ્રસ્તુત છે:


**૧. આપણું કથાસાહિત્ય**

આપણાં પુરાણો, મહાકાવ્યો આદિ ગ્રંથો આપણું કથાસાહિત્ય છે. આ કથાઓમાં કેટલાક પ્રસંગો એવા પણ છે કે જે પ્રથમ દૃષ્ટિએ અને તેમના બાહ્ય સ્વરૂપે અશક્ય લાગે અને કેટલાક પ્રસંગો જો તેના સ્થૂળ અર્થમાં જ લઈએ તો અરુચિકર પણ લાગે.

આપણા કથાસાહિત્યના યથાર્થ સ્વરૂપ વિશે વિગતવાર વિચારણા આ પુસ્તકમાં અન્યત્ર કરી હોવાથી તે વિશે પુનરાવર્તન અનાવશ્યક છે. અહીં માત્ર એટલું જ નોંધવું આવશ્યક છે કે આપણા કથાસાહિત્યને માત્ર સ્થૂળ રૂપે અને માત્ર બહિરંગ દૃષ્ટિથી જોઈએ તે પર્યાપ્ત નથી. જો આપણે આ કથાસાહિત્યને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ અને તેના સાંકેતિક અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ, તો નિશ્ચિતપણે સમજી શકાશે કે આ પુરાણકથાઓ હાંસીને પાત્ર નથી, ગૌરવને પાત્ર છે, એટલું જ નહીં, પણ આ કથાસાહિત્ય અધ્યાત્મવિદ્યાનો મહામૂલો ખજાનો છે. (ક્રમશઃ)■

## અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



# એ પદ વીરલા બૂઝૈ... કબીર

*પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા...*
*ઉલટ ચલ્યા સો નગરીમેં પહોંચ્યા, મારગ ચલ્યા સો લૂંટાણા રે,*
*એક વેલડિયે સબ જગ બાંધા, કૌન છૂટા કૌન બંધાણા રે...*
*ઝાડ ચડત એક મછલીકો દેખ્યા, ચન્દ્ર સૂરજ દોનું સાખે રે,*
*કીડી ને કુંજર લડતા દેખ્યા, કૌન જીત્યા કૌન હારા રે...*
*- પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા...૦*
*નાગો કહે મારા વસ્ત્ર હેરાણા, અંધા કહે મેં દેખ્યા રે,*
*બહેરા કહે મેં તો બૂમ જ સાંભળી, પંગુ કહે મેં પહૂંચા રે...*
*અગન કહે મને સીત લગત હે, પાની કહે મેં પ્યાસા રે,*
*અન્નદેવ કહે મને ક્ષુધા રે લાગી,ગ્રંથ કહે મેં લૂખા રે...*
*- પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા..૦*
*કહત કબીર સૂનો ભાઈ સાધુ, એ પદ વીરલા બૂઝે રે,*
*આપ તરે, ઓર નકું તારે, તિનોં ભવન વાકું સૂઝે રે...*
*- પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા...૦*

શરીર કહે છે કે મેં એવાં તે ક્યાં અપરાધો કર્યાં છે કે મારા પર એક પાપી રાજા મન રાજ કરે છે ? અને મને અનેક પ્રકારના અપરાધો કરાવ્યા જ કરે છે ? એ મન મારી અંદર વસેલા શુદ્ધ આત્માનું કંઈ ચાલવા દેતું જ નથી અને બધી ઈન્દ્રિયોને નચાવ્યા કરે છે?

યોગીજનો કે જેમણે પોતાના શ્વાસ-ઉચ્છવાસ ઉપર કાબૂ મેળવ્યો છે અને પવન રૂપી- શ્વાસ રૂપી ઘોડાને ઊલટી ચાલે ચલાવ્યો છે, નાભિથી ખેંચીને બહાર કાઢ્યો છે તે પોતાના ગંતવ્યસ્થાને- એટલે કે નિજધામમાં, શૂન્ય શિખર સુધી, પોતાની નગરી સુધી પહોંચી ગયા છે પણ શ્વાસની આવનજાવનને ઓળખ્યા વિના અણજાણપણે જ જે સૌ પ્રાણીઓની માફક પોતાના શ્વાસની ધમણ ચલાવતા રહ્યા છે તે કાળ રૂપી લૂંટારાને હાથે લૂંટાઈ જાય છે. માયા રૂપી એક વેલમાં સૌ બંધાયેલા છે એમાંથી કોઈ સંત,ભક્ત, યોગીપુરુષો છૂટા રહી શકે છે.

યોગી પુરુષ પોતાની અધોગામી વૃત્તિઓને ઉર્ધ્વગામી બનાવીને, જેમ માછલી હંમેશાં ઉલટા જળપ્રવાહમાં તરી શકે એમ, ચન્દ્ર સૂર્ય નાડી, ગંગા યમુના નાડી, ઈડા પિંગલા નાડીને સ્થિર કરીને, સાક્ષી રૂપ બનાવીને, સુષુમ્ણા નાડીને જાગૃત કરીને, પોતાની ચેતનાને- પોતાની સુરતાને શૂન્ય શિખર પર પહોંચાડે છે, કીડી એટલે જીવાત્માની સામે વિષયોની આસક્તિ,કાયાની આસક્તિ સમાન પ્રચંડ હાથી યુદઘ કરે છે, એમાં સામાન્ય જીવ હારે પણ યોગી-સાધક-સિદ્ધ-ભક્ત-સંતનો જીવાત્મા એ હાથીને પણ યુદ્ધમાં પરાસ્ત કરી દે છે.

યોગીજનો કહે છે કે મારા આત્માને કોઈ વસ્ત્ર-આવરણ નથી, માયાના અનેક આવરણોને મેં ફગાવી દીધાં છે, પોતાની બાહ્ય આંખોને બંધ કરીને- આંધળો થયો એટલે અંતર્ચક્ષુથી પરમાત્માને જોઉં છું, મારા બાહ્ય કર્ણોને બંધ કરી દીધાં છે એટલે તો અનાહત-અનહદ બ્રહ્મનાદને અવિરત સાંભળી રહ્યો છું, ભૂખ, તરસ, આળસ, કામ, ક્રોધ, મોહ, લાલચ, ઈર્ષ્યા, અદેખાઈ જેવી અનેક કામનાઓથી રહિત થઈને હું પંગુ એટલે કે પાંગળો થયો છું અને એટલે જ પરમાત્માના ઘર સુધી, અલખધણીના મહેલ સુધી પહોંચી ગયો છું.


આ પંક્તિઓનું અર્થઘટન આપણા સંતોએ અનેક રીતે કર્યું છે. કોઈ કોઈ સંતો નીચે મુજબ પણ અર્થ કરે છે કે- બ્રહ્મજ્ઞાન વિનાના આંધળા તો વારંવાર બૂમો પાડી પાડીને કહેતા ફરે છે કે મેં ભગવાનને જોયો છે, બહિર્મુખી વૃત્તિવાળા, જેમણે કદી પોતાના આત્માના મૂળ અવાજને સાંભળ્યો જ નથી એ કહે છે કે મેં ભગવાનનો અવાજ સાંભળ્યો છે અને મારા શરણે આવો, મારી કંઠી બંધાવો તો તમને સંભળાવી શકું તેમ છું. અને જે સાવ પાંગળા છે, વૃત્તિઓથી ઘેરાયેલા ને બંધાયેલા છે એવા અપંગ કહે છે કે હું તો આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનના શિખર સુધી પહોંચી ગયો છું.

અગ્નિને ક્યારેય ઠંડી લાગે?, પાણી ક્યારેય તરસ્યું હોય? અનાજને ભૂખ લાગે? ગ્રથ(ઘૃત-ઘી) ક્યારેય સ્નિગ્ધતા-ચીકાશ વિનાનું હોય? પણ આ અવળવાણી છે. જે પિંડમાં કામાગ્નિ, વૈરાગ્નિ, જઠરાગ્નિ જેવી આગ ભડભડતી હોય એને તો બળવાનું જ હોય પણ જો બ્રહ્માગ્નિ પ્રગટે તો અન્ય તમામ અગ્નિ ઠરી જાય અને સાધકને પરમ કૃપાની શીતળતા પ્રાપ્ત થઈ જાય. જળ-પાણી-બિન્દુ-રજ-વીર્ય પોતે કાયમ વાસના માટે તરસ્યાં જ રહે છે, તરફડતાં રહે છે પણ એને જો એકવાર પ્રભુપ્રેમની તરસ-પ્યાસ જાગૃત થઈ જાય તો પછી એ હરિરસ-પ્રેમરસ-ભક્તિરસ સિવાય બીજી કોઈ વાસનામાં ખેંચાતા નથી. એક વખત સત્સંગનો, ભજનનો આહાર કર્યો હોય પછી સતત એની જ ઝંખના રહે છે, પછી એને તમામ શાત્ર-પુરાણો-ગ્રંથો લુખ્ખાં લાગે છે, કારણ કે એમાં માત્ર શબ્દો છે, એનો મર્મ જાણે અને એ મુજબ જીવતર જીવે , આત્મસાધના કરે તો જ અનુભૂતિના ક્ષેત્રમાં પ્રવેશી શકે.

સદ્ગુરુ કબીરસાહેબ સાધુજનોને ઉદેશીને કહે છે કે આ ઊલટવાણીને કોઈક વીરલા જ પારખી શકે છે અને એ પદ- એ સ્થાન સુધી પહોંચી શકે છે, જે પોતે ભવસાગર તરી ગયા હોય અને અન્ય જિજ્ઞાસુઓને પણ તારી શકે, જેમને ત્રણે ભવન-પૃથ્વી,પાતાળ અને આકાશ.. ત્રણે કાળ ભૂત, વર્તમાન અને ભવિષ્ય તથા ત્રણે ગુણ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણના તમામ રહસ્યોનું જ્ઞાન થઈ ગયું હોય, જેને આપણે ત્રિકાળજ્ઞાની, બ્રહ્મવેત્તા,અવધૂત, સિદ્ધ કે યોગી તરીકે ઓળખીએ છીએ. ■

## ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com



# સ્વાધ્યાય

ગત અંકમાં સત્યની છણાવટ કરીને હવે ભગવાન કૃષ્ણ અન્ય દૈવી ગુણ ‘સ્વાધ્યાય’ પર પ્રકાશ પાથરે છે, તેને સમજીએ.

સ્વાધ્યાય એ સંસ્કૃત શબ્દ છે, જેમાં ‘સ્વ’ એટલે કે પોતાનું અને ‘અધ્યાય’ એટલે અભ્યાસ. આ શબ્દનો અર્થ થાય છેઃ પઠન અને અધ્યયનનો નિત્ય અભ્યાસ! ‘સ્વાધ્યાય’ શબ્દ પોતાનો અભ્યાસ કરવા, જાતને જાણવા અને આધ્યાત્મિક અને બૌદ્ધિક વિકાસ માટે પ્રયાસ કરવાનો સૂચક શબ્દ છે. અહીં સ્વ-મૂલ્યાંકન અને શીખવાની ઇચ્છા મુખ્ય છે. આ માત્ર અભ્યાસક્રમ પૂરતું મર્યાદિત નથી પરંતુ જીવન નિર્માણની બધી જ અવસ્થાઓમાં ઉપયોગી છે.

હા, સ્વાધ્યાય એટલે પોતાને સારી રીતે ઓળખવાનો, શીખવાનો અને પોતાના જીવનમાં ઊંડાણપૂર્વક પરિવર્તન લાવવાનો માર્ગ. આજના ઝડપભર્યા જીવનમાં જ્યાં તમામ કીર્તિ અને સમૃદ્ધિ બાહ્ય પ્રગતિ પર આધાર રાખે છે, ત્યાં સ્વાધ્યાય જીવનને આંતરિક દૃષ્ટિથી મજબૂત અને અર્થપૂર્ણ બનાવે છે.

આપણાં શાસ્ત્રો કહે કે કે સ્વાધ્યાયના માધ્યમથી વ્યક્તિના વિચારશક્તિનો વિકાસ થાય છે. તે પોતાના ઘડેલા નિર્ણયો અને વિવેકશક્તિમાં સુધારો કરી શકે છે. સ્વાધ્યાય દ્વારા નીતિ, પરમાર્થ અને જીવનના ઉદ્દેશ્યનું સમજણ થઈ શકે છે. વળી, આપણા પ્રાચીન ગ્રંથો અને આધ્યાત્મિક સાહિત્યના અધ્યયન દ્વારા જીવનમૂલ્યોને સારી રીતે સમજવા મદદ મળે છે. જીવનમાં શું મહત્ત્વનું છે તે સમજી શકાય છે. તેનાથી સમયનો યોગ્ય ઉપયોગ કરવો અને કામને મહત્ત્વ પ્રમાણે વર્ગીકૃત કરવું શક્ય બને છે.

ગીતાના સંદર્ભમાં, સ્વાધ્યાય માત્ર એક લૌકિક અભ્યાસ વિધિ નથી, તે જીવન જીવવાની એક રીત છે. તે જીવનના વધુ ઊંડા પ્રશ્નો, જેમ કે ‘હું કોણ છું?’ ‘મારા જીવનનો ઉદ્દેશ્ય શું છે?’ નો ચિંતન કરવા માટે પ્રેરિત કરે છે. તે આપણને આત્મા અને પરમાત્મા વચ્ચેના બંધને મજબૂત કરવા પ્રેરિત કરે છે. સ્વાધ્યાય એ આધ્યાત્મિક વિકાસ માટેનું સાધન છે, જે જીવનને મોક્ષ માર્ગે અગ્રેસર કરે છે. આનાથી સમજાય છે કે પોતાના આદર્શો અને કાર્યોનું અવલોકન કરવું નિતાંત આવશ્યક છે. એટલે જ અહીં સ્વાધ્યાયને જીવનમાં દૈવી ગુણોના વિકાસ માટે જરૂરી ગણવામાં આવ્યો છે.

મહાત્મા ગાંધીજીના જીવનમાં સ્વાધ્યાયને વિશેષ સ્થાન હતું. તેમના જીવનની અનેક પ્રેરક ઘટનાઓ સ્વાધ્યાયના મહત્વને વ્યક્ત કરે છે. ગાંધીજી પોતાની ઉંમરના ત્રીજા દાયકામાં જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતા. ત્યાં તેમના જીવનને નવી દિશા આપે એવી એક પરિવર્તનકારી ઘટના બની. તેઓ પોતાનાં જીવનના કેટલાક નિર્ણયો અને માન્યતા અંગે સંશયમાં હતા. આ સંદર્ભે તેમને ‘ભગવદ્ ગીતા’ અને અન્ય શાસ્ત્રો વાંચવાની પ્રેરણા મળી. તેઓ દક્ષિણ આફ્રિકા દરમિયાન રોજે-રોજ ગીતાનું અધ્યયન કરતા. એટલે કે સ્વાધ્યાય કરતા. આ ક્રિયા તેમના આંતરિક વ્યક્તિત્ત્વને મજબૂત બનાવતી હતી.

તેમણે એક વાર લખ્યું છેઃ

‘સ્વાધ્યાયનો લાભ એ છે કે તે તમે જે કંઈ વાંચો છો તે તમારા જીવનના સાચા જીવનમૂલ્યો સાથે જોડાવા શીખવે છે.’

તેઓ અન્ય ઉત્તમ પુસ્તકોનો પણ સ્વાધ્યાય કરતા. એક દિવસ, ગાંધીજી પૌષ્ટિક આહાર વિશે પુસ્તક વાંચી રહ્યા હતા, જેમાં માનવ શારીરિક શક્તિ માટે શ્રમ, સાધનાનું મહત્ત્વ અને નિયમિત જીવનશૈલી પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાંથી પ્રેરિત થઈને તેમણે સ્વચ્છતા અને શ્રમની મહત્તા સમજવામાં ઊંડાણપૂર્વક રસ લેવો શરૂ કર્યો.

આ વાંચનના પરિણામે તેઓએ પોતે નક્કી કર્યું કે બિનજરૂરી ઢોંગ અને આડંબરથી દૂર રહેવું જોઈએ. પોતાના કામકાજ માટે તેઓ પોતાની સાથે જોડાયેલા મજૂરોને શ્રમ કરવા માટે પ્રેરણારૂપ બન્યા. તેઓએ પોતાના કામકાજ માટે અન્ય પર આધાર રાખવાને બદલે પોતે ઘરકામ અને નાની-મોટી સેવાઓ કરી શ્રમનું મહત્ત્વ સમજાવ્યું.

આ વિષયે મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે -

ઉત્તમ પુસ્તકોનું વાંચન, જેવા કે શ્રદ્ધાસ્પદ સાહિત્ય, ધર્મગ્રંથો અને આત્મવિશ્વાસ વધારનારા લેખન સાથે સમય પસાર કરો. તમે જીવનમાં શું કરવા માગો છો અને કેમ, તે પ્રશ્નોનો ઉત્તર શોધો. નિત્ય સ્વાધ્યાય દ્વારા મનને શાંત કરી જીવનના ધ્યેય તરફ પ્રયાણ કરો.

ગ્રંથોના વાંચન દ્વારા તમારામાં રહેલી ખામીઓ પર કામ કરો અને તમારા ગુણોને વધુ મજબૂત બનાવો. હા, આવો જ અભ્યાસ વ્યક્તિના આત્મમૂલ્યાંકન અને આત્મશોધનો માર્ગ દર્શાવે છે.

ટેકનોલોજી અને સામાજિક પ્રસાર માધ્યમો પર નિર્ભરતાના સમયમાં આજના લોકો ભૂલી જાય છે કે સ્વાધ્યાય જીવનના સાચા અર્થ અને ધ્યેયને ફરીથી શોધવામાં મદદરૂપ થાય છે. તે વ્યક્તિને તેની આંતરિક શક્તિઓને ઓળખવામાં અને તેનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં મદદ કરે છે. સ્વાધ્યાય એ જીવનનું સૌંદર્ય છે, જે દરેકને પોતાની અંદરના સત્યને શોધવા પ્રેરિત કરે છે. ■


## ફોક્સ

ભારતી શાહ
feedback@bombaysamachar.com

# કુમારપાળને જીવન પર્યંત માંસાહાર ને મદિરાપાન છોડવાની આજ્ઞા મળી

(ગતાંકથી ચાલુ)

જે રીતે મહાવીર અને ગૌતમ, કૃષ્ણ અને અર્જુન, રામ અને હનુમાનની જોડી હતી તેવી જ રીતે સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળની જોડી બંધાઈ ગઈ હતી એટલું જ નહીં પણ વિશ્વમાં અમર થઈ ગઈ છે. વિ. સંવત ૧૧૯૯ આવતાં કુમારપાળ પાટણ આવી પહોંચ્યા. તેમની બહેન પ્રેમલદેવીના ઘરે રહ્યા. બનેવી કૃષ્ણદેવે તેને યોગ્ય સન્માન સાથે સાચવ્યા. કુમારપાળના પાટણ આવ્યા બાદ સાતમાં દિવસે જ સિદ્ધરાજનું મૃત્યુ થયું અને માગસર વદ ૪નાં દિવસે સર્વાનુમતિથી કુમારપાળનો રાજ્યાભિષેક થયો. આ સમાચાર ખંભાતમાં મળતા પૂ. ગુરુદેવ પણ વિહાર કરીને રાજા કુમારપાળે ભગવાન સોમનાથનું કાષ્ટ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો ને કામમાં કોઈ વિઘ્ન ન આવે અને કામ જલ્દી પૂરું થાય તે માટે શ્રી હેમચંદ્રાચાર્યએ તેને બે પ્રતિજ્ઞા આવી વ્રત પાલન કરવા કહ્યું, ‘તું માંસાહાર જીવન પર્યંત નહીં કરે અને મદિરાપાન છોડી દેવાની આજ્ઞા આપી.’ બે વર્ષનાં અંતે સોમનાથ મહાદેવનું મંદિર બંધાઈ જતાં કુમારપાળે તેમને દર્શન કરવા પધારવા વિનંતી કરી. ગુરુદેવે વિનંતીનો સ્વીકાર કરતાં કુમારપાળના રોમે રોમ નાચી ઉઠ્યા. ગુરુદેવે બે હાથ જોડી, નત મસ્તકે સ્તુતિ કરી, જેઓના રાગ-દ્વેશ નાશ પામી ગયા છે તેવા બ્રહ્મા હોય કે વિષ્ણુ હોય કે મહાદેવ હોય, તેમને હું વંદન કરું છું. સ્તુતિ સાંભળી રાજા નાચી ઉઠ્યો. ગુરુદેવને પૂછ્યુંઃ ‘એવો કયો ધર્મ છે અને એવા કયા દેવ છે કે જે મને મોક્ષ અપાવી શકે?’ ગુરુદેવ રાજાને હાથ પકડી ગર્ભગૃહની અંદર લઈ ગયા અને કહ્યુંઃ ‘જો હું તમને આ દેવનાં પ્રત્યક્ષ દર્શન કરાવું, તે દેવ જેમ કહે તેમ તેની ઉપાસના તમારે કરવી. એમ કહીને ગુરુદેવે કુમારપાળને જણાવ્યું કે જ્યાં સુધી હવે શંકર ભગવાન પ્રગટ ન થાય ત્યાં સુધી તારે ધૂપદાનીમાં સુગંધી ધૂપ નાખ્યા કરવાનો.’ આમ કહી ગુરુદેવ પાટણ આવ્યાં. કુમારપાળે નમીને વંદના કરી અને ત્રણ-ત્રણ વખત પ્રાણ બચાવવા બદલ આખું રાજ્ય



તમે સ્વીકારો એવો આગ્રહ હેમચંદ્રાચાર્યને કર્યો. હેમચંદ્રાચાર્યએ જૈન સાધુના આચાર સમજાવ્યા અને તું તારું આત્મકલ્યાણ કર, તે માટે જિનેશ્વર ભગવંતનો ધર્મ સ્વીકારવા કહ્યું. કુમારપાળે સમંતિ આપતા કહ્યું, ‘આપના સતત સાંનિધ્યમાં રહી હું કંઈક તત્ત્વ પ્રાપ્તિ કરી શકીશ.’

ગુરુદેવે ગર્ભદ્વાર બંધ કર્યું. આચાર્ય શ્રી અને કુમારપાળ બંને અંદર છે. ધૂપના ગોટેગોટાથી આખો ગભારો ભરાઈ ગયો. ઘીના દીવાઓ ઓલવાઈ ગયા ત્યાં ધીરે ધીરે શંકર ભગવાનના લિંગમાંથી પ્રકાશ ફૂટવા લાગ્યો અને એક દિવ્ય આકૃતિ પ્રગટ થઈ. સુવર્ણ જેવી કાયા, માથે જટા, જટામાંથી વહેતી ગંગા અને ઉપર ચંદ્રકળા. કુમારપાળ તો અવાચક બની ગયા પોતાના હાથ ફેરવીને તપાસી લીધું કે, ‘આ જ શંકર દેવતા છે અને જમીન ઉપર પોતાના પાંચ અંગ અડાડી પ્રણામ કર્યો.’

પ્રાર્થના કરીઃ ‘હે! જગદીશ આપનાં દર્શનથી હું પાવન થયો છું, મારા ઉપકારી ગુરુદેવના ધ્યાનથી આપે મને દર્શન દીધાં છે, મારો આત્મા હર્ષથી નાચી ઉઠ્યો છે.

ભગવાન સોમનાથનો ધ્વની મંદિરમાં ગૂંજી ઊઠ્યો. કુમારપાળ મોક્ષ અપાવનાર ધર્મ જો તું ઈચ્છતો હોય તો આ સાક્ષાત, પરબ્રહ્મ જેવા સૂરિશ્વરની સેવા કર. સર્વ દેવોના અવતાર રૂપ, સર્વશાસ્ત્રોના પારગામી, ત્રણે કાળના સ્વરૂપને જાણનારા એવા આ હેમચંદ્રસૂરીની દરેક આજ્ઞાને પાળજે. જેથી તારી બધી મનોકામના ફળીભૂત થશે. આટલું કહીને શંકર સ્વપ્નની જેમ અદ્રશ્ય થઈ ગયા. કુમારપાળ તો હેમચંદ્રાચાર્યનાં ચરણોમાં પડી ગયો, અને નાભિના નાદપૂર્વક કબૂલાત કરી કેઃ નહે! ગુરુદેવ આજે આપના પ્રત્યેના મારાં તમામ સંશયો ઓગળી ગયા છે. જીવનપર્યંત માટે હવે આપ જ મારા ગુરુ છો. માર્ગ દાતા છો. આપ કહો તે ધર્મ જ મારું સર્વસ્વ છે.’

આ ઘટનાના સમાચાર આંધીની જેમ સર્વત્ર ફેલાયા. તેની જ સાથે શ્રી હેમચંદ્રાચાર્યની અને જૈન શાસનની યશોપતાકા પણ દિંગત સુધી લહેરાવા માંડી. કુમારપાળને સમજાતું ન હતું કે મને ગુરુદેવ માટે કેમ આટલો બધો લગાવ છે? શું પૂર્વભવનો કોઈ ઋણાનુબંધ અમારી વચ્ચે રહેલો હશે?

એકવાર રાજસભામાં શ્રી હેમચંદ્રાચાર્ય પાંચ પ્રશ્નો કુમારપાળે પૂછ્યાં,

૧) - પૂર્વજન્મમાં મારી સ્થિતિ શું હતી?
૨) - આવતા ભવમાં મને કઈ ગતિ મળશે?
૩) - સિદ્ધરાજે મને કેમ પારાવાર દુઃખ આપ્યું?
૪) - આપના પ્રત્યે મને આટલો બધો સ્નેહ કેમ છે?
૫) - ઉદયન મંત્રીને મારા પ્રત્યે પિતા જેવું વાત્સલ્ય કેમ છે?

ગુરુદેવે કહ્યુંઃ ‘કુમારપાળ! પુનર્જન્મ સંબંધી જવાબો તો અતીન્દ્રિયો આપી શકે. કમ સે કમ તે માટે પૂર્વસંબંધી શ્રુતજ્ઞાન જોઈએ. મારી પાસે એવું જ્ઞાન નથી કે વિશિષ્ટ શ્રુતજ્ઞાન પણ નથી, માટે તારા આ પ્રશ્નોનાં સમાધાન શી રીતે આપી શકુ? તેમ છતાં શાસનદેવની મદદથી તારા પ્રશ્નોના જવાબ મેળવવાનો પ્રયાસ કરીશું.’

(ક્રમશઃ)■

## આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ

## આદર્શ પુત્ર-આદર્શ પતિ ને આદર્શ રાજવી

**પોતાના** અવતાર કાર્ય દ્વારા સમાજમાં આદર્શો સ્થાપ્યા એવા મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભારત વર્ષના હૃદય સિંહાસને આજે પણ વિરાજમાન છે.

ભારતની પુનિત ધરતી પર વિવિધ અવતારો પ્રગટ થતા રહ્યા છે તેમાં કહેવાયું છે કે

ત્રેતાયાં રઘુનન્દનઃ

ત્રેતામાં રઘુકુળ શિરોમણિ શ્રીરામચંદ્રનો પ્રાદુર્ભાવ થયો!

- પ્રત્યેક ભારતીયો માટે
- શ્રીરામ ‘મર્યાદા પુરુષોત્તમ’ છે.

* આદર્શ પુત્ર
* આદર્શ પતિ અને
* આદર્શ રાજવીનો ત્રિવેણી સંગમ એમનાં ચરિત્રોમાં જણાય છે.

- એક વચન
- એક બાણ અને
- એક પત્ની એ શ્રીરામચંદ્રજીની વિશેષતા હતી.

અયોધ્યાના રાજવંશ ઈક્ષ્વાકુ કુળમાં રાજા દશરથ અને રાણી કૌશલ્યાને ઘરે ચૈત્ર સુદ નવમીના દિવસે મધ્યાહને ૧૨ વાગે તેઓ પ્રગટ થયા. એ સમયે પુલત્સ્ય ઋષિના પૌત્ર રાક્ષસરાજ રાવણે પૃથ્વી પર હાહાકાર મચાવ્યો હતો. વિદ્વાન અને બ્રાહ્મણ હોવા છતાં તે ધર્મનો શત્રુ હોવાથી રાક્ષસ તરીકે ઓળખાતો હતો. ઋષિઓ ઉપર અને તેમના યજ્ઞો વગેરે ધર્મસ્થાનો પર આતંક મચાવવો એ



તેનું મુખ્ય કાર્ય હતું.

આવા અધર્મના ભયાનક ઉપદ્રવ સામે ધર્મની શક્તિ જ સફળ થાય છે. આથી જ ભગવાન વિષ્ણુ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ તરીકે અયોધ્યાના રાજકુળમાં પ્રગટ થયા હતા. હજુ તો માંડ સોળ વર્ષના હતા, ત્યાં જ તેમના અંતરમાં અધ્યાત્મ ભાવનાઓ જાગી ઊઠી અને ધન - રાજ્ય, માતાપિતા તથા સંસાર છોડી દેવાનું તેમણે નક્કી કર્યું.

આ ધન કે રાજ્ય, માતાપિતા કે આ લોકની ઈચ્છાઓનું શું ફળ છે? તે ત્યાગીને સંસાર છોડવો એજ શ્રેષ્ઠ વિચાર છે.’ આ પછી ગુરુ વસિષ્ઠજી સાથે જે જ્ઞાનસંવાદ થયો તે ‘યોગ વસિષ્ઠ રામાયણ’ તરીકે વિખ્યાત છે.

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે. એક તરફ દશરથજીએ તેમને માટે કરેલા રાજ્યાભિષેકનો નિર્ણય અને બીજી તરફ કૈકેયી દ્વારા તેમના માટે માગેલા ૧૪ વર્ષના વનવાસનું વરદાન. આવી અત્યંત સન્માનની અને તરત જ ભયંકર અપમાનની સ્થિતિ શ્રી રામચંદ્રજીના જીવનમાં અનોખી પળ હતી. જ્યારે વનવાસમાં જવાના સમાચાર મળ્યા ત્યારે તેમના મુખ ઉપર એજ શાંત, સૌમ્ય, મંદ સ્મિતસભર રેખાઓ હતી, જે રેખાઓ રાજ્યાભિષેકના સમાચાર વખતે હતી.

પિતાની આજ્ઞા માનીને શ્રીરામચંદ્રે રાજ્ય કે સત્તા માટે લગાર પણ આસક્તિ દર્શાવી નહીં અને તેમણે લક્ષ્મણને કહેલુંઃ ‘હે લક્ષ્મણ, આ સંસારમાં ધર્મ સર્વશ્રેષ્ઠ છે, ધર્મ જ સત્યનું અધિષ્ઠાન છે અને પિતાની આજ્ઞા એજ ધર્મને આશ્રિત હોવાથી ઉત્તમ ઉદાહરણ એમણે પોતાના વર્તનથી પૂરું પાડ્યું હતું.

કઠોર તપશ્ચર્યા, રાક્ષસો સાથેનાં ભીષણ યુદ્ધો, ઋષિવર્યોના તીર્થો અને આશ્રમોમાં સત્સંગ અને સીતાહરણ પછીના ભીષણ સંહારમાં રાવણનો નાશ, એ એમનાં યુગવર્તી કાર્યોમાંનું શ્રેષ્ઠ કાર્ય હતું, પરંતુ તેમાં સદ્ગુણોની સૌરભ અને શ્રીરામચંદ્રની આંતર ભાવનાનું પ્રતિબિંબ તો ત્યારે જોવા મળે છે કે જ્યારે શ્રીરામ લંકાથી પુનઃ ‘પુષ્પક’ વિમાનમાં અયોધ્યા પધારે છે અને સૌપ્રથમ આત્મગ્લાનિથી પીડાતાં રાજમાતા કૈકેયીને મળે છે.

શ્રીરામ કૈકેયીને પગે લાગીને કહે છેઃ ‘હે માતા, આપનાં ચરણકમળની જ કૃપા છે કે મને આ વનવાસથી કેટલું જાણવા મળ્યું. મારા પિતાનો સ્નેહ, ભરતે મારા માટે કરેલો રાજગાદીનો ત્યાગ, હનુમાનનું બળ, સુગ્રીવની મિત્રતા, લક્ષ્મણની અમાપ ભક્તિ, સીતાજીની પવિત્ર પતિવ્રતા ભક્તિ, મારા બાહુબળનું ઐશ્વર્ય, દ્વેષી લોકોનો વેરભાવ - આ બધું જો તેં કૃપા કરી ન હોત, તો હું કેવી રીતે જાણી શકત?’

કષ્ટ આપવામાં જે નિમિત્ત હતાં, એવા માતા કૈકેયીની સંવેદનાને શ્રીરામે કેટલી હળવાશથી સ્પર્શ કર્યો છે.

‘રામાયણ’ના પ્રત્યેક પાત્રમાં આવું ગુણમાધુર્ય છે, એક પ્રકારની દિવ્ય શક્તિનું તેજ છે.

સીતાજીને વિના વાંકે અયોધ્યા છોડવાનો વારો આવ્યો અને શ્રીરામે ધોબીના વચને તેમના વાલ્મીકિના આશ્રમમાં ત્યાગ કર્યો ત્યારે પણ સીતાજી હૈયાફાટ રુદન કરતાં કહે છેઃ ‘હે રામ, આપ જ મારા જન્મોજન્મના ભરથાર થજો. પણ તમારો વિયોગ કદી ન થજો.’

ચૌદ-ચૌદ વર્ષ સીતાજીની સાથે વિચરણ કરવા છતાં તેમના મુખનું દર્શન ન કરનાર બ્રહ્મચારી - યતિવર લક્ષ્મણજીનું બ્રહ્મચર્ય આપણા કાળજાં વીંધી નાખે તેવું અનન્ય છે.

હનુમાનજીની દાસત્વ ભક્તિનાં તેજ, વિભીષણની અસુર કુળમાં પ્રગટવા છતાં ભ્રાતૃભક્તિ છોડીને રામભક્તિની લગન, ગુહ રાજાની નિર્દોષ ભક્તિ અને શબરીની પ્રતીક્ષા. રામાયણમાં બધું જ આદર્શ છે.

આજે પણ શ્રીરામે પ્રવર્તાયેલું ‘રામ રાજ્ય’ આપણો આદર્શ છે. સુશાસન, સુવ્યવસ્થા, ધર્મ, શાંતિ અને સદાચાર જેવા સદ્ગુણોની પૂર્ણતાનો દ્યાતક આ શબ્દ એવો છે, જેની તુલના બીજા કોઈ સાથે કરી શકાય તેમ નથી. એ શાસનથી આ દેશ ધન્ય બન્યો હતો, ધન્ય બન્યો છે અને સદા ધન્ય બની રહેશે. ■



ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# ન્યાયઃ પ્રમાણ દ્વારા સિદ્ધાંતની સ્થાપના

જે સાબિત થઈ શકે તે ન્યાય, જે બાબતે કોઈ મતભેદ ન હોય તે ન્યાય, જે દેખીતા સત્યનો પર્યાય છે તે ન્યાય, જેનાથી સૃષ્ટિના સમીકરણમાં કોઈ ખલેલ ન પહોંચે તે ન્યાય, જેના અસ્તિત્વ સામે અહંકાર કે વ્યક્તિગત માન્યતા ટકી ન શકે તે ન્યાય, સૃષ્ટિના સંતુલનને જાળવી રાખવા જે આધાર બની શકવા સમર્થ હોય તે ન્યાય. ન્યાય એટલે કોઈ પુસ્તકમાં લખેલા સામાજિક વર્તન માટેના નીતિ નિયમો નહીં, આ પ્રકારના નિયમોને કાયદો કહેવાય, ન્યાયનો નહીં. અપરાધ એ કાયદાનો વિષય છે અને પુણ્યની-જીત એ ન્યાયનો વિષય છે.

ન્યાય સાંદર્ભિક ન હોઈ શકે. ન્યાયની પરિભાષા સમય અને સ્થાન પ્રમાણે ન બદલાય. ન્યાયની રૂપરેખા નૈતિકતા સાથે વણાયેલી હોય. ન્યાય ધર્મને આધારે સ્થાપિત થાય. ન્યાય એ શુદ્ધ જીવનશૈલીનું પ્રતિબિંબ છે. ન્યાય પવિત્ર છે અને તે પવિત્ર પરિણામ જ આપે. ન્યાય શુદ્ધ છે અને તેના દ્વારા શુદ્ધતા જ સ્થાપિત થઈ શકે. એક રીતે જોતાં ન્યાય શાશ્વત છે, તે ક્યારેય ખંડિત કે લુપ્ત ન થઈ શકે. ન્યાય નિરંતર છે, તેને અવરોધી ન શકાય.

ન્યાય-દર્શન પ્રમાણે કહી શકાય કે 'પ્રમાણૈરર્થપરીક્ષણં ન્યાયઃ' અર્થાત પ્રમાણો દ્વારા અર્થ કે સિદ્ધાંત કે સત્યનું પરીક્ષણ કે અંતિમ વિધાનનું સ્થાપન એટલે ન્યાય. ન્યાય પ્રમાણોને આધારિત હોય. પ્રમાણ એટલે એવી ઘટના કે જેનાથી હકીકત - સત્ય સમજી શકાય. પાણીને પાણી તરીકે જાણવું જરૂરી છે. પાણીને પાણી તરીકે જાણ્યા પછી જ જે ઘટનામાં પાણી સંમિલિત હોય તેનો ન્યાય કરી શકાય. પાણીને સ્વયંના પ્રત્યક્ષ અનુભવથી, અનુમાનથી, ઉપમાનથી, કે શબ્દ દ્વારા પાણી તરીકે સ્થાપિત કરી શકાય. પ્રમાણનાં આ બધાં સાધનો છે. દરેક સાધનનું પોતાનું મહત્ત્વ છે, ન્યાયની પ્રક્રિયામાં દરેક સાધનનો ચોક્કસ ફાળો છે. આ સાધનો દ્વારા ન્યાય સમજી શકાય. સાથે સાથે એ પણ સમજવાની જરૂર છે કે આ સાધનોના અભાવમાં પણ ન્યાયનું અસ્તિત્વ હોય છે. સત્ય સાબિત ન કરી શકાય તો પણ તે સત્ય જ હોય છે. એક પરિપ્રેક્ષ્યમાં એમ પણ કહેવાય કે સત્ય અર્થાત ન્યાય તો સ્વયં સ્થાપિત હોય.

મહાભારતના યુદ્ધમાં ન્યાયનું વર્ચસ્વ હતું. અહીં સત્ય અર્થાત ધર્મની સ્થાપના માટે પ્રયત્ન થયો હતો. આ એક ન્યાયિક પ્રક્રિયા હતી. એકવાર એમ જણાય કે તેમાં પણ ક્યાંક અસત્યનો સહારો લેવાયો હતો, પરંતુ સમગ્રતામાં જોતા સમજાશે કે સત્ય કે ધર્મની સ્થાપના માટે કરાયેલ બધા જ પ્રયત્ન તે સત્ય અને ધર્મના સહભાગી જ ગણાય. ખોરાકના રક્ષણ માટે તેમાં ભેળવાયેલ થોડી કડવાશ પણ સ્વાદ સમાન ગણાય. ધર્મની સ્થાપના એટલે ન્યાય, તેના દ્વારા ક્યારે અધર્મને મંજૂરી ન મળે.

ન્યાયની પરિભાષા નક્કી કરવામાં નૈતિક મૂલ્યો મહત્ત્વના છે. એક પરિપ્રેક્ષ્યમાં એમ પણ કહી શકાય કે ન્યાય એટલે દરેક વ્યક્તિને તેની સાથે જોડાયેલા સંજોગો અનુસાર જીવવાની સ્વતંત્રતા. દરેક સજીવ, દરેક માનવી સ્વતંત્ર છે. અન્ય કોઈ ઘટના દ્વારા, અન્ય કોઈ વ્યક્તિ દ્વારા તેના જીવનમાં નકારાત્મક બાબતો ઘટિત ન થવી જોઈએ. વળી માનવી સામાજિક પ્રાણી છે જેથી પરસ્પરનો વ્યવહાર તો રહેવાનો જ. આ વ્યવહાર પરસ્પરની મર્યાદાઓ સાચવીને સ્થપાવો જોઈએ. આ વ્યવહારમાં પરસ્પરની સ્વતંત્રતા પર હુમલો કર્યા સિવાય પરસ્પરનું માન-સન્માન સાચવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ન્યાય એટલે એકબીજાના અસ્તિત્વનો જેમ છે તેમનો સ્વીકાર.

વ્યવહારિક પરિપ્રેક્ષ્યમાં જોતાં જણાય છે કે ન્યાય હંમેશાં દેખીતી ભૌતિક-શારીરિક બાબતોને કેન્દ્રિત હોય છે, સૂક્ષ્મ-માનસિક બાબતોને નહીં. જ્યાં સૂક્ષ્મ હુમલા થાય, જ્યાં સૂક્ષ્મ હિંસા થાય ત્યાં પણ ન્યાય જરૂરી છે. સામાજિક વ્યવહારમાં આ પ્રકારના ન્યાયનું અસ્તિત્વ જ નથી. કોઈપણ વ્યક્તિ અન્યને સૂક્ષ્મ હિંસા પહોંચાડી શકે છે, સામાજિક વ્યવહારમાં તેનો ન્યાય નથી થતો. પણ ક્યાંક ન્યાય તો થતો જ હોય છે. આ પ્રકારનો ન્યાય પ્રકૃતિ દ્વારા કર્મના સિદ્ધાંતને આધારે કરવામાં આવે છે.

ઈશ્વરના રાજ્યમાં ક્યાંય અન્યાય નથી. અહીં તો બધા જ ને ન્યૂનતમ જરૂરિયાત પ્રમાણે આપવામાં આવ્યું છે. કુદરતની ગોઠવણ જ એ રીતની છે કે સમગ્રતામાં પરસ્પરની જરૂરિયાતો સંતોષાઈ જાય. અહીં હરણને ઘાસ મળી રહે અને સિંહને હરણ. હરણ માટે ઘાસ પૂરતી માત્રામાં હોય અને સિંહ માટે હરણ પણ જરૂરિયાત પ્રમાણેની સંખ્યામાં હોય. ઘાસનું પણ પોતાનું જીવન ચક્ર હોય. થોડુંક આગળ વિચારતા સમજાશે કે અહીં ઘાસને પોતાના જીવન માટે, હરણને તેના જીવન માટે અને સિંહને પણ તેના અસ્તિત્વ માટે ન્યાય મળી રહે છે. અન્યાયની પરિસ્થિતિ ત્યારે ઊભી થઈ જ્યારે સિંહ પોતાના મનોરંજન માટે કે પોતાનો અહંકાર સ્થાપિત કરવા હરણનો શિકાર કરે. આ અન્યાય છે.

સૃષ્ટિનું ચક્ર જેમનું તેમ જળવાઈ રહે તે જરૂરી છે. આ માટે દરેકના મનમાં ન્યાયની ભાવના સ્થાપિત થયેલી હોવી જોઈએ. સૃષ્ટિનું કોઈપણ અન્ય તત્ત્વ અન્યાય માટે આગ્રહ નથી રાખતું - સિવાય કે કાળા માથાનો માનવી. પોતાના લોભ, મનોરંજન, વર્ચસ્વ, કે અન્ય કોઈ ગાંડપણને કારણે માનવી અન્યાય કરતો જોવા મળે છે. તેનો ઇતિહાસ જ અન્યાયનો છે. સૃષ્ટિના સંતુલનને સૌથી વધારે નુકસાની તેણે પહોંચાડી છે. સૃષ્ટિનાં સમીકરણોને તેણે તીતર-ભીતર કરી દીધા છે. પોતાના સ્વાર્થ ખાતર તે સૃષ્ટિની સંરચનાને અન્યાય કરવા તત્પર હોય છે. પરિણામ તો તેણે ભોગવવું જ પડશે. સૃષ્ટિને પુનઃ ન્યાય સ્થાપિત કરતાં આવડે છે.

સૃષ્ટિમાં જે કઈ ઘટિત થઈ રહ્યું છે તેની પાછળ અનેક પરિબળો કાર્યરત હોય છે. સંપૂર્ણતામાં જોતાં જણાશે કે પૃથ્વીની પ્રત્યેક ઘટના ન્યાય છે. સૃષ્ટિના વ્યવહારમાં, પ્રકૃતિના નિયમોમાં, આધ્યાત્મિક પરંપરામાં ક્યાંય અન્યાયની સંભાવના જ નથી. એટલે જ કહેવાય છે કે ન્યાય તો ઈશ્વર જ કરી શકે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

## પ્રેમાનંદ પ્રેમસખીએ શાસ્ત્રીય રાગ, તાલ ને ગાનની જ્ઞાનસંપદા વડતાલ ધામમાં પ્રાપ્ત કરેલી

(ગતાંકથી ચાલુ)

૬. પ્રેમસખી પ્રેમાનંદ વિશે પ્રસંગોપાત વક્તવ્ય આપવાના પ્રસંગોમાં એ સમયે કરેલી મારી નોંધ પણ મને મળી આવી. આકાશવાણી રાજકોટમાં મેં દેવેન શાહની 'રામસાગરને રણકારે' શ્રેણી માટે ઘણાં સંતો વિશે વાર્તાલાપ તૈયાર કરેલા. રેકોર્ડિંગમાં નૌતમ સોલંકી હોય. રેકોર્ડિંગ પછી મોટે ભાગે પ્રમોદ સોલંકી અને હસમુખ રાવળ સાથે બેસવાનું બને. તેઓ મને કહે કહે કે 'વદે પ્રેમાનંદ પ્રેમસખી' નામના એક રૂપકનું તમારે ભાગે લેખનનું કામ આવશે. ચંદુભાઈ રાઠોડનું પદગાન છે અને કેશવસિંહ પરમારનો અવાજ છે. મેં પૂછ્યું મારી પાસે હરિપ્રસાદ ઠક્કરનું પુસ્તક છે પણ બીજી કંઈ સામગ્રી હોય તો કહેજો. નૌતમ સોલંકી હરિભક્ત અને સત્સંગી. ત્યાં જ હતા મને કહે તમને પ્રભુ શાસ્ત્રીનું પુસ્તક આપીશ. આપણાં સત્સંગી ખુશાલ પાટડિયા પાસેથી મેળવીશ. મને 'પ્રેમપદાવલી' હિન્દી ગ્રંથ મેળવી આપેલ એમાં પૃષ્ઠ સત્તર અને અઢાર ઉપર ચંદુભાઈ રાઠોડનો લેખ 'નવરસકે ગાયક પ્રેમસખી' વાંચવાનું બનેલું. અને પછી ઓગણીસથી ત્રેપન પૃષ્ઠાંક સુધી પ્રભુ શાસ્ત્રી અર્થાત્ શાસ્ત્રી પુરુષોત્તમ વલ્લભદાસ જૂનાગઢ દ્વારા લખાયેલા લેખો પણ છે. એમાં ખાસ કરીને એમણે પ્રયોજેલ રાગો તથા નાદ અને બ્રહ્મના ઉપાસક પ્રેમાનંદના તથા જીવન વિષયક વિગતો પણ મુદ્રિત છે. પ્રેમાનંદની સંગીતસૂઝ, રાગ અભિજ્ઞતા અને નર્તનના તાલને પ્રયોજવાની શક્તિનું સદૃષ્ટાંત ઉદાહરણ ચંદુભાઈ રાઠોડ અને પ્રભુશાસ્ત્રીએ એમના વિશિષ્ટ અધ્યયનથી આ ગ્રંથોના લેખોમાં પ્રસ્તુત કરેલ છે. પ્રભુ શાસ્ત્રીકૃત બીજા ઘણાં પુસ્તકો પણ વાંચવાનું બનેલું. ખાસ તો આચાર્યશ્રી ક્ષેમરાજકૃત 'પ્રત્યભિજ્ઞાદયમ્'માં શિવસૂત્રો વિશે અનુવાદ અને વિવરણ મૂકેલા. પછીથી આચાર્ય રજનીશજીનું ગુજરાતીમાં શિવસૂત્ર વિશેનું એમનું લખાણ એમની વિદ્વત્તાનું દ્યોતક છે. કોઈએ જૂનાગઢના મૂળ સંપ્રદાયના સાધક સંતશ્રી પ્રભુ શાસ્ત્રીના બધા ગ્રંથો મેળવીને એનું સનાતની ભાવ સામગ્રી સંદર્ભ અધ્યયન કરવું જોઈએ.

એમનું દીક્ષાવિધિ પછીનું નામ તથા શ્રીહરિના પ્રત્યક્ષ પ્રેમના ઘણાં દૃષ્ટાંતો સંપ્રદાયમાં પ્રચલિત છે. તેને એમના જીવન ચરિત્રનો જ એક ભાગ ગણીને થોડા તે પ્રસંગો પણ અવલોકીએ.

૭. આ ઉપરાંત જ્ઞાનબાગ વડતાલના વિદ્વાન પાર્ષદ કાનજી ભગતે સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પર્વ પ્રસંગે 'પ્રેમાનંદ સ્વામી' વિશે એક પુસ્તિકા વિ.સં. ૨૦૩૬. ઈ.સ. ૧૯૮૦માં પ્રકાશિત કરેલી. એ પુસ્તિકામાં પ્રચલિત પરંપરિત બધી સામગ્રીને એમણે ક્રમબદ્ધ રીતે આલેખીને પ્રેમસખી પ્રેમાનંદજીનું ચરિત્ર સંપાદિત કરીને આલેખેલ છે.



૮. નીજબોધાનંદ દીક્ષા સમયનું નામ. તેમને એ નામથી જ બધાં સંબોધતા. એક વખતના સમયે સત્સંગ દરમ્યાન દત્તચિતે સત્સંગ શ્રવણપાનમાં રત જોઈને ભગવાન શ્રીહરિએ પૃચ્છા કરી.

'શું ભણો છો સ્વામી ?'

નીજબોધાનંદે વિનિતભાવે, નિમિલિત નયને ઉત્તર આપ્યો 'મહારાજ સંસ્કૃતમાં સારસ્વત ભણું છું.'

મહારાજે આજ્ઞા કરી 'તો પછી તમે મૂર્તિનાં કીર્તનો શરૂ કરોને.'

નીજબોધાનંદે પોતાનું અસામર્થ્ય જણાવતા કહેલું કે 'મહારાજ હું પિંગળ ભણ્યો નથી.'

શ્રીહરિએ પ્રેરણાનું પિયૂષપાન કરાવતા કહેલું 'તમે અમારી મૂર્તિ અને લીલાના કીર્તનો કરો. કીર્તનોના શબ્દો આપોઆપ હૈયામાં સ્ફુરવા માંડશે.'

નીજબોધાનંદ આજ્ઞાનુવર્તી બનીને કાગળ પર શબ્દોને ઉતારવા ક્રિયાશીલ બન્યા.

'ફુલન મંડલી માંહી બિરાજત', (૧૬૨૯) એમનું પ્રથમ કીર્તન. અને પછી તો બીજા ત્રણ 'ફુલન મંડલી ભારી બની આજ' (૧૬૩૦), 'ફુલન મંડલી નીકી લાગત આજ' (૧૬૬૧) અને 'ફુલન કો સિંગાર કિયે લાલ' (૧૬૬૨) એમ પ્રારંભની પંક્તિથી આરંભાતી ટેકવાળા મળીને ચાર કીર્તનોની ચોસર પ્રગટી. સંતો સાજીંદા બન્યા અને મધુરકાંઠે કીર્તનગાન આરંભેલું. પદાંતે નીજબોધાનંદ નામ છાપથી લય તૂટતો એટલે શ્રીહરિ કહે 'આ નામ પદના અંતે ઉચિત નથી લાગતું, કહીને માળાના મણકા ફેરવતા-ફેરવતા વિવિધ નામ સ્મરે એમાં 'પ્રેમા' આગળ અટકીને કહે 'આજથી તમારું નામ 'પ્રેમાનંદ સ્વામી' એટલે પછી એમાં પ્રેમાનંદ નામછાપથી પુનઃ ગાન કર્યું. અને એ પદો કાળજયી બની ગયા.

પછી તો પ્રેમાનંદ નામ છાપથી કિર્તન, પદ અને ગરબી તથા બારમાસીનું પૂર એમના દ્વારા વહ્યું, જે સંપ્રદાયની અને મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતાની રિદ્ધિ બન્યું. શ્રીહરિ એમને ગાયન-વાદનમાં વધુ પ્રાવિણ્ય પ્રાપ્ત થાય એ માટેના પ્રયત્નો કરેલા. તે પ્રેમાનંદ સ્વામી પરત્વેની પ્રીતિના પરિચાયક છે.

૮:૧ હરિપ્રસાદ ઠક્કર એમના શોધગ્રંથમાં જણાવે છે કે 'ચંદ્રસખી ભજ બાળકૃષ્ણ છબી' એવું ચંદ્રસખીનું હિન્દી કીર્તન સાંભળીને શ્રીજીએ પ્રેમાનંદનું 'પ્રેમસખી' નામ પાડીને કહ્યું કે 'આજથી તમારું બીજું એક નામ. કૃષ્ણાવતારના 'ચંદ્રસખી'તો આ અવતાર (સ્વામિનારાયણ)ના પ્રેમસખી મોટાભક્ત કવિ.'

૮:૨ તાના રિરિના શાસ્ત્રીય સંગીત પરંપરાથી પ્રચલિત વડનગરમાં તે સમયે સદારામભાઈ નામના એક સુખ્યાત શાસ્ત્રીય સંગીતજ્ઞ કલાઉપાસક નિવાસ કરતા હતા. તેમની ગાયકી ખૂબ જ પ્રખ્યાત હતી. શ્રીહરિએ સ્વયં તેમને વડતાલધામ નિમંત્રેલા. તેમણે અનેક સંતોને સંગીતનો અભ્યાસ કરાવેલો. પ્રેમાનંદ પ્રેમસખીએ શાસ્ત્રીય રાગ, તાલ અને ગાનની વિશેષ જ્ઞાનસંપદા એમની પાસેથી વડતાલ ધામમાં રહીને પ્રાપ્ત કરેલી.

૮:૩ 'સુખાનંદમુનિ સિતાર શિખાયે' 'બુરહાનપુર હી ગાન શિખ આયો.' સુખાનંદ સ્વામી પાસેથી સિતારવાદન શીખેલું. એની પ્રતીતિ કરાવે છે. શ્રીહરિની કૃપાથી બુરહાનપુર મુકામે તાપીદાસ વૈરાગીના અખાડામાં સંપ્રદાયના સંત નિર્વિકારાનંદ સ્વામી સાથે ગયેલા અને ત્યાંથી પણ સંગીતવિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરેલી.

સંગીતવિદ્યાના ઊંડા જ્ઞાતા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી પાસેથી તેમણે શિષ્યભાવે કાવ્યલેખન, ગાયન, વાદન અને નર્તનવિદ્યા અંગીકાર કરેલી. શ્રીહરિ પ્રસંગોપાત સંગીત વાદન અને ગાન કે નર્તનની આજ્ઞા કરે એટલે તેઓ તત્કાલ-તૂર્ત જ પોતાની કૌશલ્યપ્રતિભા શક્તિનો ઉત્તમ પ્રભાવક પરિચય કરાવતા. મુક્તાનંદની માફક તેઓએ પણ વાદન ગાન અને નર્તનકળા હસ્તગત કરેલી. ગાયન-વાદનમાં તો લગભગ સંતોએ પ્રાવીણ્ય પ્રાપ્ત કરેલું, પરંતુ નર્તન તો આ બે સંતોનું પ્રસિદ્ધ અને પ્રચલિત. મુક્તાનંદનું નૃત્યવિદ્યાનું શિષ્યત્વ તેમણે ઉજાળેલું. ગુરુ કરતાં શિષ્યને સવાયા થયેલા જાણીને જ હોરીના એક પદમાં મુક્તાનંદે ગાયું હશે.

*'નિરત્ય સુરત્ય પકટે પિયાકું*
*પ્રેમસખી તહાં નાચ નચીરી.*
*લાડી લે લાલ કી ધૂમ મચીરી.'* (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# આપણે શાસ્ત્રોક્તવિધિ અનુસાર વાસ્તુ, પૂજાપાઠ કોઈ વિદ્વાન આચાર્ય પાસે કરાવીને જ ગૃહપ્રવેશ કરીશું...

(ગતાંકથી ચાલુ)

**ભગવાન** શિવ નંદભદ્રને દર્શન આપી કૈલાસ પરત ફરતાં માતા પાર્વતી ભગવાન શિવને કહે છે, 'પ્રભુ, ઘણા સમયથી પૃથ્વીલોક પર ભક્તોની પરિસ્થિતિથી અજાણ છીએ, તમે સાથ આપતા હોવ તો જઈને જોઈએ તેઓ શું કરી રહ્યા છે.' ભગવાન શિવ અને માતા પાર્વતી પૃથ્વીલોક પર ભ્રમણ કરતા હોય છે એ જ સમયે માતા પાર્વતીનું ધ્યાન એક ભૂખ્યા ભક્ત ભર્તૃહરિને સ્મશાનમાં ચિતાના અંગારા પર રોટલો શેકતા જોઇ તેમનું હૃદય દ્રવી ઊઠે છે. માતા પાર્વતી કહે છે, 'સ્વામી મને લાગે છે કે આપનું કઠોર હૃદય આપના ભાવિક ભક્તોની દુર્દશા જોઈને પણ પીગળતું નથી. ઓછામાં ઓછું ભૂખ્યાજનો માટે ખાવાની વ્યવસ્થા તો તમારે કરવી જોઈતી હતી, પેલો બિચારો ભર્તૃહરિ પિંડ માટે આપવામાં આવેલ લોટના રોટલા સ્મશાનમાં શેકી રહ્યો છે.' પોતાના ભક્તોની તાસિરને જાણતા ભગવાન શિવ કહે છે, 'દેવી તમને તો ખબર જ છે કે, ભક્તો માટે મારા દ્વાર હંમેશાં ખુલ્લાં જ છે, પરંતુ કોઈ આવે તો ને? કોઈ વસ્તુ આપવામાં આવે તો પણ ક્યાં લે છે? દુઃખ સહન કરી લેશે પણ લાંબો હાથ નહિ કરે. જો વિશ્વાસ ન બેસતો હોય તો જાતે જ જઇને પરીક્ષા લઈ જુઓ, પણ દેવી પરીક્ષા વખતે જરા સાવધાની રાખજો.' ભગવાન શિવનો આદેશ મળતાં જ માતા પાર્વતી ભિખારણનું રૂપ ધારણ કરી ભર્તૃહરિ પાસે પહોંચી કાકલૂદીભરીવાણીમાં ભોજનની માગણી કરે છે. ભર્તૃહરિ એક રોટલો માતા પાર્વતીને આપતાં, માતા પાર્વતી કહે છે કે, 'બેટા, આ એક રોટલાથી શું થાય? મારા કુટુંબમાં અમે ત્રણ જણ છીએ.' પોતાની પાસેના રોટલા બીજા ભૂખ્યા માણસોના પેટની આગ બૂઝાવતા હોય તો તે ઉત્તમ જ છે. એવું વિચારી ભર્તૃહરિએ બાકીના બચેલા બે રોટલા પણ માતા પાર્વતીને આપી દીધા અને તેણે પોતે કમંડળમાંથી થોડું પાણી પી લીધું અને ચાલવાની તૈયારી કરી. પ્રસન્ન થયેલા માતા પાર્વતી વરદાન માગવાનું કહે છે. ભગવાન શિવ અને પ્રસન્ન માતા પાર્વતી પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થયેલા જોઈ ભર્તૃહરિ મસ્તક નમાવી પ્રણામ કરે છે અને કહે છેઃ 'હે જગતજનની માતા પાર્વતી, આપ જો પ્રસન્ન થયાં હો તો એવું વરદાન આપો કે મને જે કાંઇ મળે તે દીન દુઃખિયાઓમાં વહેંચી શકું.' માતા પાર્વતી 'તથાસ્તુ' કહી વરદાન આપે છે. અને ભગવાન શિવ સાથે આગળ વધતાં માતા પાર્વતીને કહે છે 'હે દેવી! મારા ભક્તોને કંઈ જ મળતું નથી, માટે દરિદ્ર હોય છે એમ ન માનશો, ભક્તિની સાથોસાથ ઉદારતા તેમને દાન આપવા પ્રેરે છે. માનવ વ્યક્તિત્વને આકર્ષક બનાવવાવાળી કોઈ પણ વસ્તુ હોય તો તે 'ઉદારતા' છે. ઉદારતા એ પ્રેમનું રૂપ છે. પ્રેમમાં પણ ક્યારેક સ્વાર્થ ભાવના છુપાઈ રહેલ હોય છે. ઉદાર વ્યક્તિ અન્યનું દુઃખ જોઈ પોતે દુઃખી થાય છે. ઉદારતા માનવમાત્રનું કર્તવ્ય છે.



* * *

ભર્તૃહરિને વરદાન આપી માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસ પહોંચે છે. શિવગણો ભગવાન શિવ અને માતા પાર્વતીનું સ્વાગત કરે છે. માતા પાર્વતી શિવગણો સાથે કૈલાસને સુશોભન કરવાના કામમાં વ્યસ્ત થાય છે અને બીજી તરફ ભગવાન શિવ તપમાં લીન થઈ જાય છે. કૈલાસના આકાશ માર્ગે ધનપતિ કુબેર જઇ રહ્યા હોય છે અને તેઓ જુએ છે કે, નંદિગણ સાથે માતા પાર્વતી કૈલાસની સજાવટમાં વ્યસ્ત છે. તેઓ તુરંત માતા પાર્વતીને કહે છે, 'માતા બ્રહ્મલોક, વૈકુંઠલોક અને સ્વર્ગલોકની તુલનાએ કૈલાસની સાદગી નિહાળીને મારું મન કકળી ઊઠે છે, શિવલોક સંપત્તિવિહીન હોય તો તે કેમ ચાલે? હું એવું ઇચ્છું છું કે, માતા આપ અને ભગવાન શિવ પણ સુવર્ણ મહેલમાં નિવાસ કરે. જો તમે આજ્ઞા આપો તો હું કૈલાસ ખાતે સુવર્ણ મહેલ બનાવું .'

સ્ત્રીજાતિને સુવર્ણ અતિપ્રિય હોય છે અને તેમાં વળી આખોય મહેલ સોનાનો. માતા પાર્વતીએ કહ્યું, 'કુબેરજી! મને સત્વરે સોનાનો મહેલ બનાવી આપો.'

કુબેરે વિશ્વકર્માને આજ્ઞા આપી કે કૈલાસ ખાતે સુવર્ણ મહેલ બનાવવો. ભગવાન શ્રી વિશ્વકર્માની ઉત્પત્તિ ભગવાન શ્રી વિષ્ણુથી થયેલી છે. તેમને માટે સૃષ્ટિ. સ્થિતિ અને સંહારનાં કાર્યો સહજ છે. તેઓ કલાકારીગરી પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવે છે. આપણી સમસ્ત ભારતીય સંસ્કૃતિના મૂળ ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પૂજનીય અને વંદનીય છે. ભગવાન વિશ્વકર્મા દેવોના શિલ્પી ત્વષ્ટા પણ છે. સૃષ્ટિની કોઈપણ કલ્પના આ ભગવાન વિશ્વકર્મા વગર અશક્ય છે. ભગવાન કુબેરની આજ્ઞાથી મણિ, માણેક અને મોતી જડિત મેઘધનુષ્યની સપ્તરંગી આભાવાળો સુવર્ણમહેલ તેમણે બનાવી આપ્યો. નવો સુવર્ણમહેલ જોઈ ભગવાન શિવ માતા પાર્વતીના મનમાં આવેલી લાલચને પારખી ગયા.

ભગવાન શિવઃ 'અરે દેવી! આવા મૂલ્યવાન સુવર્ણમહેલની આપણને શી જરૂર પડી?

માતા પાર્વતીઃ 'સ્વામી મહેલ તૈયાર થઈ ગયો છે, માટે આપણે હવે આ મહેલમાં જ રહીશું.'

ભગવાન શિવઃ 'દેવી, અવશ્ય આપણે આ મહેલમાં રહીશું, તે પહેલા આપણે શાસ્ત્રોક્તવિધિ અનુસાર વાસ્તુ, પૂજાપાઠ વગેરે કોઈ વિદ્વાન આચાર્ય પાસે કરાવીને જ ગૃહપ્રવેશ કરીશું.'

ભગવાન કુબેરઃ 'પ્રભુ હું એક વિદ્વાન આચાર્યથી પરિચિત છું, જો આપ આજ્ઞા આપો તો તેમને બોલાવું.'

ભગવાન શિવઃ 'અવશ્ય, જરૂર તમે તુરંત બોલાવો.'

ભગવાન કુબેર ત્યાંથી વિદાય લે છે અને થોડા જ સમયમાં તેમના ભ્રાતા દશાનન રાવણ સાથે કૈલાસ આવી પહોંચે છે. દશાનન રાવણ ભગવાન શંકરનો પરમ ઉપાસક હતો અને વેદ તથા કર્મકાંડનો જ્ઞાતા હતો, તેથી દશાનન રાવણે નવા સુવર્ણ મહેલની વાસ્તુ પૂજા કરાવી. આટલો ભવ્ય સુવર્ણ મહેલ જોઈ દશાનન રાવણને પણ લાલચ થઈ આવી કે આવો ભવ્ય મહેલ તો લંકાપતિ રાવણની લંકામાં જ શોભે.

ભગવાન શિવઃ 'દશાનન તમે નવા મહેલની વાસ્તુ પૂજા કરાવી છે તમને દક્ષિણાપેટે જે વસ્તુ જોઈતી હોય તે કહો અમે તમને અવશ્ય આપીશું.'

દશાનન રાવણઃ 'પ્રભુ તમે જો આપવા માગતા હો તો આ મહેલ સાથે માતા પાર્વતીને પણ દક્ષિણા પેટે આપી દો.

ભગવાન શિવે એક ક્ષણના વિલંબ વગર માતા પાર્વતી અને સુવર્ણ મહેલ દશાનનને સુપરત કર્યા.

માતા પાર્વતીએ મનોમન ભગવાન વિષ્ણુનું સ્મરણ કરી કહ્યું, 'હે, ભ્રાતા આ દુષ્ટ રાવણથી મારી રક્ષા કરો.'

માતા પાર્વતીની પ્રાર્થના સાંભળી ભગવાન વિષ્ણુ ખેડૂતનું રૂપ ધારણ કરી ત્યાં પ્રગટ થાય છે.

ભગવાન વિષ્ણુઃ 'લંકાપતિ! તમારી સાથે આ કોણ છે?'

દશાનન રાવણઃ 'તું દેવી પાર્વતીને પણ નથી ઓળખતો!'

ભગવાન વિષ્ણુઃ 'દશાનન તમે સાવ ભોળા છો, ભગવાન શિવ પોતાની પત્ની તમને શા માટે આપે? આ પાર્વતીજી નથી તેમની દાસી છે. પાર્વતીજીના શરિરમાંથી તો ગુલાબની સુગંધ આવે છે.'

દશાનન રાવણે ખાતરી કરી તેનું શરીર સુંઘી જોયું, તો નાક દુર્ગંધથી ભરાઈ ગયું. તેને લાગ્યું કે આ તો ખરેખર દાસી જ છે. રાવણ માતા પાર્વતીને અધવચ્ચેથી મૂકીને ચાલ્યો ગયો.

ભગવાન વિષ્ણુઃ 'લંકાપતિ! તમને આ લોખંડના મહેલનો શું મોહ લાગ્યો છે? ન વિશ્વાસ આવતો હોય તો ખાતરી કરી જુઓ આના પર તો ફક્ત સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો છે'

દશાનન રાવણે પથ્થરનો ટુકડો લઈ દીવાલ સાથે ઘસતાં લોખંડ નજરે પડયું, રાવણ મહેલને છોડીને પણ ચાલ્યો ગયો.

રાવણના ગયા પછી ભગવાન વિષ્ણુ તેમના મૂળ સ્વરૂપે પ્રગટ થયા અને કહ્યું, 'બહેન તમે કૈલાસ સિધાવો.'

માતા પાર્વતીઃ 'ભ્રાતા તમે જો સહાય ન કરી હોત તો?'

એજ સમયે ભગવાન શિવ ત્યાં પધારે અને કહે છે, 'હે દેવી બધું તમારા લોભને કારણે બન્યું છે, લોભને વશ થઈ તમે સુવર્ણમહેલ બનાવી લીધો. રાવણે લોભને વશ થઈ મહેલ અને તમને માંગી લીધા, માટે સર્વ પાપોનું મૂળ લોભ જ છે.'

ભગવાન વિષ્ણુઃ 'ચાલો આપણે આ સુવર્ણ મહેલ ફરી ધનપતિ કુબેરને સુપરત કરી દઈએ.'

માતા પાર્વતીને ભગવાન શિવની સઘળી લીલા અને ઐશ્વર્યની અનુભૂતિ થઈ. તેમણે કહ્યુંઃ 'હે પ્રભો! મને આજે સમજાઈ ગયું કે, શિવલોકની સાદગીમાં જ સઘળી સંપત્તિ છે. શિવલોકની અનેરી, અનોખી, અલૌકિક અને અદ્ભુત સંપત્તિની સરખામણીમાં કોઈ દેવલોકની સંપત્તિ ન આવે.'

ભગવાન શિવ અને માતા પાર્વતી પરત કૈલાસ પધાર્યા. (ક્રમશઃ)■




# જયપુરના થ્રિલરમાં પંજાબને મિડલ-ઑર્ડરના બૅટ્સમેનો અને બોલર્સે જિતાડ્યું

## ▸ પંજાબના ૨૧૯/૫, રાજસ્થાનના ૨૦૯/૭ ▸ સ્પિનર બ્રાર મૅન ઑફ ધ મૅચ

જયપુર: પંજાબ કિંગ્સ (પીબીકેએસ)એ અહીં આઇપીએલના નિર્ણાયક તબક્કામાં રમાયેલી રોમાંચક લીગ મૅચમાં રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ને ૧૦ રનથી હરાવીને પ્લે ઑફની દિશામાં વધુ એક ડગલું ભર્યું હતું. પંજાબની ટીમ ૨૦૧૪ની સાલ પછી પ્લે ઑફથી વંચિત રહી છે, પણ આ વખતે એને બહુ સારો મોકો છે. પંજાબની ટીમ આ જીતને પગલે પૉઇન્ટ્સ-ટેબલમાં ૧૭ પૉઇન્ટ સાથે બીજા નંબર પર આવી ગઈ હતી. શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં પંજાબે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૧૯ રન કર્યા હતા જેના જવાબમાં સંજુ સૅમસનના નેતૃત્વમાં રાજસ્થાનની ટીમ ૧૪ વર્ષના ઓપનર વૈભવ સૂર્યવંશી અને સાથી ઓપનર યશસ્વી જયસ્વાલની ધૂમધડાકાભરી આતશબાજી બાદ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૦૯ રન બનાવી શકી અને પરાજિત થઈ હતી.

પંજાબને ખાસ કરીને ચાર બૅટ્સમેને ૨૦૦-પ્લસનો સ્કોર અપાવ્યો હતો અને ત્યાર પછી પંજાબને જિતાડવાનો પડકાર એના બોલર્સે ઉપાડ્યો હતો જેમાં ખાસ કરીને ચાર બોલરની મુખ્ય ભૂમિકા હતી. ૨૯ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર અને મૅન ઑફ ધ મૅચ હરપ્રીત બ્રારે ફક્ત બાવીસ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બ્રારે બન્ને ઓપનર યશસ્વી (૫૦ રન, પચીસ બૉલ, એક સિક્સર, નવ ફોર) અને વૈભવ સૂર્યવંશી (૪૦ રન, ૧૫ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર)ને આઉટ કરીને બાજી પંજાબના હાથમાં અપાવવાની શરૂઆત કરી હતી. યશસ્વી-વૈભવ વચ્ચે માત્ર ૪.૫ ઓવર (૨૯ બૉલમાં) ૭૬ રનની ભાગીદારી થઈ હતી. જોકે બ્રારે એ ભાગીદારી તોડ્યા બાદ રાજસ્થાનની ટીમ વતી બીજી કોઈ મોટી પાર્ટનરશિપ નહોતી થઈ શકી. વિકેટકીપર ધ્રુવ જુરેલે (૫૩ રન, ૩૧ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) પંજાબના બોલર્સને પડકાર્યા હતા, પણ છેલ્લી ઓવર કે જેમાં રાજસ્થાને બાવીસ રન કરવાના હતા એમાં જુરેલે વિકેટ ગુમાવી દેતાં પ્લે ઑફની રેસની બહાર થઈ ચૂકેલા રાજસ્થાનના નામે ઑર એક (કુલ ૧૦મો) પરાજય લખાયો હતો. જુરેલને સાઉથ આફ્રિકન ફાસ્ટ બોલર માર્કો યેનસેને આઉટ કર્યો હતો.


નેહલ વઢેરાએ ૭૦ રન, શશાંકે ૫૯ અણનમ રન બનાવ્યા હતા. (બીસીસીઆઈ)

રાજસ્થાને આ મૅચમાં પાવરપ્લેની શરૂઆતની છ ઓવરમાં ૮૯ રન કર્યા હતા જે આ સીઝનમાં પાવરપ્લેમાં તેમનો સૌથી સારો પર્ફોર્મન્સ હતો. જોકે હવે બહુ મોડું થઈ ગયું છે.

પંજાબના સફળ બોલર્સમાં બ્રાર (ત્રણ વિકેટ) તથા યેનસેન (બે વિકેટ) તેમ જ અફઘાનિસ્તાનના ઓમરઝાઈ (બે વિકેટ)નો સમાવેશ હતો. યુઝવેન્દ્ર ચહલને વિકેટ નહોતી મળી, પણ તેની ચાર ઓવરમાં ફક્ત ૩૦ રન બન્યા હતા. માત્ર અર્શદીપ સિંહ (૪-૦-૬૦-૦) અને ઝેવિયર બાર્ટલેટ (૧-૦-૧૨-૦) સૌથી મોંઘા સાબિત થયા હતા.

એ પહેલાં, પંજાબે બૅટિંગ લીધા પછી ખરાબ શરૂઆત કરી હતી, પણ મિડલ-ઑર્ડરના બૅટ્સમેનોએ ફટકાબાજી કરીને ૨૦ ઓવરના અંતે ટીમને પાંચ વિકેટે ૨૧૯ રનનો સ્કોર અપાવ્યો હતો. નેહલ વઢેરા (૭૦ રન, ૩૭ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર), શશાંક સિંહ (૫૯ અણનમ, ૩૦ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર), કૅપ્ટન શ્રેયસ ઐયર (૩૦ રન, પચીસ બૉલ, પાંચ ફોર) અને અઝમતુલ્લા ઓમરઝાઈ (૨૧ અણનમ, નવ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)ની આતશબાજીએ જયપુરનું સ્ટેડિયમ ગજાવ્યું હતું.

રાજસ્થાને પણ વળતો જવાબ આપવાનું શરૂ કરી દીધું હતું. પહેલી બે ઓવરમાં વિના વિકેટે ૩૯ રન બન્યા હતા. યશસ્વી જયસ્વાલ અને ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ છગ્ગા-ચોક્કાની રમઝટ બોલાવી હતી.

પંજાબે શરૂઆતમાં જ ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ૩૪ રનમાં એની ત્રણ વિકેટ પડી ગઈ હતી અને એ ધબડકા માટે રાજસ્થાનનો પેસ બોલર તુષાર દેશપાંડે કારણભૂત હતો. તેણે બન્ને ઓપનરને વહેલા પૅવિલિયન ભેગા કરી દીધા હતા. પંજાબનો એકમાત્ર સેન્ચુરિયન પ્રિયાંશ આર્ય ફક્ત નવ રન અને સાથી ઓપનર પ્રભસિમરન સિંહ ૨૧ રન કરી શક્યો હતો.

જોકે શ્રેયસ અને વઢેરાએ ચોથી વિકેટ માટે ૬૭ રનની ભાગીદારી કરીને ટીમની આબરૂ સાચવવાની સાથે બાજી સંભાળી લીધી હતી.

શ્રેયસને રિયાન પરાગે યશસ્વી જયસ્વાલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો ત્યાર બાદ વઢેરાએ શશાંક સાથે પાંચમી વિકેટ માટે ૫૮ રનની પાર્ટનરશિપ કરીને ટીમનો પાયો વધુ મજબૂત કર્યો હતો.

છેલ્લે શશાંક અને ઓમરઝાઇ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૬૦ રનની અતૂટ ભાગીદારી થઈ હતી અને રાજસ્થાનને ૨૨૦ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો.

રાજસ્થાનના ફઝલહક ફારુકીને અને હસરંગાને વિકેટ નહોતી મળી, પરંતુ દેશપાંડેની બે વિકેટ ઉપરાંત ક્વેના મફાકા, આકાશ મઢવાલ અને રિયાન પરાગ એક-એક વિકેટ લેવામાં સફળ થયા હતા. ■

# ગુજરાત જીતીને ‘બેંગલૂરુ-પંજાબને પણ’ પ્લે ઑફમાં લેતું આવ્યું

નવી દિલ્હી: ગુજરાત ટાઇટન્સ (જીટી)એ અહીં દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેની મહત્ત્વની લીગ મૅચમાં ૧૦ વિકેટે વિજય મેળવીને ચાર ટીમના પ્લે-ઑફ રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. એટલું જ નહીં, ગુજરાત જીતી જતાં આપોઆપ બેંગલૂરુ અને પંજાબની ટીમને પણ પ્લે ઑફમાં એન્ટ્રી લગભગ મળી જ ગઈ છે. હવે ચોથા સ્થાન માટે મુંબઈ, દિલ્હી, લખનઊ વચ્ચે હરીફાઈ થશે. ચેન્નઈ, હૈદરાબાદ, રાજસ્થાન અને કોલકાતાની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે. ગુજરાતે ૨૦૦ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ ૧૯ ઓવરમાં વિના વિકેટે ૨૦૫ રન બનાવીને વિજય મેળવ્યો હતો. સાઇ સુદર્શન (૪ સિક્સર, ૧૨ ફોર સાથે અણનમ ૧૦૮) અને શુભમન ગિલ (૭ સિક્સર, ત્રણ ફોર સાથે અણનમ ૯૩) આ જીતના બે સૂત્રધાર હતા. એ પહેલાં, દિલ્હીએ કેએલ રાહુલ (૧૧૨ અણનમ, ૬૫ બૉલ, ચાર સિક્સર, ૧૪ ફોર)ની સેન્ચુરીની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૯ રન કર્યા હતા. રાહુલ આ વખતની સીઝનમાં દિલ્હીનો પ્રથમ અને કુલ પાંચમો સેન્ચુરિયન બન્યો છે. જોકે તેના પછી ગઈકાલે રાત્રે ગુજરાતના સાઈ સુદર્શને પણ સેન્ચુરી ફટકારી હતી. ■

### રાહુલે કોહલીનો રેકૉર્ડ તોડ્યો

કેએલ રાહુલે ગઈ કાલે ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપે ૮,૦૦૦ રન પૂરા કરીને ભારતીયોમાં વિરાટ કોહલીનો વિક્રમ તોડી નાખ્યો હતો.

ટી-૨૦ વર્લ્ડ કપમાં સૌથી ઝડપે ૮,૦૦૦ રન કરવાનો વિશ્વવિક્રમ વેસ્ટ ઇન્ડિઝના ક્રિસ ગેઇલ (૨૧૩ ઇનિંગ્સ)ના નામે છે. બાબર આઝમ (૨૧૮ ઇનિંગ્સ) બીજા નંબરે છે અને રાહુલ (૨૨૪ ઇનિંગ્સ), કોહલી (૨૪૩ ઇનિંગ્સ) અને મોહમ્મદ રિઝવાન (૨૪૪ ઇનિંગ્સ) પાંચમા નંબરે છે. ■

# બેંગલૂરુમાં ફેરિયાઓને ધૂમ કમાણી, પણ પ્રેક્ષકોની આશા પર ફરી વળ્યું પાણી

## ક્રિકેટપ્રેમીઓને હવે ફરી ૨૩મી મેએ ‘વિરાટ-૧૮’ સફેદ જર્સી પહેરીને કોહલીને ખુશ કરવાનો મોકો

બેંગલૂરુ: રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના સુપરસ્ટાર વિરાટ કોહલીએ તાજેતરમાં ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી એને ધ્યાનમાં રાખીને અહીં શનિવારે હજારો પ્રેક્ષકો (કોહલીના ચાહકો) ટેસ્ટ-ખેલાડી જેવી સફેદ જર્સી પહેરીને આવ્યા હતા અને એ જર્સી પર વિરાટનું નામ તેમ જ તેનો ૧૮ નંબર લખાયો હતો. જોકે મેઘરાજા એટલા બધા મહેરબાન થયા કે આ ઉત્સાહી પ્રેક્ષકો વાઇટ જર્સીવાળી આ ઇવેન્ટને પૂરી માણી જ નહોતા શક્યા. સ્ટેડિયમની બહાર અસંખ્ય ફેરિયાઓએ તેમ જ દુકાનદારોએ આ સફેદ જર્સી વેચીને કમાણી કરી લીધી હતી, પરંતુ પ્રેક્ષકોનું નસીબ ખરાબ હતું કે વરસાદને લીધે ન તો તેઓ વિરાટને રમતો જોઈ શક્યા હતા અને ન વાઇટ જર્સીવાળી (વિરાટ-૧૮) ઇવેન્ટનો જલસો કરી શક્યા હતા.







મુશળધાર વરસાદને કારણે બેંગલૂરુ અને કોલકાતા વચ્ચેની મૅચમાં ટૉસ પણ નહોતો થઈ શક્યો અને છેવટે મૅચ રદ કરવામાં આવી હતી. બેંગલૂરુની ટીમ એ એક પૉઇન્ટ લઈને પૉઇન્ટ્સ-ટેબલમાં નંબર-વન થઈ અને પ્લે-ઑફની વધુ નજીક પહોંચી, પરંતુ એના પ્રેક્ષકો હતાશ હતા. જોકે હવે કોહલીના ચાહકોને વધુ એક તક મળવાની છે.

૨૩મી મેએ બેંગલૂરુમાં જ આરસીબીની સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) સામે જે મૅચ રમાવાની છે ત્યારે કોહલીના ચાહકોને સફેદ જર્સી પહેરીને આવવાની તક છે.

અનિલ કુંબલેએ તાજેતરમાં કહ્યું હતું કે ‘રોહિત શર્મા અને વિરાટ કોહલીને મેદાન પરથી માનભેર ટેસ્ટમાંથી ફેરવેલ મળવી જોઈતી હતી.’

જોકે એવું તો કંઈ બન્યું નહીં, પરંતુ કોહલીના ચાહકો ૨૩મી મેએ ફરી એક વાર સફેદ જર્સી પહેરીને આવશે અને કોહલીને ટેસ્ટની નિવૃત્તિ બદલ ભાવપૂર્ણ ફેરવેલ આપશે. ■

# બાળકો આનંદો! ખેલો ઈન્ડિયામાં હવે સ્કૂલ ગેમ્સનો પણ સમાવેશ થયો

નવી દિલ્હી: દેશના કરોડો બાળકો અને યુવા વર્ગને આકર્ષતા ખેલો ઇન્ડિયામાં આ વર્ષથી જ વધુ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયાએ રવિવારે જણાવ્યું હતું અને તેમણે સામેલ કરવામાં આવી રહેલી નવી રમતોની યાદી આપી હતી જેમાં ખાસ કરીને સ્કૂલ સ્પોર્ટ્સનો સમાવેશ છે. દેશભરના બાળકોને પોતાની ટૅલન્ટ અને ક્ષમતા બતાવવા ખેલો ઇન્ડિયાનો નવો મંચ મળશે. માર્શલ આર્ટ, બીચ સ્પોર્ટ્સ તેમ જ વૉટર સ્પોર્ટ્સને પણ આ યાદીમાં સામેલ કરવામાં આવતાં બાળકો તેમ જ યુવા વર્ગ માટે આ વર્ષથી જ રમતગમતની બાબતમાં આનંદના દિવસો આવી રહ્યા છે. કેન્દ્ર સરકારનો આશય દેશના રમતગમત ક્ષેત્રને વધુ મજબૂત કરવાનો, પાયાના સ્તરે સ્પર્ધાઓને વેગ આપવા વ્યૂહાત્મક વાર્ષિક શેડ્યૂલ પૂરું પાડવાનો અને વધુને વધુ ટૅલન્ટ શોધવાનો છે. માંડવિયાએ જણાવ્યું હતું કે ‘સરકાર દેશની ડોમેસ્ટિક સ્પર્ધાના માળખાને મજબૂત બનાવીને ભારતને વૈશ્વિક ખેલકૂદ સ્તરે પાવરહાઉસ બનાવવા મક્કમ છે.’ ■

# કોલકાતાને મુંબઈ-ચેન્નઈની હરોળમાં કેમ આવવા ન મળ્યું?

બેંગલૂરુ: કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ની ટીમ શનિવારે આઈપીએલની બહાર થઈ જતાં એણે મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની હરોળમાં આવવાનો મોકો ગુમાવ્યો હતો.

મુંબઈ અને ચેન્નઈ માત્ર બે એવી ટીમ છે જે આઈપીએલનું ટાઈટલ ડિફેન્ડ કરવામાં સફળ રહી છે.

ચેન્નઈએ ૨૦૧૦માં પહેલી વાર આઇપીએલનું ટાઈટલ જીત્યા પછી ૨૦૧૧ની સાલમાં ટાઈટલ ડિફેન્ડ કર્યું હતું.

મુંબઈએ ૨૦૧૯ની આઈપીએલની ફાઇનલમાં ચેન્નઈને હરાવીને ટાઈટલ જીત્યા બાદ ૨૦૨૦માં દિલ્હી કેપિટલ્સને માત આપીને સતત બીજી વાર ટાઈટલ જીતી લીધું હતું.

મુંબઈએ ૨૦૨૧માં ટાઇટલની હૅટ-ટ્રિક કરવાની અમૂલ્ય તક ગુમાવી હતી.

આ વખતે કોલકાતાએ ટાઈટલ ડિફેન્ડ કરવાનો સારો મોકો ગુમાવ્યો. જોકે પહેલાં પંજાબ સામે અને હવે બેંગલૂરુ સામેની મૅચ વરસાદને લીધે ધોવાઈ ગઈ અને ફક્ત એક-એક પોઇન્ટ મળ્યો એ કોલકાતાને સૌથી ભારે પડ્યું છે.

કોલકાતાએ આ વખતે ઑક્શન વખતે શ્રેયસ ઐયર, મિચલ સ્ટાર્ક અને ફિલ સૉલ્ટ ગુમાવ્યા એ પણ કોલકાતા માટે સારું નહોતું થયું. ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| મિલનસાર | SINCERE |
| મોહક | BORING |
| માયાળુ | AFFABLE |
| કંટાળાજનક | CONSIDERATE |
| સંનિષ્ઠ | CHARMING |

### ઓળખાણ પડી?



અઢારમી સદીમાં રાજા જ્યોર્જ ત્રીજાના ‘ટી એક્ટ’ના વિરોધમાં ચાની ૩૦૦થી વધુ પેટી સમુદ્રમાં ઠાલવી દેવાની ઘટના યુએસના કયા સ્થળે થઈ હતી?

અ) ફિલાડેલ્ફિયા બ) શિકાગો ક) બોસ્ટન ડ) ડલાસ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ર્ષા | ૨ સ | ૩ ન | ■ | ૪ મ | ૫ ર | ણ | ૬ તો | ૭ લ |
| રિ | ■ | ૮ ખ | વા | ૯ સ | ■ | ણ | ■ | ૧૦ પ | ગ |
| ૧૧ ચા | કૂ | તી | ■ | દા | ■ | ૧૨ વા | ટ | ■ | ભ |
| ળી | ■ | ■ | ૧૩ સ | ■ | ૧૪ દા | ટ | ■ | ૧૫ ના | ગ |
| ■ | ૧૬ મ | ■ | ૧૭ મ | હુ | ડી | ■ | ૧૮ સ | મ | ■ |
| ૧૯ મ | હા | ૨૦ ન | તા | ■ | ■ | ૨૧ ખા | ટ | ■ | ૨૨ આ |
| ૨૩ ક | સ | ર | ■ | ૨૪ વ | ધ | ■ | ર | ■ | ભા |
| ૨૫ સ | ભા | સ | ૨૬ દ | ■ | ■ | ૨૭ ઉ | પ | હા | ર |
| દ | ■ | ■ | ૨૮ ડ | ૨૯ ગ | મ | ગા | ટ | ■ | વ |
| ■ | ૩૦ આ | ડ | વા | ત | ■ | ૩૧ ડ | ર | ■ | શ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | | ■ | | ■ | ૬ | | ■ | |
| ૭ | | | | | ■ | | ■ | ૮ | |
| | ■ | | ■ | ■ | ૯ | | ૧૦ | | ■ |
| ■ | ૧૧ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ૧૪ |
| ૧૫ | | | | ■ | ૧૬ | ■ | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | ૨૩ | ■ | ૨૪ | | | ■ | |
| | ■ | ૨૫ | | ૨૬ | | ■ | ■ | ૨૭ | |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | |

#### આડી ચાવી

૧. રૂઢિ પ્રમાણે (૬)
૪. છલાંગ, એકદમ મારેલી ઝૂંટ (૩)
૬. પોતાનું (૨)
૭. પરંપરાવાળું (૫)
૮. --- વાગવી એટલે છલકાવું, ભીંજાવું (૨)
૯. અરેરાટી નીકળી જવી (૪)
૧૨. હારીને ગળામાં પહેરો (૨)
૧૩. ચાવી, ઉકેલ (૨)
૧૫. ધમધોકાર, બધી તાકાત લગાવીને (૪)
૧૭. હિસ્સો (૨)
૧૮. છાપરાનો અંદરનો ભાગ (૨)
૧૯. અંગ્રેજીમાં પ્રેમ કરો (૨)
૨૦. કલંક, લાંછન, દોષ (૩)
૨૧. મિઠાઈ (૪)
૨૪. મુકાબલા, મુઠભેડ (૩)
૨૫. રાવણ (૪)
૨૭. બગીચો, ઉદ્યાન, ઉપવન (૨)
૨૮. કેરી કાપવામાં કામ આવે (૨)
૨૯. ઓછપ (૨)
૩૦. દોસ્ત (૪)

#### ઊભી ચાવી

૧. તરફેણ, વગ, તરફદારી (૪)
૨. ક્ષણેક્ષણ (૪)
૩. ડૂબી જવું તે (૩)
૪. એક તેજાનો (જે ઝાડની છાલ છે.) (૨)
૫. વાણીના પ્રહાર (૩)
૬. નિર્ણય લેનાર (૪)
૮. છોકરો (૨)
૧૦. સમય, મોત (૨)
૧૧. વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
૧૨. ---, હવે નિરાંત થઈ (૨)
૧૪. વેદ અને શાસ્ત્ર (૬)
૧૫. તપાસ (૫)
૧૬. મૃત્યુ (૪)
૧૭. શુદ્ધિ, હોશ (૨)
૨૦. મારી મમ્મીના પપ્પા (૨)
૨૨. કોઈના---ના લેવાય (૨)
૨૩. પક્ષી, એક જાતનો કાગડો (૩)
૨૬. ભીનાશ, આર્દ્રતા, ભેજ (૨)
૨૭. ઓછું કરવું તે (૨)

### ગુજરાત મોરી મોરી રે

સૌરાષ્ટ્રનો વિસ્તાર એક સમયે સાપ ઉપાસકો દ્વારા પાતાળ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. સાપના ભગવાનના સ્વરૂપનું વાસુકિ મંદિર ક્યાં છે એ જણાવો.

અ) બાવળા બ) વડનગર
ક) થાનગઢ ડ) રાજપીપળા

### માતૃભાષાની મહેક

ભાષામાં ગુરુ એટલે વિદ્યા આપનાર, ભણાવનાર એવો અર્થ છે તો થાપ આપી કામ કઢાવી લેનાર માણસ એવો બીજા છેડાનો અર્થ સુધ્ધાં છે. ગાંધીજીએ લખ્યું છે કે, ‘શિક્ષક તો લોહચુંબક જેવા હોવા જોઈએ જેની પાસે વિદ્યાર્થીઓ ખેંચાઈ આવે. તેને ક્ષણ વાર પણ ન છોડે. શિક્ષણ એ શિક્ષકનો ધર્મ ગણાવો જોઈએ.’

### ઈર્શાદ

આમ જુઓ તો ગરવી ગુણિયલ, આમ જુઓ તો ઘેલી,
ગાંધીની ગુજરાત મૂળમાં મીઠી અમરતવેલી.

-- હરિકૃષ્ણ પાઠક

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘ઝીણું કાંતે પંડજોગ’ પંક્તિમાં પંડ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) પથ બ) દેહ ક) પરિશ્રમ ડ) પુણ્ય

### સુડોકુ-૮૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૪ | | | | | |
| | | ૬ | ૮ | | | | | ૧ |
| | | ૯ | ૭ | | | | ૮ | |
| ૩ | | | | | | | ૨ | ૯ |
| ૭ | | | | | | | | ૮ |
| ૧ | ૫ | | | | | | | ૩ |
| | ૨ | | | | ૩ | ૪ | | |
| ૫ | | | | | ૭ | ૩ | | |
| | | | | | ૧ | | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૩ | ૧ | ૫ |
| ૫ | ૪ | ૬ | ૭ | ૧ | ૩ | ૨ | ૯ | ૮ |
| ૩ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ | ૬ | ૪ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૧ | ૭ | ૩ | ૬ |
| ૨ | ૬ | ૭ | ૮ | ૩ | ૪ | ૯ | ૫ | ૧ |
| ૧ | ૫ | ૩ | ૯ | ૭ | ૬ | ૪ | ૮ | ૨ |
| ૬ | ૮ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૩ |
| ૯ | ૩ | ૧ | ૬ | ૫ | ૨ | ૮ | ૭ | ૪ |
| ૭ | ૨ | ૫ | ૩ | ૪ | ૮ | ૧ | ૬ | ૯ |

### માઈન્ડ ગેમ

દૈનિક જરૂરિયાતમાં ખૂબ જ મહત્ત્વ ધરાવતી અને કામની કાતરનું ઉત્પાદન આપણા દેશના કયા શહેરની વિશિષ્ટતા છે એની ખબર છે ખરી?

અ) કાનપુર બ) મેરઠ
ક) અજમેર ડ) ભોપાલ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નર્તકો | TROUPE |
| ખલાસીઓ | CREW |
| વિદ્યાર્થીઓ | CLASS |
| ખેલાડીઓ | TEAM |
| કર્મચારીઓ | STAFF |

ગુજરાત મોરી મોરી રે: ધોળકા

ઓળખાણ પડી?: હિમાચલ પ્રદેશ

માઈન્ડ ગેમ: ખંભાલીડા

ચતુર આપો જવાબ, અર્થ જણાવો: ઉપયોગી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) હર્ષા મહેતા (૯) નુતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જગદીશ ઠક્કર (૨૮) કિશોર બી. સંઘરાજકા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) પ્રવીણ વોરા (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) હિના દલાલ

# બાંગ્લાદેશી આયાત પરના પ્રતિબંધો એમએસએમઈ માટે લાભદાયી

નવી દિલ્હીઃ નાપાક શત્રુ દેશને સમર્થન આપવા સાથે ભારત વિરોધી ષડયંત્રો રચનારા બાંગ્લાદેશથી થતી આયાત પર ભારતીય બંદરોમાં લાદવામાં આવેલા પ્રતિબંધો એમએસએમઇ ક્ષેત્રના એકમો માટે લાભદાયી રહેવાની સંભાવના નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

કેટલાક બાંગ્લાદેશી માલ પર ભારત દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો ઘરેલું તૈયાર વસ્ત્રો ઉદ્યોગ, ખાસ કરીને એમએસએમઇ (લઘુ અને મધ્યમ કદના એકમો)ને તેમની સ્પર્ધાત્મકતા વધારવા માટે મદદ કરશે, એવો મત નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે.

૧૭ મેના રોજ, ભારતે બાંગ્લાદેશથી ૭૭૦ મિલિયન ડોલરની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે, જેમાં લગભગ ૪૨ ટકા દ્વિપક્ષીય આયાત આવરી લેવામાં આવી છે. કપડા, પ્રોસેસ્ડ ફૂડ્સ અને પ્લાસ્ટિકની વસ્તુઓ જેવા માલસામાનની આયાત હવે દરિયાઇ બંદરો સુધી મર્યાદિત છે, જ્યારે જમીનના માર્ગોથી સંપૂર્ણ રીતે પ્રતિબંધિત છે.

કુલ ૬૧૮ મિલિયન ડોલરનું મૂલ્ય ધરાવતા તૈયાર વસ્ત્રો હવે ફક્ત બે ભારતીય દરિયાઇ બંદરો મારફત જ કડક નિયમનો હેઠળ ભારતમાં પ્રવેશ મેળવી શકશે. આ રીતે ભારત સુધી બાંગ્લાદેશની સૌથી મૂલ્યવાન નિકાસ ચેનલને સખત અંકૂશ હેઠલ મૂકી દેવાઇ છે.

# માર્ચ ક્વાર્ટરમાં પ્રમોટરોએ ₹ ૧.૫૭ લાખ કરોડના શૅર ગીરવે મૂક્યા

મુંબઇઃ બીએસઈ ૫૦૦ જૂથની કંપનીઓમાં લોન માટે ગીરવે મૂકેલા પ્રમોટર શેરનું પ્રમાણ માર્ચ ક્વાર્ટરમાં ૦.૮૬% વધ્યુ છે. પ્રમોટર દ્વારા ગીરવે મૂકેલા શેરનું ચોખ્ખું મૂલ્ય રૂ. ૧.૫૭ લાખ કરોડ અથવા બીએસઇ ૫૦૦ માર્કેટ કેપિટલાઇઝેશનના ૦.૪૩ ટકા જેટલું રહ્યું છે. રિસર્ચના ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન ૬૯ કંપનીઓના પ્રમોટરોએ નવા શેર ગીરવે મૂક્યા હતા.

જે કંપનીઓમાં પ્રમોટરોએ પ્લેજ વધાર્યો છે તેમાં અશોક લેલેન્ડ, ઇઝી ટ્રિપ, કલ્યાણ જ્વેલર્સ, મેક્સ ફાઇનાન્શિયલ સર્વિસિસ અને પીવીઆર આઇનોક્સનો સમાવેશ થાય છે. જે કંપનીઓમાં પ્રમોટરોએ પ્લેજ ઓછો કર્યો છે તેમાં એસ્ટર ડીએમ હેલ્થકેર, જીએમઆર એરપોર્ટ્સ, જિંદાલ સ્ટીલ એન્ડ પાવર, લોયડ્સ મેટલ્સ અને સ્વાન એનર્જીનો સમાવેશ થાય છે. ઇઝી ટ્રિપ અને મેક્સ ફાઇનાન્શિયલ એવી કંપનીઓ છે જ્યાં પ્રમોટરોએ નવા શેર ગીરવે મૂક્યા હતા. ઉચ્ચ પ્રમોટર પ્લેજને ઘણીવાર તકલીફના સંકેત તરીકે જોવામાં આવે છે, જે ઇક્વિટી બજારોમાં નકારાત્મક ધારણા તરફ દોરી શકે છે અને તેમના શેરમાં અસ્થિરતામાં વધારો કરી શકે છે. અત્યંત ઉચ્ચ પ્લેજ ધરાવતી કંપનીઓમાં વેદાંતનો સમાવેશ થાય છે, જ્યાં દેવાની મુશ્કેલીઓને દૂર કરવા માટે ડિમર્જરમાં જતા હોવા છતાં ૧૦૦ ટકા પ્રમોટર શેર ગીરવે મૂકવામાં આવ્યા છે. સેગિલિટી, ઇન્ટરનેશનલ જેમોલોજીકલ ઇન્સ્ટિટયૂટ જેવી કેટલીક અન્ય કંપનીઓમાં પણ સંપૂર્ણ પ્રમોટર શેર પ્લેજ મૂકાયા છે.

શેરના ભાવ ઘટવા માંડે તો એવી પરિસ્થિતિમાં ધિરાણકર્તાઓ તેમના ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા માટે ખુલ્લા બજારમાં પ્લેજ કરેલા શેર વેચી શકે છે. આનાથી પ્રમોટરનું નિયંત્રણ ગુમાવવાનું અને શેરના ભાવમાં તીવ્ર ઘટાડો થવાનું જોખમ રહેલું છે. જે કંપનીઓમાં પ્રમોટરોએ ગીરવે મૂકેલા શેર ઊંચા છે અને શેરના ભાવ ઘટયા છે તેમને માજન કોલ્સ અને ફોર્સ્ડ સેલ જોખમનો સૌથી વધુ સામનો કરવો પડે છે.

# સેન્સેક્સમાં ૨,૮૭૬ પોઈન્ટના ઉછાળા સાથે માર્કેટ કૅપમાં ₹ ૨૦ લાખ કરોડની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સરહદે યુદ્ધ અને લશ્કરી અથડામણ તથા આક્રમણ અને સીઝફાયર વચ્ચે સપ્તાહની શરૂઆતમાં તેજી બાદ અંતિમ સત્રમાં ભારતીય શેરબજારમાં થોડી પીછેહઠ જોવા મળી હતી અને અંતે સેન્સેક્સ ૮૨,૩૩૦.૫૯ પોઇન્ટ પર, જ્યારે નિફ્ટી ૨૫,૦૧૯.૮૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે. સાપ્તાહિક ધોરણે બીએસઈ બેન્ચમાર્ક ૨,૮૭૬.૧૨ પોઈન્ટ અથવા ૩.૬૧ ટકા વધ્યો છે અને નિફ્ટી ૧,૦૧૧.૮ પોઈન્ટ અથવા ૪.૨૧ ટકા વધ્યો છે.

સમીક્ષા હેઠળના ૧૬ મે, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૪૨.૮૪ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૨૨.૮૧ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૨૦.૦૩ લાખ કરોડનો વધારો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં, અઠવાડિયા દરમિયાન બધા સૂચકાંકોમાં વધારો થયો હતો, જેમાં બીએસઈ સ્મોલકેપ (૯.૨૧ ટકા), બીએસઈ ૧૦૦ (૪.૬૪ ટકા), બીએસઈ ૨૦૦ (૫.૦૦ ટકા), બીએસઈ ૫૦૦ (૫.૪૩ ટકા) અને બીએસઈ મિડકેપ (૬.૮૭ ટકા)નો સમાવેશ થાય છે. આઈપીઓ ૮.૩૨ ટકા અને એસએમઈ આઈપીઓ ૬.૩૦ ટકા વધ્યો હતો. બધા સેક્ટોરલ ઇન્ડેક્સ, સપ્તાહ દરમિયાન વધ્યા હતા, જેમાં રિયલ્ટી ૧૦.૬૬ ટકા, કેપિટલ ગુડ્સ ૯.૬૪ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૮.૮ ટકા, મેટલ ૮.૩૧ ટકા, પીએસયુ ૭.૫ ટકા, પાવર ૭ ટકા, આઈટી ૬.૩૮ ટકા, ઓટો ૫.૮૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૫.૦૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૪.૮૧ ટકા, ટેક ૩.૯૮ ટકા, એફએમસીજી ૩.૧ ટકા, બેન્કેક્સ ૩.૦૫ ટકા અને હેલ્થકેર ૨.૯૬ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં ટાટા સ્ટીલ (૯.૩૪ ટકા), ઈટર્નલ (૭.૬૫ ટકા), ટેક મહિન્દ્ર (૭.૬૩ ટકા), અદાણી પોર્ટ્સ (૭.૦૯ ટકા) અને બજાજ ફાઈનાન્સ (૫.૭૫ ટકા)નો સમાવેશ હતો.

જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરમાં ઈન્ડસઈન્ડ બેન્ક (૪.૫૪ ટકા), ભારતી એરટેલ (૧.૮૭ ટકા), સન ફાર્મા (૦.૫૭ ટકા), કોટક બેન્ક (૦.૨૦ ટકા) અને પાવર ગ્રીડ ૦.૨૫ ટકા)નો સમાવેશ હતો.

હાલ યુદ્ધની ગરમાગરમી ઠંડી પડી હોવાથી શેરલક્ષી કામકાજમાં વધારો થયો છે. આંતરિક ઓડિટમાં રૂ. ૫૯૫ કરોડની અપ્રમાણીત રકમ મળી આવી હોવાથી ઇન્ડસઇન્ડ બેન્કના શેરમાં સત્ર દરમિયાન છ ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. વેચાણમાં ઘટાડો થવાથી હ્યુન્ડાઇ મોટર્સ ઇન્ડિયાનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ચાર ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૧૪ કરોડ નોંધાયો છે.

પ્રાઇમરી માર્કેટમાં મેઇન બોર્ડમાં બોરાના વીવ્સ લિમિટેડ ૨૦મી મેના રોજ અને બેલરાઇઝ ઇન્ડસ્ટ્રીઝ ૨૧ મે, ૨૦૨૫ના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે. ઇમામીએ રૂ. ૧૬૨ કરોડનો અને જ્યુબિલન્ટ ફાર્મોવાએ રૂ. ૧૫૧.૩૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સરકારી માલિકીની ભારત હેવીલેક્ટ્રિકલ્સે માર્ચ ક્વાર્ટરમાં ત્રણ ટકાના વધારા સાથે રૂ. ૫૦૪.૪૫ કરોડનો, જ્યારે આઇટીસી હોટલ્સે રૂ. ૨૫૭.૮૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કોર્પોરેટ પરિણામોની મોસમ પૂર બહારમાં છે. ક્રાફ્ટ પેપરની વિવિધ શ્રેણીની અગ્રણી ઉત્પાદક અને સપ્લાયર બાણગંગા પેપર ઇન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ પરિણામોમાં રૂ. ૫૮.૨૪ કરોડની કુલ આવક, રૂ. ૪.૯૦ કરોડનો એબિટા અને રૂ. ૧.૮૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૮.૪૨ ટકા રહ્યું છે જ્યારે ચોખ્ખા નફાનું માર્જિન ૩.૨૩ ટકા નોંધાયું છે.

ભારતની અગ્રણી ઇન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડે વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૨.૦૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૮.૦૩ કરોડની કુલ આવક, ૭૫.૯૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૯૧ કરોડનો એબિટા અને ૩૫૯.૮૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧.૯૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કસ્ટમર કમ્યુનિકેશન, ડેટા મેનેજમેન્ટ અને પ્રોસેસ ઓટોમેશનમાં વૈશ્વિક સ્તરે મિશન-ક્રિટીકલ સોલ્યુશન્સ અને સર્વિસ પ્રોડાવઇડર ઇન્ટેન્સ ટેક્નોલોજીસ લિમિટેડે ૨૦૨૫ના પરિણામોમાં ૩૧.૯૨ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૫,૩૭૦.૩૧ લાખની કુલ આવક, ૧૨.૪૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨,૫૫૩.૩૮ લાખનો એબિટા અને ૪.૩૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૬૩૨.૩૧ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કિડ્સ વેર માટે ડિઝાઇનિંગ, ઉત્પાદન, બ્રાન્ડિંગ અને વેચાણ કરતી રેડીમેડ ગાર્મેન્ટ કંપની, આઇરિસ ક્લોથિંગ્સ લિમિટેડે વર્ષ ૨૫ના ચોથા ક્વાર્ટરમાં ૪.૩ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૪૦૩.૩૦ મિલિયનની કુલ આવક અને ૨૮.૬૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૪.૮૦ મિલિયનનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ ઇક્વિટી શેરના ૧:૧ બોનસ ઇશ્યૂની જાહેરાત કરી છે.

વીમેન્સ એપેરલ ઇન્ડસ્ટ્રીઝમાં અગ્રણી નામ, સિગ્નોરિયા ક્રિએશન લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટેના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૩૯.૧૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૭૨૨.૦૨ લાખની કુલ આવક, ૨૫.૩૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૦૧.૮૪ લાખનો ચોખ્ખો નફો અને ૩૧.૦૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫૨૯.૩૩ લાખનો એબિટા નોંધાવ્યો છે. એ ગ્રુપની ૭૧૨ કંપનીઓમાંથી ૬૭૫ કંપનીઓના ભાવ વધ્યા, ૩૭ કંપનીઓના ભાવ ઘટ્યા. બી ગ્રુપની ૧,૨૮૧ કંપનીઓમાંથી ૨૬૦ કંપનીઓના ભાવ વધ્યા, ૧,૨૩૮ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૪૩ કંપનીઓના ભાવ સ્થિર રહ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૯૫ કંપનીઓ વધી, પાંચ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૧૯૦ કંપનીઓ વધી, ૧૦ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૨૭ કંપનીઓ વધી, ૩ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૪૭૪ કંપનીઓ વધી, ૨૬ કંપનીઓ ઘટી. મિડકેપની ૧૩૧ કંપનીઓ વધી, ૬ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૯૩૬ કંપનીઓ વધી, ૪૨ કંપનીઓ ઘટી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પરની સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ)ની સંયુક્ત રૂ. ૭૫,૧૩૫.૬૩ કરોડની ખરીદી અને વેચવાલી રૂ. ૬૩,૪૮૭.૮૮ કરોડની રહી. આમ સ્થાનિક સંસ્થાઓની રૂ. ૧૧,૬૪૭.૭૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૭૭,૭૬૨.૨૨ કરોડની ખરીદી અને રૂ. ૭૪,૪૬૬.૫૭ કરોડની વેચવાલી રહી હતી. આમ એફઆઈઆઈની રૂ. ૩,૨૯૫.૬૫ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

## ઇસીબી માટે ૧૦ અબજ ડૉલરથી વધુની દરખાસ્તો

મુંબઇઃ માર્ચ ૨૦૨૫માં, ભારતીય રિઝર્વ બેંકને ભારતીય કંપનીઓ, જેમાં નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓનો પણ સમાવેશ થાય છે, પાસેથી ઇસીબી (વિદેશી વ્યાપારી કરજ) માટે ૧૧.૦૪ બિલિયન ડોલર એકત્ર કરવાના પ્રસ્તાવો મળ્યા છે, જે પાછલી ૭૨ મહિનામાં સૌથી વધુ માસિક રકમનો આંકડો છે.

રિઝર્વ બેંકના ડેટા અનુસાર, માર્ચ ૨૦૨૫માં ઓટોમેટિક રૂટ દ્વારા ભંડોળ એકત્ર કરવાનો લક્ષ્યાંક ૮.૩૪ બિલિયન ડોલર હતો અને મંજૂરી રૂટ દ્વારા ૨.૬૯ બિલિયન ડોલર હતો. ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં કુલ ઇસીબી ઓફરિંગ ૬૧.૧૮ બિલિયન ડોલર હતું. આ દરખાસ્તો નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૪૮.૮૧ બિલિયન ડોલર અને નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૨૫.૯૮ બિલિયન ડોલરથી વધુ હતી.

## સીઝફાયર ઉપરાંત ફુગાવાનો ઘટાડો બજારના સેન્ટિમેન્ટલ ટેકો આપશે

મુંબઇઃ અમેરિકા અને એપ્રિલ માટે સ્થાનિક અર્થતંત્રમાં અપેક્ષા કરતાં છૂટક ફુગાવો હળવો રહેવાને કારણે બજારને ટેકો મળ્યો સ્થાનિક સ્તરે ફુગાવા હળવો થવાથી ભારતીય રિઝર્વ બેંક દ્વારા સંભવિત દર ઘટાડાની અપેક્ષાઓ વધી છે, જ્યારે યુ.એસ. ફુગાવાના ડેટા ૫મ અનુકૂળ રહ્યા છે. એ જ સાથે, યુ.એસ. અને ચીન વચ્ચેના વેપાર તણાવને હળવો થવાથી સંભવિત મંદીની ચિંતાઓ ઓછી થઈ હોવાથી એકંદરે વૈશ્વિક ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો. શેરબજારમાં જોકે વિવિધ કારણોસર અફડાતફડી ચાલુ રહેવાની ધારણા છે તે જોતા સારી ગુણવત્તા ધરાવતા શેરો પર રોકાણકારોએ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ, એમ જણવાતાં પેન્ટેકલ એમ્પ્રેસના ડિરેક્ટર અશોક છંગાની કહે છે કે ટકાઉ વિકાસ અને સ્થિર વળતર માટે ગુણવત્તા એક મહત્વપૂર્ણ પરિમાણ છે. ગુણવત્તાયુક્ત કંપનીઓ આર્થિક ચક્ર અને બજારની અસ્થિરતાને વધુ સરળતાથી પાર કરે છે. જ્યારે આર્થિક અનિશ્ચિતતા દરમિયાન વાજબી મૂલ્યાંકન પર આવા રોકાણો ઉપલબ્ધ હોય છે, ત્યારે ક્વોલિટી ઇન્વેસ્ટમેન્ટ થીમ માત્ર એક પસંદગી જ નહીં, પરંતુ મજબૂત પોર્ટફોલિયો બનાવવા માટે આવશ્યકતા બની જાય છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ, વેપાર યુદ્ધો, અર્થતંત્રની ધીમી ગતિ અને કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામો ગુણવત્તાયુક્ત શેરોની પસંદગીને વાજબી ઠેરવે છે. પાંચ વર્ષના નિરસ પ્રદર્શન પછી, મૂલ્યાંકન હવે વાજબી લાગે છે. વિવિધ ક્ષેત્રો અને બજાર મૂડીકરણમાં, ઘણી કંપનીઓએ ગુણવત્તાને પ્રાધાન્ય આપી, મજબૂત બ્રાન્ડ્સ બનાવી છે અને નોંધપાત્ર બજાર હિસ્સો મેળવ્યો છે. આ થીમનો લાભ લેવાનો સૌથી અસરકારક અને સચોટ માર્ગ હાઇ ક્વોલિટી શેરો પર ધ્યાન કેન્દ્રિત કરતી મ્યુચ્યુઅલ ફંડ ઇક્વિટી યોજનાઓમાં રોકાણ કરવાનો છે.

# ગુજરાત

## અમિત શાહે અમદાવાદમાં બ્રિજનું ઉદ્ઘાટન કર્યુંઃ એક લાખથી વધુ લોકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બે દિવસથી ગુજરાતના પ્રવાસે છે, ત્યારે ૧૮ મે રવિવારના રોજ અમિત શાહે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. અમિત શાહ દ્વારા અમદાવાદમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે ઠેર-ઠેર ઓવરબ્રિજ અને ફ્લાયઓવરના કામ ચાલી રહ્યા છે. અમદાવાદના ૧૩૨ ફૂટ રિંગ રોડ પર પલ્લવ જંકશન પર નવનિર્મિત ઓવરબ્રિજનું અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જ્યારે ચીમનભાઈ પટેલ રેલવે ઓવરબ્રિજની સમાંતર બનનારા ઓવરબ્રિજ અને સીએન વિદ્યાલયથી લો ગાર્ડન સુધીના ફ્લાયઓવરના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદમાં અમિત શાહના હસ્તે કુલ ૧૬૯૨ કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે અમિત શાહે કહ્યું હતું કે, આજે ફરી એકવાર હું તમારા પ્રતિનિધિ તરીકે મુખ્યમંત્રી અને મેયરનો આભાર માનવા આવ્યો છું. ત્રણ લોકસભા વિસ્તારમાં ૧૬૦૦ કરોડના વિકાસ કાર્યો થયા છે. જેના એક સાથે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયા છે. ભૂપેન્દ્ર પટેલનો વિશેષ આભાર માનું છું. પલ્લવ બ્રિજ જોઈને ગદગદ થઈ ગયો છું. ૧.૫ લાખ વાહનો સિગ્નલ ટ્રાફિક વિના નીકળી શકશે.

## અમિત શાહના અધ્યક્ષસ્થાને અમદાવાદમાં ગુજરાત સહકારી મહાસંમેલન-૨૦૨૫ યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)




અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહના અધ્યક્ષસ્થાને અમદાવાદમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકારી મહાસંમેલન-૨૦૨૫ યોજાયું હતું. જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં ઉપસ્થિત લોકોને સંબોધતા અમિત શાહે જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ-૨૦૨૫ની આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે આજે પણ સહકાર ક્ષેત્ર વર્ષ ૧૯૦૦માં હતું, એટલું જ પ્રાસંગિક છે. 'સહકારથી સમૃદ્ધિ' અને 'વિકસિત ભારતમાં સહકારની ભૂમિકા' સૂત્રને સાર્થક કરવા ગામડાની પ્રાથમિક સહકારી મંડળીઓને મજબૂત બનાવવી આવશ્યક છે. આ માટે સહકારી માળખાનો વ્યાપ વધારવા પર ભાર મૂકતાં તેમણે કહ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં જે પરિવર્તનો આવ્યાં છે તેને ગામડાઓ અને ખેડૂતો સુધી પહોંચાડવા સહકાર પ્રશિક્ષણ અને પારદર્શકતા જરૂરી છે.

કેન્દ્રીય સહકાર પ્રધાને 'સાયન્સ ઓફ કો-ઓપરેશન અને સાયન્સ ઇન કો-ઓપરેશન' પર ભાર મૂકતાં જણાવ્યું કે આઝાદી સમયે શરૂ થયેલા સહકારી આંદોલનનો વિકાસ થશે, દરેક રાજ્યમાં પ્રાથમિક સહકારી મંડળીઓ મજબૂત બનશે, તો ગ્રામ્ય, જિલ્લા અને રાજ્યનું સહકારી માળખું પણ મજબૂત બનશે. તેમણે ત્રિસ્તરીય સહકારી માળખાના બદલે ચાર સ્તરીય સહકારી માળખાની વાત કરી, રાષ્ટ્રીય કક્ષાએ પણ સહકારી માળખાને મજબૂત બનાવવા જણાવ્યું હતું. સહકારિતાને શાસન હિસ્સો બનાવી પારદર્શકતા અને પ્રામાણિકતા સાથે આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે, સહકારિતામાં સહકાર એટલે કે દરેક ગામની સહકારી મંડળીનું એકાઉન્ટ સહકારી બૅન્કમાં હોય તે જરૂરી છે. પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાં આ દિશામાં ખૂબ સરસ કામ થયું હોવાનું જણાવી તેમણે ડેરી, એપીએમસી, સહકારી મંડળીઓનાં ખાતા જિલ્લાની સહકારી બૅન્કોમાં ખોલાવી સહકારી પ્રવૃત્તિઓને બળ પૂરું પાડી એ દિશામાં આગળ વધવા પર તેમણે ભાર મૂક્યો હતો. ગુજરાતમાં ત્રિભોવનભાઈ પટેલના નામથી સહકાર યુનિવર્સિટીની શરૂઆત કરવામાં આવી છે, જેનાથી સહકારી શિક્ષણ ક્ષેત્રે ગુજરાત લીડ લેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

સહકારી માળખાને મજબૂત બનાવવાની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કેસ વર્ષ-૨૦૨૯ સુધીમાં દરેક ગ્રામ પંચાયત વિસ્તારમાં પીએસીએસ રજિસ્ટર કરી બે લાખ જેટલી પ્રાથમિક સહકારી મંડળીઓ શરૂ કરવાનું આયોજન છે. એટલું જ નહીં, આ મંડળીઓ બીમાર ન પડે એટલે તેના વિકાસ માટેની નીતિ પણ ઘડવામાં આવશે. આ પ્રાથમિક સહકારી મંડળીઓ પ્રાકૃતિક ખેતીની સમજ પણ આપશે.

## જાફરાબાદના દરિયામાં શંકાસ્પદ બોટ જોવા મળતા તમામ બંદરો પર એલર્ટ જાહેર, કોસ્ટગાર્ડના હેલિકૉપ્ટર દ્વારા સઘન તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દરિયાઈ સુરક્ષાને વધુ સુદૃઢ બનાવવાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તાજેતરમાં જાફરાબાદના દરિયામાં ૨૦ નોટીકલ માઈલ દૂર એક અજાણી બોટ નજરે ચડતા તંત્ર સક્રિય બન્યું હતું. આ ઘટનાની જાણ માછીમારો દ્વારા તાત્કાલિક વાયરલેસ મારફતે બોટ પ્રમુખને કરવામાં આવી હતી. બોટ એસોસિએશન દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરી કોસ્ટ ગાર્ડને આ અંગે માહિતી આપવામાં આવી હતી. આ બાબતની માહિતી મળતા જ કોસ્ટ ગાર્ડ દ્વારા હેલિકોપ્ટર સાથે દરિયાઈ વિસ્તારમાં તપાસ શરૂ કરવામાં આવી છે.સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને ફિશરીઝ વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે અને આગામી સૂચના ના મળે ત્યાં સુધી માછીમારોને દરિયો ખેડવાનું ટાળવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જાફરાબાદ, ચાંચબંદર અને ધારાબંદર સહિતના તમામ બોટ માલિકોને તાત્કાલિક અસરથી દરિયામાં ગયેલી પોતાની બોટો પરત બોલાવવાના આદેશ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને સુરક્ષાને લગતા તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

## ગુજરાત સરકારે ૧૧ વર્ષમાં જાહેરખબર પાછળ ₹ ૮૮૦ કરોડ ખર્ચ્યા, આરટીઆઈમાં ખુલાસો થયો

અમદાવાદઃ ગુજરાત સરકારે વિતેલા એક દાયકામાં પોતાનો રાજકીય ચહેરા ચમકાવવા આઠ અબજ રૂપિયાથી વધુ રકમનો ખર્ચ કર્યો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. રાજ્ય સરકારે પોતે માહિતી અધિકાર નિયમન હેઠળ આ હકીકત જાહેર કરી હતી. જાહેર પ્રચાર-પ્રસાર અંગે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ સરકાર પાસે માંગવામાં આવેલી માહિતીમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રતિ વર્ષ સરેરાશ ૮૦ કરોડ લેખે ૧૧ વર્ષમાં ૮૮૦ કરોડ રૂપિયાની જંગી રકમનો ખર્ચ થયો હોવાનું જણાવાયું છે. સરકારની વિજ્ઞાપન શાખા દ્વારા ૪૦૯.૪૪ કરોડ અને ફિલ્મ પ્રોડકશન શાખા દ્વારા ૪૭૦.૨૪ કરોડ રૂપિયા એક દાયકામાં ખર્ચ કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાતી પ્રત્યેક સરકારી યોજનાનો ભરપૂર પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. સરકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવાના નામે જાહેર ખબર છપાવવામાં આવે છે. જન કલ્યાણના નામે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં એક પ્રકારે સરકારનું બ્રાન્ડિંગ કરવામાં આવી રહ્યું છે. સરકારની વાહવાહી કરવા પાછળ વર્ષે કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યાં હોવાનું તાજેતરમાં આરટીઆઈ હેઠળ જાહેર થયેલા આંકડા ઉપરથી સ્પષ્ટ થયું છે. કલ્યાણકારી યોજના કે વિશેષ દિવસની ઉજવણી પાછળ સરકારે પ્રજાના કરોડો રૂપિયાનો ધુમાડો કરી નાખ્યો છે. માત્ર પ્રચાર-પ્રસાર પાછળ પાણીની જેમ થયેલા ખર્ચ બાદ અલગ અલગ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવા પાછળ થયેલા ખર્ચનો આંકડો હજી ઊંચો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

## પાટણમાં બાંગ્લાદેશી દંપતી ઝડપાયું, છેલ્લાં ૧૫ વર્ષથી ગુજરાતમાં રહેતાં હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસ દ્વારા ગેરકાયદે રહેતા બાંગ્લાદેશ અને પાકિસ્તાનના નાગરિકોને હાંકી કાઢવાની કવાયત તેજ કરાઈ છે. જેના ભાગરૂપે પાટણ એલસીબીએ ગેરકાયદે વસવાટ કરતા બે બાંગ્લાદેશી નાગરિકો ઝડપ્યા હતા.

બે બાંગ્લાદેશીને પકડીને પોલીસે તપાસ શરૂ કરી છે. પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના દેથળી ગામથી બાંગ્લાદેશી દંપતી ઝડપાયું હતું. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી બંને બાંગ્લાદેશી ઘૂસણખોરી કરીને ગુજરાતના અલગ અલગ શહેરોમાં વસવાટ કરતા હોવાનું ખૂલ્યું હતું.

બાંગ્લાદેશી દંપતી પાસેથી ભારતીય બનાવટના ઓળખ પુરાવા પણ મળી આવ્યા હતા. બાંગ્લાદેશી ઇસમોએ બનાવટી ભારતીય ઓળખ પુરાવા બનાવીને બંનેએ નિકાહ પણ કર્યા હતા. બંને બાંગ્લાદેશી બાંગ્લાદેશના કાલીયા જિલ્લાના પુરોલીયા ગામના રહેવાસી છે. પોલીસે બાંગ્લાદેશી દંપતીને પકડીને વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં દમણમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશી ઝડપાયા હતા. દેવકા અને નાની દમણમાંથી પાંચ મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશી પાસે વિઝા કે દસ્તાવેજો ન હોવાનું પણ બહાર આવ્યું હતું.

## ગુજરાત પર ફરી સાયક્લોનિક સર્ક્યુલેશનની સિસ્ટમ સક્રિય, સાત દિવસ ગાજવીજ સાથે માવઠાની આગાહી

અમદાવાદઃ ગુજરાતમાં ભર ઉનાળે ફરી ચોમાસા જેવો માહોલ જોવા મળશે. રાજ્યમાં ફરી એક સાયક્લોનિક સર્ક્યુલેશનની સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે હવામાનમાં પલટો આવશે અને ગાજવીજ સાથે રાજ્યમાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. હવામાન વિભાગ જણાવ્યુ હતું કે, આગામી સાત દિવસ ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. આ સાથે થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થશે અને સામાન્યથી મધ્યમ વરસાદ થશે. સાત દિવસમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પૂર્વ મધ્ય ગુજરાતના જિલ્લામાં કમોસમી વરસાદ ખાબકશે. ૨૧થી ૨૪ મેના અમુક જિલ્લામાં ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને સામાન્યથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગે ૧૯ મેના રોજ રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી.હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ૨૦ મેના રોજ બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી.

# ૨૦૦થી વધુ આરોગ્ય કેન્દ્રમાં કાગડા ઊડે છે

## ફર્નિચર, વીજ જોડાણ, સ્ટાફ માટે ભંડોળ જ મળ્યું નથી

## મેડિકલ સેન્ટર માટેની ૨૧૦ ઈમારતમાંથી ઘણીખરી બંધ પડી છે

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૨૦૦થી વધુ નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી) અને પેટા કેન્દ્રોમાં કાગડા ઊડે છે, કારણ કે આવશ્યક પુરવઠો અને સ્ટાફ માટે ભંડોળ ફાળવવામાં નથી આવ્યું એમ જાહેર આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પીએચસી અને પેટા-કેન્દ્રો ગ્રામીણ આરોગ્ય સંભાળ વ્યવસ્થા માટે મહત્વ ધરાવે છે. મેડિકલ ઈમરજન્સી અને ગામડાઓમાં રોગચાળો ફેલાયો હોય એ દરમિયાન આ કેન્દ્રો જ રાહતના દરે સારવાર પૂરી પાડે છે. સિવાય રસીકરણ ઝુંબેશ સહિત રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો ચલાવે છે અને મહિલાઓ અને બાળકોને આવશ્યક સંભાળ પૂરી પાડે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં બાંધવામાં આવેલા ઘણા પીએચસી અને પેટા-કેન્દ્રો કાર્યરત નથી, કારણ કે તેમને ફર્નિચર, વીજ જોડાણ અને સ્ટાફ માટે ભંડોળ નથી મળ્યું. વિભાગે ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન રાજ્યભરમાં ૪૦૦થી વધુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી) અને પેટા-કેન્દ્રોના નિર્માણને મંજૂરી આપી હતી, અને તેમાંથી, ૨૧૦ ઇમારતોનું નિર્માણ કરવામાં આવ્યું છે, પરંતુ ઘણા બંધ છે. કેટલાક કિસ્સામાં તો આખેઆખી ઇમારતો લગભગ બે વર્ષથી બિનઉપયોગી રહી છે.

ભૌતિક માળખાગત સુવિધા તૈયાર હોવા છતાં, મૂળભૂત કાર્યકારી સહાયનો અભાવ એ છે કે આ કેન્દ્રો હજુ સુધી કાર્યરત થયા નથી, એમ તેમણે કહ્યું હતું.

વિભાગના ડેટા અનુસાર, છેલ્લા ચાર વર્ષમાં ૯૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી હતી.

માત્ર ૬૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે અને સ્ટાફ અને આવશ્યક પુરવઠાની તીવ્ર અછતને કારણે ૩૪ તાળાબંધ છે, અધિકારીએ ઉમેર્યું હતું.

સ્થાનિક આરોગ્ય અધિકારીઓનું કહેવું છે કે તેમણે સરકારને ફર્નિચર, દવાઓ, વીજળી અને સ્ટાફિંગ માટે વારંવાર ભંડોળની વિનંતી કરી છે. ગ્રામીણ વિસ્તારોમાં પેટા-કેન્દ્રો માટે પરિસ્થિતિ અલગ નથી.

બાંધકામ માટે મંજૂર કરાયેલા ૩૦૮ પેટા-કેન્દ્રોમાંથી, ફક્ત ૧૨૯ કાર્યરત થયા છે, અને બાકીના ૧૭૯ ઇમારતો બિનઉપયોગી પડી છે, અધિકારીએ નોંધ્યું, તેમણે ઉમેર્યું કે વિભાગ રાજ્યભરમાંથી માનવ

(જુઓ પાનું ૪) ▶▶

# સોલાપુરની ફેક્ટરીમાં આગ: આઠનાં મોત

## મૃતકોમાં ત્રણ મહિલા સહિત બાળકોનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સોલાપુર શહેરમાં અક્કલકોટ રોડ પર એમઆઈડીસી પરિસરમાં ટૉવલ બનાવતા સેન્ટ્રલ ટેક્સટાઈલના કારખાનામાં રવિવારે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ત્રણ મહિલા અને બાળકો સહિત કુલ આઠ લોકોનાં મૃત્યુ થયા હતા.

મુંબઈથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર આવેલા સોલાપૂર જિલ્લાના એમઆઈડીસીમાં ટેક્સટાઈલ મિલમાં વહેલી સવારના ૩.૪૫ વાગે આગ ફાટી નીકળી હતી. પ્રાથમિક માહિતી મુજબ આગ

(જુઓ પાનું ૪) ▶▶



**દુર્ઘટના:** સોલાપુરમાં ટૉવેલ બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગી હતી જેમાં ફેક્ટરીના માલિક સહિત આઠ જણનાં મોત થયા હતા. (પીટીઆઈ)

## ‘બૅન તુર્કી’નો સિલસિલો યથાવત્

# આઈઆઈટી-બૉમ્બેએ તુર્કી સાથેના કરાર રદ કર્યા

મુંબઈ: ભારત સાથે વધી રહેલા તણાવ વચ્ચે પાકિસ્તાનને સમર્થન આપનાર તુર્કી સાથેના સંબંધો કાપી નાખવાનો સિલસિલો આગળ વધ્યો છે. હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) બૉમ્બેએ તુર્કીની યુનિવર્સિટીઓ સાથેના તમામ કરારો સ્થગિત કરી દીધા છે.

સંસ્થાએ તેના સત્તાવાર સોશિયલ મીડિયાના એક્સ હેન્ડલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તુર્કી સાથેની વર્તમાન રાજકીય પરિસ્થિતિને પગલે આઈઆઈટી બૉમ્બેએ આગામી સૂચના મળે સુધી તુર્કીની યુનિવર્સિટીઓ સાથેના તેના કરારો સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. સંસ્થા હાલ તુર્કીની કેટલીક સંસ્થાઓ સાથે ફેકલ્ટી એક્સચેંજ પ્રોગ્રામ સંકળાયેલી છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન તુર્કીએ પાકિસ્તાનને ટેકો આપ્યો હોવાથી ભારત સાથેના સંબંધો માં ઘર્ષણ થવાથી આવા નિર્ણય લેવાઈ રહ્યા છે. અગાઉ આઈઆઈટી રૂડકીએ તુર્કીની ઈનોનુ યુનિવર્સિટી સાથેના સમજૂતી કરારને ઔપચારિક રીતે રદ કર્યો હતો.

ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને ટેકો આપવા બદલ તુર્કી અને અઝરબૈજાનની ૨૩ યુનિવર્સિટીઓ સાથેના તેમના શૈક્ષણિક જોડાણને ચંદીગઢ યુનિવર્સિટી જેવી પ્રાઈવેટ સંસ્થાએ પણ કાપી નાખ્યા હતા. (પીટીઆઈ)■

## પાણી પહેલા પાળ બાંધવાની શરૂઆત

# રેલવે ટ્રેક પર હવે પાણી નહીં ભરાય: રેલવેનો દાવો

મુંબઈ: ચોમાસુ શરૂ થાય એટલે સૌથી પહેલા ટ્રેનમાં મુસાફરી કરતા પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાઇ જાય છે, કારણ કે ભારે વરસાદને કારણે રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે લોકલ સેવાઓ ખોરવાઈ જાય છે.

ચોમાસા દરમિયાન સરળ રેલ સેવા સુનિશ્ચિત કરવા માટે રેલવે વહીવટીતંત્રે યુદ્ધના ધોરણે કામ હાથમાં લીધું છે. રેલવે લાઇન પર પાણી ભરાયેલા વિસ્તારોનો વ્યાપક અભ્યાસ કર્યા પછી, મધ્ય રેલવેએ ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં ચોમાસા પહેલાના કામો પૂર્ણ કરવાનો લક્ષ્યાંક પણ રાખ્યો છે.

મધ્ય રેલવે પર ૩૩ સંવેદનશીલ સ્થળોએ પાણી ભરાઈ જવાની શક્યતા છે. ભારે વરસાદ દરમિયાન પણ રેલ સેવા સુગમ રહે તે માટે પગલાં લેવામાં આવ્યા છે. મુંબઈ શહેર અને ઉપનગરોમાં ગટર, નાની અને મોટી ગટરોની સફાઈનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. ચોમાસાની ઋતુ દરમિયાન સ્થાનિક સેવાઓના સુગમ સંચાલનને સુનિશ્ચિત કરવામાં અને સંચિત પાણીનો નિકાલ કરવામાં પાણીના પંપ ખૂબ મદદરૂપ થશે. ■

### ચાર પૂરગ્રસ્ત વિસ્તારોમાં મુખ્ય પમ્પિંગ સ્ટેશનો

નગરપાલિકા ચાર પૂરગ્રસ્ત વિસ્તારોમાં મુખ્ય પમ્પિંગ સ્ટેશન સ્થાપશે. નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ દરમિયાન રેલવે લાઇન પર પાણી જમા ન થાય તે માટે ચાર ફ્લડગેટ પણ સ્થાપિત કરવામાં આવશે. પાણી પંપ કરવા માટે કુલ ૧૧૨ પંપ સ્થાપિત કરવાની યોજના છે. તેમાં ૧૦૦ હોર્સપાવર પંપનો સમાવેશ થાય છે. મધ્ય રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપી હતી કે ૧૧૨ પંપમાંથી ૪૪ પંપ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરા પાડવામાં આવશે અને બાકીના ૬૮ પંપ સંવેદનશીલ સ્થળોએ મધ્ય રેલવે દ્વારા સ્થાપિત કરવામાં આવશે. ■

### વીજળી ગૂલ થયા પછી પણ પાણીના પંપ ચાલુ રહેશે

મધ્ય રેલવેના ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન વિભાગે ચોમાસા દરમિયાન વીજ પુરવઠો જાળવવા માટે યોગ્ય પગલાં લીધા છે. દરમિયાન, મધ્ય રેલ્વેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, વીજળી વિભાગ પાંચ મુખ્ય સ્થળોએ વધારાના ડીઝલ જનરેટર સેટ તૈયાર રાખશે, જેથી વીજળી ગુલ થવાના કિસ્સામાં પાણીના પંપ કાર્યરત રહે. ■

# ભાડાનું ઘર શોધવાની માથાકૂટથી મળશે છૂટકારો

## મ્હાડા નો-બ્રોકર, મૅજિકબ્રિક્સ સમાન પોર્ટલ લોન્ચ કરશે

મુંબઈ: ભાડાનું ઘર શોધવાની મગજમારી તથા બ્રોકરને આપવા પડતા કમિશનથી હવે છૂટકારો મળવાનો છે. સામાન્ય નાગરિકોના ખિસ્સાને પરવડે એવા ઘર બનાવનારી મ્હાડા હવે લોકોને તેમને પરવડે એવા ભાડાંના ઘર પણ ઉપલબ્ધ કરી આપવાની છે. તે માટે નો-બ્રોકર, મૅજિકબ્રિક્સ જેવી જ મ્હાડા બહુ જલદી પોતાની પોર્ટલ લોન્ચ કરવાની છે. તેથી દલાલોના ભરોસા પર ઘરની રાહ જોતા લોકોને રાહત મળી રહેવાની છે. મામૂલી ચાર્જ ભરીને નાગરિકો આ સુવિધાનો લાભ લઈ શકશે, જેમા ભાડાનું એગ્રીમેન્ટસ પોલીસ વેરિફિકેશન જેવી સુવિધા પણ આ પોર્ટલ પર હશે.

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ભાડા પર રહેનારા લોકોની સંખ્યા મોટી છે. કેન્દ્ર સરકારના ‘નિતી’ આયોગના નિર્દેશ મુજબ મહારાષ્ટ્ર સરકારે મ્હાડાને ભાડા પર આપવામાં આવતા ઘર માટે રેન્ટલ પૉલિસી તૈયાર કરવા માટે નોડલ એજન્સી તરીકે નિમણૂક કરી છે. આગામી એકથી દોઢ મહિનામાં આ પૉલિસીની કાચો ડ્રાફ્ટ તૈયાર કરશે. ત્યારબાદ નાગરિકો પાસેથી સલાહ અને વાંધા મગાવવામાં આવશે અને પછી પૉલિસીને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ પૉલિસી સાથે જ મ્હાડા હવે સામાન્ય માણસો માટે ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવાની છે. આ પોર્ટલ પરથી ગ્રાહકો તેમની પસંદગી અને બજેટ મુજબ ભાડાની ઘરની પસંદગી

(જુઓ પાનું ૪) ▶▶

# ‘એક દેશ, એક ચૂંટણી’થી ખર્ચમાં બચત થવાનો દાવો

## વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ અલગ-અલગ યોજાય છે, જેના કારણે આ ચૂંટણીઓ દરમિયાન આર્થિક વ્યવહારો સ્થગિત થઈ જાય છે, જે દેશના જીડીપીના ૧.૬ ટકાને અસર કરે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ અલગ-અલગ યોજાય છે, આ ચૂંટણીઓ દરમિયાન આર્થિક વ્યવહારો ઠપ્પ થઈ જાય છે અને દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (જીડીપી)ના ૧.૬ ટકાને અસર થાય છે. ‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ પર નિયુક્ત સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષે શનિવારે એવો દાવો કર્યો હતો કે જો દેશમાં બધી ચૂંટણીઓ એકસાથે યોજાય તો કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૪.૫ લાખ કરોડ રૂપિયાનો વધારો થશે.

મુંબઈની મુલાકાત દરમિયાન, સમિતિએ મહારાષ્ટ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, ભારતીય રિઝર્વ બેંક અને વિવિધ બેંકો અને વીમા કંપનીઓ સાથે વ્યાપક પરામર્શ કર્યો હતો

આઝાદી પછી, ૧૯૫૨,

(જુઓ પાનું ૪) ▶▶

### એક જ દિવસે ચૂંટણી નહીં

આ ચૂંટણીઓ એક જ દિવસે યોજાશે નહીં. એક દેશ, એક ચૂંટણી એટલે ચોક્કસ સમયગાળા પહેલાં ચૂંટણીઓ યોજવી. જો કેટલીક વિધાનસભાઓ ભંગ કરવામાં આવે અને રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે, તો પણ બાકીના સમયગાળા માટે ચૂંટણીઓ યોજાઈ શકે છે. આ એક ચૂંટણી સુધારણા કાર્યક્રમ છે. નાણાકીય સંસ્થાઓ ફાયદા અને ગેરફાયદા અંગે માહિતી પ્રદાન કરે તે પછી, સમિતિ એક રાષ્ટ્ર, એક ચૂંટણી અંગે સંસદને ભલામણો કરશે. આ બેઠકમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ, ભાજપના સંબિત પાત્રા, શિવસેના સાંસદ શ્રીકાંત શિંદે અને અન્ય ૨૯ સભ્યો હાજર રહ્યા હતા.

સમિતિએ બેંકિંગ અને વીમા ક્ષેત્રની મુખ્ય

(જુઓ પાનું ૪) ▶▶



**સલામ:** ભારતીય સશસ્ત્રદળો અને જવાનોના માનમાં રવિવારે ચેમ્બુર અને થાણેમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. (અમય ખરાડે)

# ઈડીએ મારી ધરપકડ કરી કારણ કે મેં ૨૦૧૯માં ભાજપને સત્તામાં આવતા રોકી: સંજય રાઉત

## ‘નરકાતલા સ્વર્ગ’માં ચોંકાવનારો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે દાવો કર્યો છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કથિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ કરવા પાછળનું મુખ્ય કારણ એ હતું કે તેમણે ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં ભાજપને સત્તામાં આવતા અટકાવ્યું હતું.

તેમના પુસ્તક ‘નરકાતલા સ્વર્ગ’માં રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે તેમની સામે ઈડીની કાર્યવાહી કરવામાં આવી હતી કારણ કે તેઓ તે વર્ષે સત્તામાં આવેલા ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકારની ‘રક્ષણાત્મક દીવાલ’ હતા.

આ પુસ્તક રાઉતના જેલમાં અનુભવો વિશે છે જ્યારે ઈડીએ ૨૦૨૨માં ઠાકરે સરકારના પતન પછી તરત જ કથિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ કરી હતી. રાઉતને બાદમાં જામીન મળ્યા હતા.

‘મારા વિરુદ્ધ (ઈડી) કાર્યવાહી પાછળનું મુખ્ય કારણ એ હતું કે મેં ભાજપને સત્તામાં આવતા રોકી હતી. હું ઠાકરે સરકારના બચાવમાં રક્ષણાત્મક દીવાલ તરીકે પણ ઉભો રહ્યો હતો. તે પછી ઠાકરે સરકાર પડી ભાંગી હતી.

‘(એકનાથ) શિંદે સરકાર ગેરબંધારણીય રીતે રચાઈ હતી. શિંદે અને (તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ) બંને એક વાત પર સંમત થયા હશે કે જો સરકારે કામ કરવું હોય તો રાઉતને જેલના સળિયા પાછળ જવું પડશે,’ એવો દાવો તેમણે કર્યો હતો.

રાઉતે કહ્યું કે ભાજપને દુ:ખ એ વાતનું થયું હતું કે તેને ૧૦૫ બેઠકો (૨૦૧૯ની ચૂંટણીમાં ૨૮૮ સભ્યોની વિધાનસભામાં) જીતવા છતાં વિપક્ષમાં બેસવું પડ્યું હતું.

‘શિવસેનાએ શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી સાથે

(જુઓ પાનું ૪) ▶▶

# તારાપુરમાં કેમિકલ લીકેજ, ૧૩ લોકો હૉસ્પિટલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

પાલઘર: મહારાષ્ટ્રના પાલઘરમાં એક કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં રવિવારે સવારે ડાયમિથાઈલ સલ્ફેટ લીકેજ થવાથી તેર કામદારોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્લાન્ટ વચ્ચે કેમિકલ ટ્રાન્સફર કરતી વખતે આ ઘટના સવારે લગભગ ત્રણ વાગ્યે બની હતી. ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિયામક દ્વારા સલામતી પ્રોટોકોલની તપાસ શરૂ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં ડાયમિથાઈલ સલ્ફેટના એલેકેશનને કારણે રવિવારે વહેલી સવારે તેર કામદારોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની વાતને અધિકારીઓએ પુષ્ટિ આપી હતી.

ડાયમિથાઈલ સલ્ફેટ પારદર્શક તૈલી પ્રવાહી છે, જેની આછી સુગંધ કાંદા જેવી હોય છે. આનાથી ચામડી અને આંખોમાં બળતરા થઈ શકે છે, તેમ જ ચામડી પર ફોલ્લા પડી શકે છે.

જે યુનિટમાં ડાયમિથાઈલ સલ્ફેટનું લીકેજ થયું હતું તે એન્ટિઓક્સિડન્ટ્સ બનાવે છે. જ્યારે યુનિટના પ્લાન્ટ ચારમાંથી પ્લાન્ટ ૧૦માં ડાયમિથાઈલ સલ્ફેટના ટ્રાન્સફર દરમિયાન લીકેજ થયું હતું, જેના કારણે ધુમાડાથી આંખોમાં બળતરા થઈ હતી. બોઈસર

(જુઓ પાનું ૪) ▶▶

# ભારતની શ્રેષ્ઠ લશ્કરી ક્ષમતા ‘આત્મ-નિર્ભર’ સંરક્ષણ ઉત્પાદનનું પરિણામ: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું કે ભારત પાસે શ્રેષ્ઠ સંરક્ષણ ક્ષમતાઓ છે અને દેશનું લશ્કરી પ્રભુત્વ ૨૦૧૪માં શરૂ કરાયેલા આત્મ-નિર્ભર સંરક્ષણ ઉત્પાદન મોડેલોનું પરિણામ છે.

નાગપુર જિલ્લાના ખાપરખેડા ગામમાં ‘તિરંગા યાત્રા’ બાદ પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું હતું કે વિશ્વને હવે ખ્યાલ આવી ગયો છે કે ભારત પાસે શ્રેષ્ઠ સંરક્ષણ તકનીક છે.

‘ભારત વિશ્વભરમાં ટોચના પાંચ સશસ્ત્ર દળોમાં સ્થાન ધરાવે છે. વિશ્વે સ્વીકાર્યું છે કે આપણી પાસે શ્રેષ્ઠ સંરક્ષણ ક્ષમતાઓ છે. આપણી સંરક્ષણ ક્ષમતા પાકિસ્તાન કરતા પાંચ ગણી વધારે છે,’ એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે દરેક ભારતીય સશસ્ત્ર દળોના જવાનો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પાછળ મજબૂત રીતે ઉભો છે.

‘આ યાત્રા કોઈ એક રાજકીય પક્ષ માટે નથી પરંતુ રાષ્ટ્રના સમર્થનમાં એકતાનું પ્રદર્શન છે,’ એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાન દ્વારા તાજેતરમાં એવી કબૂલાત કરવામાં આવી હતી કે સરહદ પારથી ચોકસાઈથી કરવામાં આવેલા હુમલાઓમાં તેની માળખાકીય સુવિધાઓને નુકસાન થયું છે તેના પર ફડણવીસે કહ્યું, ‘જ્યારે અમે કાર્યવાહી કરી, ત્યારે તેઓ ભાનમાં આવ્યા, યુદ્ધવિરામ માટે ફોન કર્યો અને અમારી સામે ઘૂંટણિયે પડ્યા. આ એક ગર્વની ક્ષણ છે. આપણું લશ્કરી વર્ચસ્વ ૨૦૧૪માં શરૂ કરાયેલા આત્મ-નિર્ભર સંરક્ષણ ઉત્પાદન મૉડેલોનું સીધું પરિણામ છે, જેની એક સમયે મજાક ઉડાવવામાં આવતી હતી, પરંતુ હવે વૈશ્વિક સ્તરે તેનું સન્માન કરવામાં આવે છે.’

મોદી સરકાર દ્વારા શરૂ કરાયેલ, સંરક્ષણ ક્ષેત્રમાં ‘મેક ઇન ઇન્ડિયા’ અને ‘આત્મનિર્ભર ભારત’ ઝુંબેશોએ સ્વદેશી ડિઝાઇન, વિકાસ અને સંરક્ષણ સાધનોના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ફડણવીસે કહ્યું કે ભારતીય સંરક્ષણ

(જુઓ પાનું ૪) ▶▶

# બે કંપની વચ્ચે જમીન વિવાદમાં સુરક્ષારક્ષકો પર ફાયરિંગ: ૧૯ મહિલા સહિત ૪૧ પકડાયાં

મુંબઈ: બે કંપની વચ્ચે જમીન વિવાદમાં એક કંપનીના સુરક્ષારક્ષકોએ બીજી કંપનીના સુરક્ષારક્ષકો પર ગોળીબાર કર્યો હોવાની ઘટના આગ્રીપાડા વિસ્તારમાં શનિવારે મોડી રાતે બની હતી. પોલીસે આ પ્રકરણે હત્યાનો પ્રયાસ તથા અન્ય કલમો હેઠળ ગુનો દાખલ કરીને ૧૯ મહિલા સુરક્ષારક્ષક સહિત ૪૧ જણની ધરપકડ કરી હતી. પોલીસે શસ્ત્રો, કારતૂસો, ચિલી સ્પ્રે તથા અન્ય મતા જપ્ત કરી હતી. આરોપીઓને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને એક દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

આગ્રીપાડા વિસ્તારમાં ખાનગી કંપનીએ ૨૦૨૫થી પોતાની જગ્યાની સલામતી માટે બે સિક્યુરિટી એજન્સીને રોકી છે. ૨૦૦૫માં કંપનીને નામે સાત રસ્તા ખાતે ઇમારત અને જગ્યા છે, જ્યારે અમુક જગ્યા પર ફાર્માસ્યુટિકલ કંપનીએ કબજો કર્યો છે. આ અંગે કોર્ટમાં ખટલો ચાલતો હતો. કોર્ટે ફાર્માસ્યુટિકલ કંપનીના દાવા રદ કરવા છતાં જગ્યાનો કબજો તેણે છોડ્યો નથી. ઊલટું ત્યાં ગેટ પર તાળું

(જુઓ પાનું ૪) ▶▶

# વેકેશન છતાં રાણીબાગમાં પર્યટકોની સંખ્યામાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાલ સ્કૂલોમાં ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું છે, છતાં ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે વનસ્પતી ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલય (રાણીબાગ) તરફ પર્યટકોએ મો ફેરવું લીધું હોવાનું જણાઈ આવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ નવા પ્રાણીઓને પ્રાણીબાગમાં લાવવામાં આવ્યા નથી, તેથી મુંબઈગરાનો ઉત્સાહ પણ થોડો ઓછો જણાઈ રહ્યો છે. હાલ પ્રાણીબાગમાં કાળિયાર લાવવામાં આવ્યા છે પણ તેને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હોઈ હજી તેમને જોવા માટે થોડા દિવસની રાહ જોવી પડવાની છે.

ભાયખલાના રાણીબાગમાં મોટી સંખ્યામાં મોટી સંખ્યામાં પર્યટકો મુલાકાત લેતા હોય છે, તેમાં પણ શનિવાર-રવિવારની રજા સહિત

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર).
ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**